# આર્હત જીવન જ્યોતિ

## [ છટ્ઠી કિરણાવલી ]

( ૬ )


પ્રયોજક અને સંપાદક

**પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ્. એ.**


ઉત્પાદક

**સ્વ. બાબુ જીવનલાલ પનાલાલ**


પ્રકાશક

**ભગવાનલાલ પનાલાલ**

તથા

**મોહનલાલ પનાલાલ**

ઇ. સ. ૧૯૪૨. વીરસંવત્ ૨૪૬૮. વિ. સં. ૧૯૯૮.

પ્રથમ આવૃત્તિ] મૂલ્ય રૂા ૦-૧૦-૦. [પ્રતિ ૨૦૦૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુદ્રક—રામચંદ્ર યેસૂ શેડગે,
નિર્ણયસાગર મુદ્રણાલય,
૨૬।૨૮ કોલભાટ સ્ટ્રીટ,
મુંબઇ.

પુનર્મુદ્રણ, ભાષાંતર વગેરેને લગતા તમામ હક્ક પોતાને સ્વાધીન રાખી આ પુસ્તક
**ભગવાનલાલ પનાલાલે** તથા **મોહનલાલ પનાલાલે** જીવનવિલા,
મલબાર હિલ, મુંબઇથી પ્રસિદ્ધ કર્યું છે.

પ્રાપ્તિસ્થાન—
**ભગવાનલાલ પનાલાલ,**
નિઝામ બિલ્ડિંગ,
કાલબાદેવી રોડ,
મુંબઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પિતૃ-સ્મૃતિ

અમો કદી પણ વિસરી નહિ શકીએ એવા અનેક ઉપકારો
જેમણે અમારા ઉપર કર્યા છે તે અમારાં સ્વર્ગસ્થ

## પૂજ્ય માતાપિતાના સ્મરણચિહ્ન

તરીકે અમારા સ્વર્ગસ્થ પૂજ્ય વડીલ બંધુ

## બાબુ જીવનલાલ પનાલાલે

# આર્હત જીવન જયોતિ

પ્રસિદ્ધ કરવાની શરૂઆત કરી અને તેની ચાર કિરણાવલીઓ
પ્રસિદ્ધ થઇ એટલામાં એમનો દેહવિલય થયો. એમનું બાકી
રહેલું કાર્ય પૂરું થાય તો સારૂં એમ અમને લાગવાથી તેની
શરૂઆત તરીકે અમે પાંચમી કિરણાવલી પ્રસિદ્ધ કરી
અને આજે છઠ્ઠી બહાર પાડીએ છીએ અને એ
પ્રસંગે અમોને અમારાં સ્વર્ગસ્થ પૂજ્ય
માતાપિતાના તેમજ અમારા વડીલ
બંધુના અનેકવિધ ઉપકારોનું
સ્મરણ થાય છે.

જીવનવિલા, મલબાર હિલ,
મુંબઇ.
મૌન એકાદશી
વિ. સં. ૧૯૯૮.

**ભગવાનલાલ પનાલાલ**
તથા
**મોહનલાલ પનાલાલ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| પિતૃ-સ્મૃતિ | ૩ |
| આમુખ | ૫ |
| અનુક્રમણિકા | ૬-૭ |
| અશુદ્ધિશોધન | ૮ |
| કિરણો | ૧-૭૩ |
| અર્થ-સૂચી | ૭૪ |
| પરિશિષ્ટ | ૭૫-૮૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આમુખ

ગુજરાતી અક્ષરજ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓથી શરૂ કરી ઉત્તરોત્તર ચઢિયાતી કક્ષાના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવી અગ્યાર કિરણાવલીઓ તૈયાર કરી આપવાનું કામ અમારા પૂજ્ય વડીલ બંધુ સ્વ. બાબુ **જીવનલાલ પનાલાલજી**એ પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એમ. એ. મહાશયને સોંપ્યું હતું. આ કિરણાવલીઓ પૈકી પહેલી ચાર કિરણાવલીઓ અમારા વડીલ બંધુએ પ્રસિદ્ધ કરી છે. આજે આ છઠ્ઠી કિરણાવલીના પ્રકાશનસમયે તેઓ હૈયાત નહિ હોવાથી અમને પારાવાર ખેદ થાય છે તેમજ સાથે સાથે એમણે આદરેલું કાર્ય અમે ચાલુ રાખી શક્યા છીએ તે બદલ અમને આનંદ પણ થાય છે.

પહેલી પાંચ કિરણાવલીની જેમ પ્રસ્તુત કિરણાવલી પણ અમોએ યોગ્ય સુધારા-વધારા તથા સૂચના માટે જુદા જુદા સાક્ષરો ઉપર મોકલાવી હતી. જે સાક્ષરોએ અમોને આ કિરણાવલી જોઇ આપી છે એ બધાનો અમે અહીં આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પ્રસિદ્ધ થનાર કિરણાવલીઓમાં પણ પોતાનો સક્રિય સહકાર અમને આપવા અમો તેમને વિનંતિ કરીએ છીએ.

પહેલી ચાર કિરણાવલીઓની જેમ પાંચમી કિરણાવલી પ્રસિદ્ધ થયા બાદ અમોએ તેની નકલો અભિપ્રાય તેમજ સૂચન માટે જુદા જુદા મુનિવરો, વિવિધ પાઠશાળાઓના સંચાલકો તથા અન્ય જૈન તેમજ અજૈન સજ્જનો ઉપર મોકલાવી હતી. આમાંથી જેઓએ અમને પોતાનો અભિપ્રાય મોકલેલો છે તેઓનો અમે અહીં આભાર માનીએ છીએ. સાથે સાથે જે પત્રકારોએ પાંચમી કિરણાવલીની સમાલોચના પોતાના પત્રમાં પ્રસિદ્ધ કરી છે એ પત્રકારોનો પણ અમે અહીં આભાર માનીએ છીએ.

હાલમાં પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી કિરણાવલી અહીંની બાબુ **પનાલાલ પી. જૈન હાઇસ્કૂલ**માં ધાર્મિક અભ્યાસના પાઠ્યપુસ્તક તરીકે શીખવવામાં આવે છે. વળી કેટલીક પાઠશાળાઓમાં પણ આ કિરણાવલીઓને સ્થાન આપવામાં આવ્યું છે અને ઇનામ તરીકે પણ આનો ઉપયોગ કરાય છે.

આ છઠ્ઠી કિરણાવલીમાં ન્યૂનતા જણાય તો તે સૂચવવા તજ્જ્ઞોને અમારી ખાસ વિનંતિ છે જેથી બીજી આવૃત્તિમાં તે તરફ બનતું લક્ષ્ય આપી શકાય.

યોજક મહાશયે **આર્હત જીવન જ્યોતિ**ને ઉદ્દેશીને તૈયાર કરેલી વિસ્તૃત પ્રસ્તાવના, અમારા વડીલ બંધુનું વક્તવ્ય તેમજ અભિપ્રાયો હવે પછી સ્વતંત્ર પુસ્તકરૂપે બહાર પાડવા અમારી ઇચ્છા છે.

જીવનવિલા, મલબાર હિલ,
**મુંબઈ.**
તા. ૨૩-૨-૪૨.

**ભગવાનલાલ પનાલાલ**
તથા
**મોહનલાલ પનાલાલ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| ક્રમાંક | કિરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | મોક્ષનો માર્ગ ... ... ... ... | ૧ |
| ૨ | નિર્જરા ... ... ... ... | ૨ |
| ૩ | વિચિત્ર કથનો ... ... ... ... | ૩ |
| ૪ | મુદ્રાઓ ... ... ... ... ... | ૪-૫ |
| ૫ | લોકનું સ્વરૂપ ... ... ... ... | ૬ |
| ૬ | દસ પ્રાણો ... ... ... ... | ૭ |
| ૭ | જંબૂદ્વીપ ... ... ... ... ... | ૮ |
| ૮ | વીરોને (કવિતા) ... ... ... ... | ૯ |
| ૯ | ધર્મ, અધર્મ ને આકાશ ... ... ... | ૧૦-૧૧ |
| ૧૦ | પાંચ અસ્તિકાયો ... ... ... ... | ૧૨ |
| ૧૧ | અઢી દ્વીપ ... ... ... ... ... | ૧૩-૧૪ |
| ૧૨ | વંદનવ્યવહાર ... ... ... ... | ૧૫-૧૬ |
| ૧૩ | કર્મભૂમિઓ અને અકર્મભૂમિઓ ... ... | ૧૭-૧૮ |
| ૧૪ | જ્ઞાનના પાંચ પ્રકારો ... ... ... | ૧૯-૨૧ |
| ૧૫ | ચ્યવન-કલ્યાણક ... ... ... ... | ૨૨ |
| ૧૬ | દ્વાદશાંગી ભાગ ૧ લો ... ... ... | ૨૩-૨૪ |
| ૧૭ | દ્વાદશાંગી ભાગ ૨ જો ... ... ... | ૨૫-૨૭ |
| ૧૮ | આર્ય અને મ્લેચ્છ ... ... ... ... | ૨૮ |
| ૧૯ | શ્રીભદ્રબાહુસ્વામી ભાગ ૧ લો ... ... | ૨૯-૩૦ |
| ૨૦ | શ્રીભદ્રબાહુસ્વામી ભાગ ૨ જો ... ... | ૩૧ |
| ૨૧ | કાળના વિભાગો ... ... ... ... | ૩૨-૩૩ |
| ૨૨ | પુણ્ય અને પાપના પ્રકારો ... ... ... | ૩૪-૩૫ |
| ૨૩ | ઉપધાન ભાગ ૧ લો ... ... ... | ૩૬-૩૮ |
| ૨૪ | ઉપધાન ભાગ ૨ જો ... ... ... | ૩૯-૪૦ |
| ૨૫ | કર્મની ઉત્તર પ્રકૃતિઓ ભાગ ૧ લો ... ... | ૪૧-૪૨ |
| ૨૬ | કર્મની ઉત્તર પ્રકૃતિઓ ભાગ ૨ જો ... ... | ૪૩-૪૫ |
| ૨૭ | મેરુ પર્વત ... ... ... ... ... | ૪૬-૪૭ |
| ૨૮ | મનુષ્યભવ અને તેની દુર્લભતા ભાગ ૧ લો ... | ૪૮-૪૯ |
| ૨૯ | મનુષ્યભવ અને તેની દુર્લભતા ભાગ ૨ જો ... | ૫૦-૫૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | કિરણ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૩૦ | સ્ત્યાનગૃદ્ધિનાં ઉદાહરણો ... ... ... | ૫૨ |
| ૩૧ | ચાર નિકાયના દેવો ભાગ ૧ લો ... ... | ૫૩-૫૪ |
| ૩૨ | ચાર નિકાયના દેવો ભાગ ૨ જો ... ... | ૫૫-૫૬ |
| ૩૩ | જન્મ-કલ્યાણક ... ... ... ... | ૫૭ |
| ૩૪ | દીક્ષા-કલ્યાણક ... ... ... ... | ૫૮ |
| ૩૫ | સમવસરણ ભાગ ૧ લો ... ... ... | ૫૯-૬૧ |
| ૩૬ | સમવસરણ ભાગ ૨ જો ... ... ... | ૬૨-૬૪ |
| ૩૭ | અંગારમર્દક આચાર્ય... ... ... ... | ૬૫-૬૬ |
| ૩૮ | આઠ પ્રવચનમાતા ... ... ... ... | ૬૭-૬૮ |
| ૩૯ | ઉત્સર્પિણી અને અવસર્પિણી... ... ... | ૬૯-૭૧ |
| ૪૦ | સામાન્યકેવલીઓના પ્રકારો ... ... ... | ૭૨-૭૩ |


## પરિશિષ્ટ


| ક્રમાંક | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | સુગુરુવંદનસૂત્ર ... ... ... ... | ૭૫-૭૭ |
| ૨ | શ્રુતસ્તવ ... ... ... ... ... | ૭૮-૭૯ |
| ૩ | વૈયાવૃત્ત્યકરસૂત્ર ... ... ... ... | ૮૦ |
| ૪ | ભરહેસરની સજ્ઝાય ... ... ... | ૮૧-૮૪ |
| ૫ | 'મન્નહ જિણાણં'ની સજ્ઝાય... ... ... | ૮૫-૮૬ |
| ૬ | નમોઽસ્તુ વર્દ્ધમાનાય ... ... ... | ૮૭ |
| ૭ | વિશાલલોચન યાને પ્રાભાતિક વીરસ્તુતિ ... | ૮૮ |
| ૮ | જીવવિચારની કેટલીક ગાથાઓ ... ... | ૮૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અશુદ્ધિશોધન

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨૦ | ૧૭ | વ્યાક્તિએ | વ્યક્તિએ |
| ૨૧ | ૧૧ | પરિપકવ | પરિપક્વ |
| ૨૮ | ૧૪ | અંતર્દ્વીંપમાં | અંતરદ્વીપમાં |
| ૩૮ | ૧૮ | પહલે | પહેલાં |
| ૬૬ | ૧૩ | જૂદા | જુદા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૧ લું. મોક્ષનો માર્ગ

ધારો કે કોઇ માણુસ જંગલમાં ભૂલો પડ્યો છે. એને પોતાને ઘેર જવું છે. એથી એ માર્ગ બતાવનારને શોધે છે. તેમ કરતાં એને સાચો માર્ગ બતાવનારા મળી આવે છે. તેમની પાસેથી એ માર્ગ જાણ્યા પછી પોતે એ માર્ગે ચાલે છે અને ઘેર પહોંચે છે.

આ પ્રમાણે સંસારરૂપ જંગલમાં ભૂલો પડેલો મનુષ્ય મોક્ષે જઇ શકે તે સારુ પ્રથમ તો એણે મોક્ષે જવાનો માર્ગ જાણવો જોઇએ. એ માટે જેમને આ બાબતનું સાચું જ્ઞાન હોય તેમને એણે શોધી કાઢવા જોઇએ. ત્યાર બાદ તેમણે બતાવેલા માર્ગે એણે ચાલવું જોઇએ. જો એ આ પ્રમાણે કરે તો એ નક્કી મોક્ષે જાય.

જેઓ સદા સાચું જ કહે છે એવાનાં વચનો ઉપર શ્રદ્ધા રાખવી તે 'સમ્યગ્દર્શન' કહેવાય છે. આવી સાચી શ્રદ્ધાથી યુક્ત જ્ઞાન તે 'સમ્યગ્જ્ઞાન' કહેવાય છે, અને એ સમ્યગ્જ્ઞાન પ્રમાણેનું વર્તન તે 'સમ્યક્ચારિત્ર' કહેવાય છે. એ સમ્યક્ચારિત્રથી રાગ અને દ્વેષ ઉપર વિજય મળે છે અને વીતરાગ ભાવ પ્રાપ્ત થાય છે. એનાથી આત્માનો પૂરેપૂરો વિકાસ સધાય છે, અને તેમ થતાં આત્મા તમામ કર્મથી અને સાથે સાથે દેહથી પણ મુક્ત બને છે. કર્મને અંજનની ઉપમા અપાય છે. એથી આ પ્રમાણે મુક્ત બનેલો આત્મા 'નિરંજન' કહેવાય છે. આ એની ઊંચામાં ઊંચી દશા છે. એ દશા 'મોક્ષ' કહેવાય છે. એ મેળવવાનાં સાધનો તરીકે આપણાં શાસ્ત્રમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો નિર્દેશ કરાયેલો છે. આ ત્રણે સાધનો પૂરેપૂરાં પ્રાપ્ત થાય ત્યારે જ મોક્ષ મળી શકે છે; પરંતુ આમાંના એક પણ સાધનમાં થોડે અંશે પણ અપૂર્ણતા હોય ત્યાં સુધી મોક્ષ મળી શકતો નથી.

આપણે આગળ ઉપર જોઇશું તેમ એકંદર ચૌદ ગુણસ્થાનો છે. એમાંના તેરમા ગુણસ્થાનમાં રહેલા આત્માને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પૂરેપૂરાં હોય છે, પણ સમ્યક્ચારિત્રમાં નહિ જેવી અપૂર્ણતા રહી ગયેલી હોય છે. એથી એ ગુણસ્થાનમાં મોક્ષ મળતો નથી; પણ એના પછીના ચૌદમા એટલે કે છેલ્લા ગુણસ્થાનમાં સમ્યક્ચારિત્રની એ નહિ જેવી અપૂર્ણતા પણ દૂર થાય છે અને તેમ થતાં તરત જ મોક્ષ મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૨ જું. નિર્જરા

જીવોના બે પ્રકાર પાડી શકાય છે: (૧) મુક્ત અને (૨) સંસારી. તેમાં મુક્ત જીવો કર્મથી લેપાયેલા નથી, જ્યારે સંસારી જીવોને તો કર્મો વળગેલાં હોય છે. સામાન્ય રીતે આ કર્મોનું ફળ સંસારી જીવ ભોગવી લે એટલે તે કર્મ એનાથી અલગ થઈ જાય છે. વળી કેટલીક વાર તપ કરવાથી કર્મનું ફળ ભોગવવાનો વારો આવે તે પહેલાં જ કર્મને અલગ કરી શકાય છે. આ પ્રમાણે કર્મ સંસારી જીવથી બે પ્રકારે અલગ થઈ શકે છે. આ બંને પ્રકારોને 'નિર્જરા' કહેવામાં આવે છે. એ બંને પ્રકારનાં ખાસ નામો છે. પહેલા પ્રકારની નિર્જરામાં કર્મની નિર્જરા થાઓ એવી ઇચ્છા નહિ હોવાથી એ 'અકામ-નિર્જરા' કહેવાય છે. બીજા પ્રકારની નિર્જરામાં આત્મામાંથી કર્મોને હાંકી કાઢવાની ઇચ્છા રહેલી હોય છે; કેમકે એવી ઇચ્છાથી તો જીવ તપ કરી કર્મોને અલગ કરે છે. આથી આ પ્રકારની નિર્જરા 'સકામ-નિર્જરા' કહેવાય છે.

આ સંબંધમાં આપણે કેરીનું ઉદાહરણ વિચારીશું. ઝાડ ઉપર રહેલી કેરીઓ પાકવાનો વખત થતાં પાકે છે. જો આપણે એને જલદી પકવવી હોય તો એને ઝાડ ઉપરથી તોડીને કંડિયામાં ભરવી જોઇએ અને એની ઉપર તેમ જ નીચે ધાસ મૂકવું જોઇએ.

આ પ્રમાણે કર્મને પણ ખરી પડવાની બે રીત છે: (૧) એનો સમય થતાં એ આત્માથી અલગ થઇ જાય છે, અને (૨) તપ જેવા ઉપાય દ્વારા એનો વખત થયા પૂર્વે પણ એને અલગ કરી શકાય છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૩ જું. વિચિત્ર કથનો

એક વાર શ્રીમહાવીરસ્વામી પાસે શ્રેણિક રાજા, અભયકુમાર, કાલકસૂર નામનો કસાઇ અને બીજા પણ કેટલાક માણસો બેઠા હતા. એવામાં ત્યાં આગળ એક દેવ આવ્યો અને બોલ્યો કે 'મહાવીર! તમે મરો'. રાજાને જોઇને એ બોલ્યો કે 'રાજા! તમે જીવો'. અભયકુમારને ઉદ્દેશીને એ બોલ્યો કે 'અભયકુમાર! તમે જીવો અથવા મરો'. એણે કાલકસૂરને કહ્યું કે 'કાલક! તું તો જીવીશ પણ નહિ અને મરીશ પણ નહિ'.

આ બધું સાંભળીને શ્રેણિક રાજાને ગુસ્સો ચડ્યો અને એથી તેઓ બોલ્યા કે 'હે દેવ! તું કોઇ મહાપાપી અને મિથ્યાત્વી જણાય છે'.

શ્રેણિકનું આ વચન સાંભળતાં શ્રીમહાવીરસ્વામીએ કહ્યું કે 'હે શ્રેણિક નરેશ્વર! આ દેવ મિથ્યાત્વી નથી પણ સમ્યક્ત્વી છે. એ દેવે જે જે કહ્યું તેનો અર્થ તું સમજ્યો નહિ તેથી તું એને મિથ્યાત્વી ગણે છે. મને મરવાનું કહ્યું તેનું કારણ એ છે કે હું મરીશ તો હું મોક્ષે જઇશ અને અનંત સુખનો સ્વામી બનીશ.

એણે તને જીવવાનું કહ્યું, કેમકે તું મરીને નરકે જનાર છે; માટે અહીં જ તને સુખ છે.

એણે અભયકુમારને જીવવાનું તેમ જ મરવાનું એમ બંને કહ્યું એનું કારણ એ છે કે તે જીવશે તો ધર્મ કરશે અને મરશે તો સ્વર્ગે જશે.

એણે કાલકસૂરને મરવાની તેમ જ જીવવાની ના કહી. એનો હેતુ એ છે કે તે જીવશે ત્યાં સુધી દુષ્ટ કર્મ કરશે અને મરશે ત્યારે નરકે જશે'.

આ પ્રમાણે એક દહાડો ગુરુજીએ અમને બધાને વાત કહી. પછી તેમણે અમને કહ્યું કે હે વિદ્યાર્થીઓ! આ ઉપરથી તમને સમજાયું હશે કે આ લોકમાં સારું કાર્ય કરતાં જીવાય કે મરાય એ બંને સુખરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૪ થું. મુદ્રાઓ

ગુરુ—શિષ્યો ! ચાલો, આજે આપણે મુદ્રાઓ વિષે વાત કરીશું.

રમેશ—ગુરુજી ! મુદ્રા એટલે શું ?

ગુરુ—શરીરનાં અવયવોને અમુક આકારે ગોઠવવાં તે સામાન્ય રીતે 'મુદ્રા' કહેવાય છે. રમેશ ! તેં કદી ચૈત્યવંદન કર્યું છે ?

રમેશ—હા, જી. ઘણી વાર.

ગુરુ—ચૈત્યવંદન કરતી વેળા જે વિવિધ સૂત્રો બોલાય છે તેમાં અમુક અમુક સૂત્ર બોલતાં અમુક અમુક મુદ્રાનો ઉપયોગ કરાય છે. જેમકે પ્રણિપાતસૂત્ર, ચૈત્યવંદન અને શક્રસ્તવ કહેતાં યોગમુદ્રા હોય છે. અરિહંતચેઇઆણં અને અન્નત્થસૂત્ર કહેતાં તેમ જ કાયોત્સર્ગ કરતાં જિનમુદ્રા હોય છે; અને પ્રાર્થનાસૂત્ર કહેતી વેળા મુક્તાશુક્તિમુદ્રા હોય છે. આ પ્રમાણે આપણે ચૈત્યવંદન કરવામાં (૧) યોગમુદ્રા, (૨) જિનમુદ્રા અને (૩) મુક્તાશુક્તિમુદ્રા એમ ત્રણ મુદ્રાઓનો ઉપયોગ કરીએ છીએ.

સુરેશ—યોગમુદ્રા તે શું ?




ગુરુ—એક હાથનાં આંગળાંને બીજા હાથનાં આંગળાંમાં ભેરવીને કમળના ડોડાના આકારે હાથ જોડવા અને પેટ ઉપર કોણી રાખવી તે 'યોગમુદ્રા' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરેશ—જેમ આપે યોગમુદ્રા સમજાવી તેમ જિનમુદ્રા સમજાવશો ?

ગુરુ—ઘણી ખુશીથી. સાંભળ. જિનેશ્વર ઊભા રહીને કાયોત્સર્ગ કરે ત્યારે તેઓ બે પગની વચ્ચે, એના આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અંતર રાખે છે અને એના પાછળના ભાગમાં એથી કંઇક ઓછું અંતર રાખે છે. વળી એ વખતે તેઓ જમણો હાથ જમણી જાંઘની પાસે અને ડાબો હાથ ડાબી જાંઘની પાસે લટકતો રાખે છે. વળી તેઓ બંને હાથની હથેલીઓ ચત્તી રાખે છે. આ પ્રમાણે ઊભા રહેવું તે 'જિનમુદ્રા' કહેવાય છે. હવે રમેશ! કઇ મુદ્રા બાકી રહી ?




રમેશ—મુક્તાશુક્તિમુદ્રા.

ગુરુ—એનું સ્વરૂપ તું જાણે છે?

રમેશ—ના, જી.

ગુરુ—તો એ પણ તું સાંભળ. કમળના ડોડાની પેઠે બે હાથ પોલા રાખી તેને કપાળે લગાડવા કે તેનાથી જરા દૂર રાખવા તે 'મુક્તાશુક્તિ-મુદ્રા' કહેવાય છે. મુક્તા એટલે 'મોતી' અને શુક્તિ એટલે 'છીપ'. એના જેવી મુદ્રા તે 'મુક્તાશુક્તિમુદ્રા' કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૫ મું. લોકનું સ્વરૂપ

જૈન દર્શન પ્રમાણે આકાશ અજીવ પદાર્થ છે. એનું માપ થઇ શકે તેમ નથી, કેમકે એ અંત વિનાનું છે. એના બે ભાગો પડાય છે. તેમાંના એક ભાગમાં આકાશ ઉપરાંત જીવ, પુદ્ગલ વગેરે બીજા પદાર્થો પણ વિદ્યમાન છે અને બીજા ભાગમાં તો કેવળ આકાશ છે. પહેલો ભાગ 'લોકાકાશ' અથવા 'લોક' કહેવાય છે, જ્યારે બીજો ભાગ 'અલોકાકાશ' અથવા 'અલોક' કહેવાય છે.

લોકના (૧) અધોલોક, (૨) મધ્યમલોક અને (૩) ઊર્ધ્વલોક એમ ત્રણ ભાગો પડાય છે. મેરુ પર્વતના મધ્ય ભાગની ઉપર આવેલો નવસો યોજન જેટલો ભાગ તેમ જ એ મધ્ય ભાગની નીચે આવેલો નવસો યોજન જેટલો ભાગ 'મધ્યમલોક' કહેવાય છે. આ પ્રમાણે એકંદર ૧૮૦૦ યોજનની ઊંચાઇ-વાળો મધ્યમલોક છે. એનો આકાર ઝાલર જેવો છે. એ મધ્યમલોકમાં આપણે રહીએ છીએ.

મધ્યમલોકની ઉપર આવેલો લોક 'ઊર્ધ્વલોક' છે. એનો આકાર ઊભા મૂકેલા મૃદંગના જેવો છે.

મધ્યમલોકની નીચે આવેલો લોક 'અધોલોક' કહેવાય છે. એનો આકાર ઊંધા કોડિયા જેવો છે.

આ પ્રમાણે આખા લોકનો આકાર ઊંધા કોડિયા ઉપર ઝાલર હોય અને તેના ઉપર ઊભું મૂકેલું મૃદંગ હોય તેના જેવો છે. વળી બીજી રીતે પણ આખા લોકનો આકાર દર્શાવાય છે. જેમકે એક ઊંધા કોડિયા ઉપર એક ચત્તું કોડિયું અને એના એક ઉપર ઊંધું કોડિયું મૂક્યું હોય તેના જેવો છે; અથવા તો કેડે હાથ દઇને પહોળા પગ રાખીને ઊભા રહેલા મનુષ્ય જેવો છે.

જૈન શાસ્ત્રમાં ૩,૮૧,૨૧,૯૧૦ મણના વજનને 'ભાર' કહેવામાં આવ્યો છે. કોઇ દેવ આવા એક હજાર ભારના લોઢાના ગોળાને નીચે નાખે તો એ ગોળો છ મહિના, છ દિવસ, છ પહોર અને છ ઘડી જેટલા વખતમાં જેટલો નીચે જાય તેટલું માપ 'રજ્જુ' કહેવાય છે. સંપૂર્ણ લોક ચૌદ રજ્જુ જેટલા ઊંચો છે. વળી ઊર્ધ્વલોક તેમ જ અધોલોક એ પ્રત્યેકની લંબાઇ તો લગભગ સાત સાત રજ્જુની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ છઠ્ઠું. દસ પ્રાણો

સામાન્ય રીતે પ્રાણનો અર્થ 'ઉચ્છ્વાસનિઃશ્વાસ' કરાય છે. જૈન શાસ્ત્રમા કેવળ આ ઉચ્છ્વાસનિઃશ્વાસને માટે 'પ્રાણ' શબ્દ વપરાયેલો નથી, પરંતુ સ્પર્શન વગેરે પાંચે ઇન્દ્રિયોને માટે, મનોબળ, વચનબળ અને કાયબળ એમ ત્રણ પ્રકારનાં બળ માટે તેમ જ આયુષ્ય માટે પણ એ શબ્દ વપરાયેલો છે. આ પ્રમાણે જૈન શાસ્ત્રમાં દસ પ્રાણો ગણાવાયા છે. એ પૈકી પાંચ ઇન્દ્રિયરૂપ પાંચ પ્રાણોનું સ્વરૂપ આપણે ત્રીજી કિરણાવલીમાં વિચારી ગયા છીએ એટલે આપણે અહીં બાકીનાં પાંચ પ્રાણોનો વિચાર કરીશું.

જે શક્તિની મદદથી વિચાર કરી શકાય તે 'મનોબળ' કહેવાય છે. જે જીવોને આ બળ હોય તેઓ 'સંજ્ઞી' કહેવાય છે; અને જેમને એ ન હોય તેઓ 'અસંજ્ઞી' કહેવાય છે.

જેની મદદથી મુખ દ્વારા અવાજ કરી શકાય–બોલી શકાય તે 'વચનબળ' કહેવાય છે.

જેની મદદથી બેસવું, ઊઠવું, ચાલવું, ઊભા રહેવું, લેવું, મૂકવું વગેરે ક્રિયાઓ કરી શકાય તે 'કાયબળ' કહેવાય છે.

જે શક્તિ વડે વાયુને શરીરમાં દાખલ કરાય અને તેને એ શરીરમાંથી બહાર કાઢી શકાય તે 'ઉચ્છ્વાસનિઃશ્વાસ' કહેવાય છે.

જેને લીધે સંસારી જીવ પોતાના શરીરની સાથે અમુક વખત સુધી એક ભવમાં બંધાયેલો રહે તે 'આયુષ્ય' કહેવાય છે.

દરેક સંસારી જીવને ઓછામાં ઓછા ચાર પ્રાણો હોય છેઃ (૧) ઉચ્છ્વાસનિઃશ્વાસ, (૨) આયુષ્ય, (૩) સ્પર્શન-ઇન્દ્રિય અને (૪) કાયબળ. એકેન્દ્રિયને આ ચાર જ પ્રાણ હોય છે. દ્વીન્દ્રિયને આ ઉપરાંત રસન-ઇન્દ્રિય અને વચનબળ એમ બે વધારે પ્રાણો હોય છે એટલે કે એને એકંદર છ પ્રાણો હોય છે. ત્રીન્દ્રિયને આ ઉપરાંત ઘ્રાણ-ઇન્દ્રિય હોવાથી કુલ સાત પ્રાણો હોય છે. ચતુરિન્દ્રિયને નેત્ર-ઇન્દ્રિય હોવાથી તેના પ્રાણોની સંખ્યા આઠની છે. પંચેન્દ્રિયોને શ્રોત્ર-ઇન્દ્રિય હોય છે. વળી એમાંના કેટલાકને મનોબળ પણ સંભવે છે. જે પંચેન્દ્રિયને મનોબળ ન હોય તેને નવ પ્રાણ હોય છે; અને જેને મનોબળ હોય છે તેને દસ પ્રાણ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૭ મું. જંબૂદ્વીપ

આપણે શીખી ગયા કે લોકના ત્રણ વિભાગ પડે છે. તેમાંનો એક વિભાગ 'મધ્યમલોક' કહેવાય છે. એમાં અસંખ્ય દ્વીપો અને સમુદ્રો આવેલા છે. આપણે જે દ્વીપમાં વસીએ છીએ તેનું નામ 'જંબૂદ્વીપ' છે.

આ જંબૂદ્વીપ બધા સમુદ્રો અને દ્વીપોની વચમાં આવેલો છે. એની આસપાસ લવણ સમુદ્ર વીંટળાઇને રહેલો છે.

જંબૂદ્વીપનો આકાર થાળી જેવો છે. બીજા બધા દ્વીપોનો અને સમુદ્રોનો આકાર તો બંગડી જેવો છે. જંબૂદ્વીપનો વિષ્કંભ લાખ યોજનનો છે. આની વચ્ચોવચ્ચ મેરુ પર્વત આવેલો છે. આ દ્વીપના મુખ્ય સાત વિભાગો છે. એ દરેક વિભાગને ક્ષેત્ર, વંશ, વર્ષ કે વાસ્ય કહેવામાં આવે છે. આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ તે 'ભરતક્ષેત્ર' કહેવાય છે. બાકીનાં છ ક્ષેત્રોનાં નામ હૈમવત, હરિ, વિદેહ, રમ્યક, હિરણ્યવત અને ઐરાવત છે. એ છ યે ક્ષેત્રો ભરત-ક્ષેત્રની તેમ જ એક બીજાની ઉત્તરે આવેલાં છે. જેમકે ભરતની ઉત્તરે હૈમવત, હૈમવતની ઉત્તરે હરિ, હરિની ઉત્તરે વિદેહ, વિદેહની ઉત્તરે રમ્યક, રમ્યકની ઉત્તરે હિરણ્યવત અને હિરણ્યવતની ઉત્તરે ઐરાવત છે.

આ સાત ક્ષેત્રોને યાને વર્ષોને એક બીજાથી જુદા પાડવામાં છ પર્વતો કારણરૂપ છે. એથી એ દરેક પર્વત 'વર્ષધર' કહેવાય છે. એ દરેક વર્ષધર પૂર્વથી પશ્ચિમ લાંબો છે.

છ વર્ષધરનાં નામ નીચે મુજબ છેઃ—

હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલ, રુક્મિ અને શિખરી.

આ પૈકી હિમવાન્ પર્વત ભરત અને હૈમવત ક્ષેત્રોને, મહાહિમવાન્ હૈમવતને અને હરિને, નિષધ હરિને અને વિદેહને, નીલ વિદેહને અને રમ્યકને, રુક્મિ રમ્યકને અને હિરણ્યવતને, તથા શિખરી હિરણ્યવતને અને ઐરાવતને જુદા પાડે છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૮ મું. વીરોને

વીરો ! સત્ય ધર્મના છો રાગી તમો,
કરો સત્ય વિચાર નિજ ધર્મ તણો.
ધર્મનામે યજ્ઞહિંસા મહાલતી'તી દેશમાં,
બંધ થઇ વાણી સુણી વીરની એ સહેજમાં.
ભૂલી જશો શું વીરનો ઉપકાર તમો?—વીરો૦ ૧

શિષ્ય તેનો હું બનું જીતે મને જે વાદમાં,
ટેક એવી પાળવા ગૌતમ નમ્યા જિનપાદમાં.
વીરો ! વિસરો નહિ એવી ટેકને તમો.—વીરો૦ ૨

સંસારમાં નહિ સાર કંઇ સમજી ગુરુઉપદેશથી,
શૈશવે દીક્ષા ગ્રહી અતિમુક્ત બનતા કેવળી.
જુઓ જુઓ ગુરુનો પ્રતાપ તમો.—વીરો૦ ૩

દ્વેષી બનો અધર્મના પણ અધર્મીના દ્વેષી નહિ,
બૂરું નહિ ચિંતવો ભલે તીર્થઘાતક કાં નહિ.
સમજો સમજો એ નીતિની રીતિ તમો.—વીરો૦ ૪

સ્મૃતિ રાખો ધર્મ કરતાં દ્રવ્યક્ષેત્રાદિકની,
એકાંતમય આજ્ઞા નહિ સત્યહીરરસિકની.
જાણો જાણો સ્યાદ્વાદનું હાર્દ તમો.—વીરો૦ ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૯ મું. ધર્મ, અધર્મ ને આકાશ

ગુરુ—જયન્ત! અજીવ પદાર્થ કોને કહેવાય?

જયન્ત—જે પદાર્થમાં જીવ ન હોય તે 'અજીવ' કહેવાય.

ગુરુ—જીવનું શું લક્ષણ છે?

જયન્ત—જેને થોડુંઘણું પણ ભાન હોય તે 'જીવ' કહેવાય.

ગુરુ—ખરી વાત; પણ આપણે 'ભાન' શબ્દ ન વાપરતાં એને બદલે 'ચેતના' અથવા તો 'ઉપયોગ' શબ્દ વાપરીએ છીએ. એથી જે પદાર્થ ચેતનાવાળો એટલે કે ઉપયોગવાળો હોય તે 'જીવ' કહેવાય છે, જ્યારે જેનામાં ચેતના નથી એટલે કે ઉપયોગ નથી એવા પદાર્થો 'અજીવ' કહેવાય છે. અજીવના પાંચ પ્રકારો પડે છે. વસન્ત! તું એ ગણાવીશ?

વસન્ત—હા, જી.

ગુરુ—ગણાવ ત્યારે.

વસન્ત—(૧) પુદ્‌ગલ, (૨) ધર્માસ્તિકાય, (૩) અધર્માસ્તિકાય, (૪) આકાશ અને (૫) કાળ.

ગુરુ—ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને બદલે ધર્મ અને અધર્મ શબ્દ પણ વપરાય છે અને આપણે પણ એ વાપરીશું; પણ વિદ્યાર્થીઓ! તમે એનો અર્થ અહીં પુણ્ય કે પાપ કરતા નહિ.

ચન્દ્રકાન્ત—ગુરુજી! તો એનું શું સ્વરૂપ છે?

ગુરુ—હાલવું, ચાલવું, પડવું, ઊઠવું વગેરે અનેક જાતની ક્રિયાઓ ગતિરૂપ ગણાય છે. એ ગતિરૂપ ક્રિયામાંથી કોઇ પણ પ્રકારની ક્રિયા કરતા જીવોને તેમ જ પુદ્‌ગલોને તે ક્રિયામાં મદદ કરનાર પદાર્થ 'ધર્મ' કહેવાય છે. એ પ્રમાણે સ્થિતિ કરતા જીવોને તેમ જ પુદ્‌ગલોને સ્થિતિ કરવામાં મદદ કરનાર પદાર્થ 'અધર્મ' કહેવાય છે.

વસન્ત—ગુરુજી! કૃપા કરીને આ વાત વિસ્તારથી સમજાવશો.

ગુરુ—પાણીમાં ફરતાં માછલાંઓને આમ તેમ ફરવામાં જેમ પાણી મદદ કરે છે તેમ સ્વતંત્ર રીતે હાલતા ચાલતા જીવોને અને પુદ્‌ગલોને ગતિ કરવામાં ધર્મ મદદ કરે છે. વળી જેમ કોઇ મુસાફર થાકી ગયો હોય તો તેને આરામ લેવામાં ઝાડ સહાયક થઇ પડે છે તેમ સ્થિતિ કરતા જીવોને અને પુદ્‌ગલોને સ્થિતિ કરવામાં અધર્મ સહાયક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપરથી ગતિશીલ પદાર્થોની ગતિમાં નિમિત્ત થનારો પદાર્થ તે 'ધર્મ' છે અને સ્થિતિશીલ પદાર્થોની સ્થિતિમાં નિમિત્ત થનારો પદાર્થ તે 'અધર્મ' છે એ હવે તમને સમજાયું હશે. તમે એ ખાસ યાદ રાખજો કે જીવ અને પુદ્ગલની ગતિમાં તેમ જ એ બંનેની સ્થિતિમાં ઉપાદાનકારણ તો તે જીવ અને પુદ્ગલ પોતે જ છે.

ચન્દ્રકાન્ત—ગુરુજી! આ બરાબર સમજાયું નહિ.

ગુરુ—ધર્મ મારીમચડીને કોઇ જીવને કે પુદ્ગલને ગતિ કરવા પ્રેરનારો પદાર્થ નથી. એ પ્રમાણે અધર્મ પણ જબરજસ્તીથી કોઇ જીવને કે પુદ્ગલને સ્થિતિ કરવાની ફરજ પાડતો નથી.

ચન્દ્રકાન્ત—હવે સમજાયું.

ગુરુ—વારુ, ત્યારે આગળ સાંભળો. આ ધર્મ અને અધર્મ નામના પદાર્થો જીવો અને પુદ્ગલોની પેઠે ઘણા નથી, પણ એકેક જ છે. વળી એ બંને પદાર્થો આકાશની પેઠે અરૂપી છે, એથી એ ચર્મચક્ષુથી જોઇ શકાતા નથી.

રજનીકાન્ત—ગુરુજી! ધર્મ અને અધર્મ વિષે હવે કંઇ કહેવાનું ન હોય તો હવે આકાશ શા કામમાં આવે છે તે કહેશો.

ગુરુ—આકાશનું કામ બધા પદાર્થોને અવકાશ આપવાનું છે. અવકાશ કહો કે અવગાહ કહો તે એક જ છે. એનો અર્થ 'જગ્યા' થાય છે. જીવો, પુદ્ગલો તેમ જ ધર્મ અને અધર્મ એ બધા પદાર્થોને આકાશ પોતાનામાં સ્થાન આપે છે. આથી અવગાહ આપવો એ આકાશનું લક્ષણ મનાય છે. આકાશના બધા ભાગમાં ધર્મ અને અધર્મ નામના પદાર્થો નથી; ફક્ત લોકાકાશમાં જ એ બે પદાર્થો છે. જીવો અને પુદ્ગલો પણ લોકાકાશમાં જ છે. અલોકાકાશમાં તો આકાશ સિવાય અન્ય કોઇ પદાર્થ જ નથી; એથી અન્ય પદાર્થોને અવગાહ આપવાનું કાર્ય લોકાકાશ જ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૧૦ મું. પાંચ અસ્તિકાયો

દરેક પદાર્થના વિભાગો ન પડી શકે, છતાં એ કલ્પી તો શકાય. કોઇ પણ પદાર્થનો નાનામાં નાનો વિભાગ કયો છે એ સંબંધમાં આપણા જેવા અપૂર્ણજ્ઞાનીઓમાં મતભેદ હોઇ શકે, પણ સર્વજ્ઞની દૃષ્ટિએ તો નાનામાં નાનો વિભાગ એક જ હોઇ શકે. એનાથી બીજો કોઇ નાનો વિભાગ હોઇ જ ન શકે. આવા વિભાગને આપણે 'અવિભાજ્ય વિભાગ' કે 'નિરંશ અંશ' કહીએ છીએ. જ્યાં સુધી આવો અંશ મૂળ વસ્તુ સાથે જોડાયેલો હોય ત્યાં સુધી તે 'પ્રદેશ' કહેવાય છે, પરંતુ મૂળ વસ્તુથી અલગ થતાં એ 'પરમાણુ' કહેવાય છે. પુદ્‌ગલ સિવાયના કોઇ પણ પદાર્થનો પ્રદેશ તે પદાર્થથી કોઇ પણ રીતે જુદો પડી શકતો નથી. આથી કેવળ પુદ્‌ગલને જ પ્રદેશ અને પરમાણુ એમ બંને હોય છે; બાકી બીજા બધા પદાર્થોને તો પ્રદેશ જ હોય છે. આપણે અહીં એ પણ સમજી લઇએ કે પ્રદેશ અને પરમાણુનું માપ તો સરખું જ છે; કેમકે એ બે નામો એક જ વસ્તુની જુદી જુદી અવસ્થાને લઇને જ પાડવામાં આવ્યાં છે.

જૈન શાસ્ત્ર પ્રમાણે દરેક જીવના પ્રદેશોની સંખ્યા અસંખ્યાત છે. વળી ધર્મ અને અધર્મ એ બંને પદાર્થના પ્રદેશોની સંખ્યા પણ અસંખ્યાત છે. આકાશના પ્રદેશોની સંખ્યા તો અનંત છે. પુદ્‌ગલો અનેક જાતના છે: કોઇ નાના તો કોઇ મોટા. એથી એના પ્રદેશોની સંખ્યા જુદી જુદી દર્શાવાય છે. જેમકે કોઇ પુદ્‌ગલના પ્રદેશોની સંખ્યા સંખ્યાત, કોઇકની અસંખ્યાત તો કોઇકની અનંત પણ છે.

શ્વેતાંબરો કાળને પદાર્થ જ ગણુતા નથી. દિગંબરો એને પદાર્થ તરીકે તો માને છે, પરંતુ એને કેવળ એક પ્રદેશરૂપ ગણે છે.

અસ્તિકાય એ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે. એમાંના 'અસ્તિ' શબ્દનો અર્થ 'પ્રદેશ' છે અને કાયનો અર્થ 'સમૂહ' છે. જે પદાર્થ પ્રદેશોના સમૂહરૂપ હોય તે 'અસ્તિકાય' કહેવાય છે. કાળ એ પ્રદેશોના સમૂહરૂપ નથી, એથી એની અસ્તિકાય તરીકે ગણુના કરાતી નથી. આ ઉપરથી સમજાશે કે જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ જ અસ્તિકાયો છે. આમ હોવાથી આ દરેક પદાર્થનું નામ એ નામની સાથે 'અસ્તિકાય' શબ્દ જોડીને પણ બોલાય છે. જેમકે જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય. વળી જીવ વગેરે પાંચે પદાર્થોનો વ્યવહાર 'અસ્તિકાય' શબ્દ લગાડ્યા વગર પણ કરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૧૧ મું. અઢી દ્વીપ

આપણે જોઇ ગયા તેમ જંબૂ દ્વીપની આસપાસ લવણ સમુદ્ર આવેલો છે. જો આપણે જંબૂ દ્વીપને ઘંટીના પડની ઉપમા આપીએ તો એ લવણ સમુદ્રને એના થાળાની ઉપમા આપી શકાય. લવણ સમુદ્રની આસપાસ દ્વીપ, એ દ્વીપની આસપાસ સમુદ્ર એ ક્રમ પ્રમાણે અનેક દ્વીપો અને સમુદ્રો મધ્યમલોકમાં આવેલા છે. એ દરેકનો વિષ્કંભ એક બીજાથી બમણો છે. જેમકે જંબૂ દ્વીપની આસપાસ બે લાખ યોજનના વિષ્કંભવાળો લવણ સમુદ્ર છે. એની આસપાસ ચાર લાખ યોજનના વિષ્કંભવાળો ધાતકી ખંડ આવેલો છે. એના પછી કાલોદધિ, પુષ્કર દ્વીપ, પુષ્કરોદ સમુદ્ર, વરુણવર દ્વીપ, વરુણોદ સમુદ્ર, ક્ષીરવર દ્વીપ, ક્ષીરોદ સમુદ્ર, ઘૃતવર દ્વીપ, ઘૃતોદ સમુદ્ર, ઇક્ષુવર દ્વીપ, ઇક્ષુવરોદ સમુદ્ર, નન્દીશ્વર દ્વીપ, નન્દીશ્વરોદ સમુદ્ર, અરુણવર દ્વીપ, અરુણવરોદ સમુદ્ર એમ અસંખ્ય દ્વીપો અને સમુદ્રો છે. છેવટના દ્વીપનું નામ સ્વયંભૂરમણ છે, અને એ દ્વીપ સ્વયંભૂરમણ સમુદ્રથી વીંટળાયેલો છે. એ સમુદ્રની પછી કોઇ દ્વીપ કે સમુદ્ર નથી. એ સૌથી મોટામાં મોટો સમુદ્ર છે. એના સામસામા કિનારાનું અંતર એક રજ્જુ જેટલું છે.

પુષ્કર દ્વીપની વચ્ચોવચ્ચ વલયના આકારવાળો માનુષોત્તર પર્વત આવેલો છે. આથી એ દ્વીપના બે વિભાગ પડે છે. તેમાં આપણી તરફના પુષ્કરાર્ધ દ્વીપ પર્યંત તો મનુષ્યો હોય જ છે. એની બહારના ભાગમાં કોઇ મનુષ્ય જન્મ લેતો નથી કે મરતો નથી; પણ ત્યાં કોઇ વાર કોઇ મનુષ્યને કોઇ દેવ વગેરે ઉપાડી લાવ્યા હોય તો તે ત્યાં હોય, પણ એનું મરણ તો ત્યાં ન જ થાય.

જંબૂ દ્વીપ, ધાતકી ખંડ અને આપણી તરફનો અડધો પુષ્કર દ્વીપ એ અઢી દ્વીપ તેમ જ લવણ અને કાલોદધિ સમુદ્ર એટલો ભાગ 'મનુષ્યલોક' કહેવાય છે.

ધાતકી ખંડમાં તેમ જ પુષ્કરાર્ધ દ્વીપમાં પણ જંબૂ દ્વીપથી બમણી સંખ્યામાં મેરુ, વર્ષો અને વર્ષધરો છે, પણ તેનાં નામો એકસરખાં જ છે.

દક્ષિણ દિશાથી ઉત્તર દિશામાં પથરાયેલા અને બાણના જેવા આકારવાળા બે પર્વતો વડે ધાતકી ખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એવા બે વિભાગો પડે છે. આ દરેક વિભાગમાં એક એક મેરુ, ભરત વગેરે સાત સાત વર્ષો અને હિમવાન્ વગેરે ૭ ૭ વર્ષધરો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં રહેલા અને એક બાજુથી કાલોદધિને સ્પર્શતા અને બીજી બાજુથી લવણ સમુદ્રને સ્પર્શતા એવા છ છ વર્ષધરોને જો પૈડાની નાભિમાં રહેલા આરાની સાથે સરખાવાય તો એ વર્ષધરોથી જુદાં પડેલાં સાત સાત ક્ષેત્રોને આરાની વચમાં રહેલા અંતરની સાથે સરખાવી શકાય.

પુષ્કરાર્ધ દ્વીપમાંના મેરુ, વર્ષ અને વર્ષધરની સંખ્યા ધાતકી દ્વીપના જેટલી જ છે, કેમકે જંબૂ દ્વીપ પછીના દરેક દ્વીપમાં મેરુ વગેરેની સંખ્યા એની પહેલાના દ્વીપના કરતાં બમણી હોવાનું શાસ્ત્રકારો કહે છે.

આ પ્રમાણે અઢી દ્વીપમાં એકંદર ૫ મેરુ, ૩૫ વર્ષો અને ૩૦ વર્ષધરો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૧૨ મું. વંદનવ્યવહાર

આ દુનિયામાં એક બીજાને મળવામૂકવાના અનેક પ્રસંગો આવે છે. આવે વખતે જુદા જુદા માણસો જુદી જુદી રીતે વ્યવહાર કરતા જોવાય છે.

જો બે અંગ્રેજો મળે છે તો તેઓ ઘણુંખરું સમયનો ઉલ્લેખ કરી એક બીજાનું ભલું ઇચ્છે છે. જેમકે તેઓ Good morning, Good noon, Good afternoon, Good evening અને Good night એમ બોલે છે. એમાં Good morning નો અર્થ 'સુપ્રભાત' એવો થાય છે. એ પ્રમાણે બીજા બધાનો અર્થ વિચારી શકાય. જો બે અંગ્રેજો લાંબા વખત સારુ એક બીજાથી છૂટા પડતા હોય તો તેઓ Good bye એટલે કે છેલ્લી સલામ એમ કહે છે.

જો બે મુસ્લિમો ભેગા મળે છે તો તેમાંનો એક અન્યને સલામ કરીને કે એમને એમ 'સલામ અલે કુમ' કહે છે એટલે એ બીજો પહેલાને 'અલે કુમ સલામ' કહે છે. 'સલામ'નો અર્થ 'શાંતિ' છે. આથી સલામ અલે કુમનો અર્થ 'શાંતિ તમને હો' એવો થાય છે, જ્યારે 'અલે કુમ સલામ'નો અર્થ 'તમને શાંતિ હો' એવો થાય છે, એટલે કે આ બંનેનો અર્થ એક જ છે. ફક્ત બોલવાની રીતો જુદી છે.

સ્વામીનારાયણ પંથના માણસો પરસ્પર મળે છે ત્યારે 'નમો નારાયણાય' અને 'નારાયણાય નમઃ' એમ તેઓ એક બીજાને કહે છે.

જો બે વૈષ્ણવો મળે છે તો તેઓ પરસ્પર 'જય શ્રીકૃષ્ણ' કહે છે. એનો અર્થ 'હે કૃષ્ણ! તમે જયવંતા વર્તો' એવો થાય છે.

ગમે તે સંપ્રદાયના બે હિંદુઓ મળતાં કે એક બીજાથી છૂટા પડતાં કેટલીક વાર તેઓ પરસ્પર 'જય જય' બોલે છે. 'જય જય'નો અર્થ 'તું વિજય પામ, તું વિજય પામ' એવો થાય છે. આ પ્રમાણે એક બીજાની જીત થાઓ એવી ઇચ્છા દર્શાવાય છે. આથી આને 'જયજયકાર' પણ કહેવામાં આવે છે.

જો બે જૈનો મળે છે તો તેઓ એક બીજાને જુહાર કરે છે. એનો અર્થ 'વંદના' કરાય છે

આપણાથી કોઇ મોટું મળે ત્યારે કે તેમનાથી છૂટા પડવાનું થાય ત્યારે સામાન્ય રીતે આપણે હાથ જોડીએ છીએ તો પછી કોઇ મુનિરાજનાં દર્શન થતાં આપણે હાથ જોડીએ તે સ્વાભાવિક છે. મુનિવરનાં દર્શન થતાં તેમને માથું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમાવી હાથ જોડવા તે 'ફેંટાવંદન' કહેવાય છે. એ વખતે કેટલાક 'મત્થએણ વંદામિ' એમ બોલે છે. એ સમયે મુનિવર 'ધર્મલાભ' એમ કહી ઉત્તમ આશીર્વાદ આપે છે. રસ્તામાં કોઇ મુનિવર મળે ત્યારે ફેંટાવંદનથી ચલાવી લેવાય છે, પણ જો તેઓ ઉપાશ્રયમાં કે એવા કોઇ સ્થળમાં મળે તો તેમને બે ખમાસમણાં દઇને વંદન કરાય છે. આ પ્રમાણે પ્રણિપાતસૂત્ર બોલીને કરાતું વંદન 'થોભવંદન' કહેવાય છે. એ થોભવંદન પંચાંગ પ્રણામ છે; કેમકે એ પ્રણામ કરતી વેળા બે ઘૂંટણ, બે કોણી અને કપાળ જમીનને અડકાડાય છે. કેટલાક અજૈનો આને બદલે તેમના પૂજ્ય જનોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. સાષ્ટાંગનો અર્થ 'માથું, આંખ, હાથ, છાતી, પગ, જાંઘ, મન અને વાણી એ આઠે અંગ સહિત' એવો થાય છે.

પ્રતિક્રમણ કરતી વેળાએ સુગુરુવંદનસૂત્ર બોલીને જે બે વાર વંદન કરાય છે યાને 'વાંદણાં' દેવાય છે તેને 'દ્વાદશાવર્ત વંદન' કહેવામાં આવે છે, કેમકે એ વંદનમાં બાર આવર્ત આવે છે. ગુરુના ચરણકમળને પોતાના હાથનાં તળિયાં લગાડી તે પોતાના કપાળે લગાડવાં તે 'આવર્ત' કહેવાય છે. **अहो, कायं** અને **कायं** એ ત્રણ તેમ જ **जत्ता मे, जवणिज्जं** અને **च मे** એ ત્રણ એમ એક વખતના વંદનમાં છ આવર્ત આવે છે એટલે બે વખતના વંદનમાં બાર આવર્ત થાય છે. એ બાર આવર્તના સમૂહને 'દ્વાદશાવર્ત' કહેવામાં આવે છે.

જેમ રાત્રે સુઇ જવા માટે છૂટા પડનાર અંગ્રેજો Good night કહે છે તેમ સાયંકાળ પછી મુનિવરનાં દર્શન કરી તેમનાથી છૂટા પડતી વેળા જૈનો 'ત્રિકાળવંદના' એમ બોલે છે.

આ દુનિયામાં જેમ એકબીજાને જાતે મળવાનું થાય છે તેમ કેટલીક વાર તેમ ન થતાં પત્ર લખવાના પ્રસંગો આવે છે. આવે સમયે વૈષ્ણવો પત્રમાં ભગવત્સ્મરણ વાંચશોજી, જય શ્રીકૃષ્ણ વાંચશોજી ઇત્યાદિ લખે છે. આપણે જૈનો પરસ્પર જય જિનેન્દ્ર વાંચશોજી કે જુહાર વાંચશોજી એમ લખીએ છીએ. જો કોઇ મુનિરાજ ઉપર પત્ર લખવાનો હોય છે તો તેમને વંદના એટલે કે વંદન લખાય છે. મુનિરાજો પરસ્પર લખે ત્યારે દીક્ષાપર્યાયથી નાના મુનિરાજો મોટાને વંદના લખે છે અને મોટા નાનાને અનુવંદના લખે છે. મુનિરાજ ગૃહસ્થને પત્ર લખે તો તેઓ ધર્મલાભ લખે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૧૩ મું. કર્મભૂમિઓ અને અકર્મભૂમિઓ

મોક્ષના માર્ગના જાણનારા, એ માર્ગની પ્રરૂપણા કરનારા તેમ જ તેનો ઉપદેશ આપનારા તીર્થંકર ભગવાનો જે ભૂમિમાં જન્મે છે તે ભૂમિ 'કર્મભૂમિ' કહેવાય છે. એ સિવાયની બધી ભૂમિ 'અકર્મભૂમિ' કહેવાય છે. મનુષ્યલોકમાં આવેલા પાંચે ભરતો, પાંચે ઐરાવતો તેમ જ પાંચે મહાવિદેહો એમ એકંદર પંદર કર્મભૂમિઓ છે. આ પ્રમાણે જોકે દરેક મહાવિદેહનો કર્મભૂમિ તરીકે ઉલ્લેખ કરાય છે, છતાં એના દેવકુરુ અને ઉત્તરકુરુ નામના બબ્બે વિભાગો અકર્મભૂમિ ગણાય છે; કેમકે ત્યાં યુગલિકધર્મ હોવાને લીધે ચારિત્રને માટે કોઇ દિવસ અવકાશ જ નથી અને એથી એ ક્ષેત્રો તીર્થંકરની જન્મભૂમિ બની શકતાં નથી. આ પ્રમાણે પાંચ મહાવિદેહમાં કુલ્લે દસ અકર્મભૂમિઓ છે. આ દસ અકર્મભૂમિઓ ઉપરાંત પાંચે હૈમવત, પાંચે હરિ, પાંચે રમ્યક, અને પાંચે હૈરણ્યવત એ વીસ ક્ષેત્રો પણ અકર્મભૂમિઓ છે. આ પ્રમાણે અકર્મભૂમિઓની સંખ્યા ત્રીસની થાય છે. વળી ૫૬ અંતરદ્વીપોને પણ અકર્મભૂમિ ગણવામાં આવે છે.

તીર્થંકરો ઉપરાંત ચક્રવર્તી, અર્ધચક્રવર્તી, બળરામ અને પ્રતિવાસુદેવનો પણ જન્મ કર્મભૂમિમાં જ થાય છે.

દરેક મહાવિદેહમાંથી દેવકુરુ અને ઉત્તરકુરુ જેટલો ભાગ બાદ કરતાં જેટલો પ્રદેશ રહે છે તેના ૩૨ ભાગો પાડવામાં આવ્યા છે. એ દરેક ભાગને 'વિજય' કહેવામાં આવે છે.

પાંચે ભરતોમાંથી ગમે તે એક સંપૂર્ણ ભરતનો રાજા, પાંચે ઐરાવતોમાંથી ગમે તે એક સંપૂર્ણ ઐરાવતનો રાજા કે પ્રત્યેક મહાવિદેહના ૩૨ વિજયો પૈકી ગમે તે એક વિજયનો રાજા 'ચક્રવર્તી' કહેવાય છે.

અર્ધચક્રવર્તી આનાથી અડધી પૃથ્વીનો સ્વામી છે. દાખલા તરીકે ચક્રવર્તીની સત્તા આખા ભરત ઉપર એટલે કે એના છ યે ખંડ ઉપર હોય છે, જ્યારે અર્ધચક્રવર્તીની સત્તા ત્રણ ખંડ ઉપર હોય છે. અર્ધચક્રવર્તીનું બીજું નામ 'વાસુદેવ' છે. એમના મોટા ભાઇને 'બળરામ' કહેવામાં આવે છે. વાસુદેવના પ્રતિસ્પર્ધી એટલે કે એમનો સામનો કરનારા પુરુષ 'પ્રતિવાસુદેવ' કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક ભરતમાં તેમ જ પ્રત્યેક ઐરાવતમાં અડધા કાલચક્રમાં એકંદર ૨૪ તીર્થંકરો અને ૧૨ ચક્રવર્તીઓ તેમ જ ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળરામ એમ એકંદર ૬૩ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થાય છે. આ બધા શલાકાપુરુષ' કહેવાય છે.

અકર્મભૂમિઓમાં કૃષિ, મસિ અને અસિનો વ્યવહાર હોતો નથી. આથી એને કેટલાક 'ભોગભૂમિ' પણ કહે છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૧૪ મું. જ્ઞાનના પાંચ પ્રકારો

કોઇ પણ ચીજ વિષે પૂરેપૂરું જ્ઞાન મેળવવું હોય તો તે શું છે અને શું નથી, તે કઇ કઇ વસ્તુ સાથે કઇ કઇ બાબતમાં મળતી આવે છે અને કઇ કઇ વસ્તુથી કઇ કઇ બાબતમાં જૂદી પડે છે ઇત્યાદિ જાણવું જોઇએ. એ બધી બાબતનું પૂરેપૂરું જ્ઞાન થતાં દરેક ચીજનું જ્ઞાન થઇ જાય. આવું જ્ઞાન તે 'કેવલજ્ઞાન' કહેવાય છે; અને જેમને આવું જ્ઞાન થયું હોય તેઓ 'કેવલજ્ઞાની', 'કેવલી' કે 'સર્વજ્ઞ' કહેવાય છે. સર્વજ્ઞને દુનિયામાંના તમામ પદાર્થોનો તેમ જ બનેલા, બનતા અને બનનાર તમામ બનાવો વગેરેનો સચોટ અને સંપૂર્ણ બોધ હોય છે.

જેમ આપણને કોઇ પણ ચીજનો બોધ મેળવવા માટે ઇન્દ્રિયોની અને મનની મદદ લેવી પડે છે તેમ સર્વજ્ઞને લેવી પડતી નથી. મોક્ષે ગયેલા તમામ જીવો સર્વજ્ઞ છે. એમને દેહ નથી એટલે એમનું જ્ઞાન ઇન્દ્રિયો કે મનના ઉપર આધાર રાખતું નથી એ સહજ સમજાશે; પરંતુ જેમને દેહ છે, ઇન્દ્રિયો છે અને મન પણ છે એવા દેહધારી સર્વજ્ઞોને પણ કોઇ પણ વસ્તુ જાણવા માટે ઇન્દ્રિયો અને મનની મદદ લેવી પડતી નથી એ તમને કદાચ નવાઇ જેવું લાગશે; પણ એનું કારણ એ છે કે આવા દેહધારી સર્વજ્ઞોને તેમ જ મુક્ત જીવોને પોતાના આત્મા વડે દરેક વિષયનું જ્ઞાન આપોઆપ થઇ જાય છે. આ હકીકત તમે ત્રીજી કિરણાવલીમાં ઇન્દ્રિયોના પાઠમાં શીખી ગયા છો.

આપણે દુનિયાના તમામ પદાર્થોને રૂપી અને અરૂપી એમ બે વિભાગોમાં વહેંચી શકીએ. પુદ્‌ગલ એ રૂપી પદાર્થ છે. એ સિવાયના જીવ, આકાશ વગેરે પદાર્થો અરૂપી છે એટલે કે એ પદાર્થોને સ્પર્શ, રસ, ગન્ધ કે વર્ણ નથી.

સર્વજ્ઞને રૂપી તેમ જ અરૂપી એમ બંને જાતના પદાર્થોનું સાક્ષાત્ જ્ઞાન હોય છે, પણ બીજા બધા જીવોને એવું સાક્ષાત્ જ્ઞાન હોતું નથી. આવા જીવોને 'છદ્‌મસ્થ' કહેવામાં આવે છે. આ છદ્‌મસ્થોમાં એવા કેટલાક જીવો છે કે જેમને ફક્ત રૂપી પદાર્થનું અને તે પણ એની અમુક અમુક વિગતો પૂરતું જ સાક્ષાત્ જ્ઞાન હોય છે. બાકી ઘણા યે જીવો એવા છે કે જેમને કોઇ પણ રૂપી પદાર્થનું એક યે બાબતમાં સાક્ષાત્ જ્ઞાન નથી એટલે કે ઇન્દ્રિયો અને મનની મદદ લીધા વિના તેમને આત્મા દ્વારા આપોઆપ કોઇ પણ રૂપી પદાર્થનું કશું જ જ્ઞાન નથી. જે છદ્‌મસ્થોને ફક્ત મનરૂપી જ પુદ્‌ગલોનું અને તે પણ અઢી દ્વીપમાં રહેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંજ્ઞી જીવોના મનરૂપે પરિણમેલા પુદ્ગલોનું જ સાક્ષાત્ જ્ઞાન હોય તેમનું એ જ્ઞાન 'મનઃપર્યાયજ્ઞાન' કહેવાય છે અને તેઓ જાતે 'મનઃપર્યાયજ્ઞાની' કહેવાય છે. આ મનઃપર્યાયજ્ઞાનીઓને જ્ઞાનનો સાક્ષાત્કાર કેવી રીતે થાય છે તે આપણે વિચારીશું.

મનવાળા સંજ્ઞી જીવો કોઇ પણ વસ્તુનું ચિન્તન મનથી કરે છે. એ ચિન્તન કરતી વેળા ચિન્તન કરાતી વસ્તુ અનુસાર ચિન્તન કરવામાં રોકાયેલું મન આકાર ધારણ કરે છે. દાખલા તરીકે ઘોડાનો વિચાર કરતી વેળા મન અમુક આકારનું બને છે તો હાથીનો વિચાર કરતી વેળા મન બીજા પ્રકારનું બને છે. આ પ્રમાણે ચિન્તન કરાતી વસ્તુના ભેદ પ્રમાણે મન ભિન્ન ભિન્ન આકારો ધારણ કરે છે. આ આકારોને 'મનના પર્યાય' કહેવામાં આવે છે. એ મનના પર્યાયરૂપ માનસિક આકૃતિઓને મનઃપર્યાયજ્ઞાની સાક્ષાત્ જાણે છે. એ જ્ઞાન વડે તેઓ ચિન્તનશીલ મનની આકૃતિઓ જાણી શકે છે, પરંતુ કઇ વસ્તુનું ચિન્તન કરાય છે તે હકીકત મનઃપર્યાયજ્ઞાન દ્વારા જાણી શકતા નથી. એ માટે તો તેમને અનુમાનનો આશ્રય લેવો પડે છે

કુશળ મનુષ્ય સામાના ચહેરા ઉપર થતા ફેરફારો જોઇ એના મનનો ભાવ કળી જાય છે તેમ મનઃપર્યાયજ્ઞાની પણ મનઃપર્યાયજ્ઞાન વડે મનની આકૃતિઓને પ્રત્યક્ષ જાણી એના ઉપરથી એવું અનુમાન કરી શકે છે કે આ વ્યક્તિએ અમુક વસ્તુનું ચિન્તન કર્યું છે; કેમકે એનું મન એ ચિન્તનની વેળાએ થનારી અમુક પ્રકારની આકૃતિવાળું બન્યું છે.

જે છદ્મસ્થોને વધારેમાં વધારે તમામ રૂપી પદાર્થોનું સાક્ષાત્ જ્ઞાન હોય તેમનું તે જ્ઞાન 'અવધિજ્ઞાન' કહેવાય છે અને તેઓ 'અવધિજ્ઞાની' કહેવાય છે. જોકે આ અવધિજ્ઞાની મનરૂપી પુદ્ગલને સાક્ષાત્ જાણે છે, પરંતુ એટલા ઉપરથી એ મનઃપર્યાયજ્ઞાની કહી શકાય તેમ નથી, કેમકે મનઃપર્યાયજ્ઞાની જેટલી સ્પષ્ટતાથી એ મનરૂપી પુદ્ગલનો સાક્ષાત્કાર કરી શકે છે તેટલી સ્પષ્ટતાથી અવધિજ્ઞાની કરી શકતા નથી. એથી તો દરેકે દરેક અવધિજ્ઞાનીને મનઃપર્યાયજ્ઞાન હોવું જ જોઇએ એવો નિયમ નથી. મનઃપર્યાયજ્ઞાન વિના પણ અવધિજ્ઞાન હોઇ શકે છે.

આ પ્રમાણે આપણે કેવલજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને અવધિજ્ઞાનનો વિચાર કર્યો. એ જ્ઞાન ઇન્દ્રિયો અને મનની જરા પણ અપેક્ષા રાખતાં નથી, પરંતુ આ ઉપરાંત બીજાં બે જ્ઞાનો છે જેમાં ઇન્દ્રિયોની અને મનની મદદની જરૂર પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બે જ્ઞાનોને 'મતિજ્ઞાન' અને 'શ્રુતજ્ઞાન' કહેવામાં આવે છે. આ બેમાં નીચે પ્રમાણે ફેર છેઃ—

(૧) મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન વધારે સ્પષ્ટ છે અને એનો વિષય પણ વિશેષ છે, કેમકે શ્રુતજ્ઞાનમાં માનસિક વ્યાપારની મુખ્યતા હોવાથી એમાં અધિક અને સ્પષ્ટ વિચારો માટે સ્થાન છે. એમાં આગળપાછળનો જેવો સંબંધ છે તેવો મતિજ્ઞાનમાં નથી.

(૨) મતિજ્ઞાન શબ્દના ઉલ્લેખ વિનાનું છે, જ્યારે શ્રુતજ્ઞાન શબ્દના ઉલ્લેખવાળું છે, કેમકે શ્રુતજ્ઞાનની ઉત્પત્તિના સમયે સંકેતના સ્મરણની અને શ્રુતગ્રંથના અનુસરણની અપેક્ષા રહે છે.

(૩) મતિજ્ઞાન ભાષામાં ઉતારી શકાય એટલું પરિપક્વ નથી, જ્યારે શ્રુતજ્ઞાન ભાષામાં ઉતારી શકાય એટલું પરિપક્વ હોય છે. એથી જો મતિજ્ઞાનને દૂધની ઉપમા આપીએ તો શ્રુતજ્ઞાનને દૂધની બનાવેલી ખીરની ઉપમા આપી શકીએ.

આ પ્રમાણે આપણે જ્ઞાનના પાંચ પ્રકારો વિચારી ગયા. જેમકે (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યાયજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન. આ દરેકનું લક્ષણ ટૂંકમાં નીચે મુજબ દર્શાવી શકાયઃ—

મતિજ્ઞાન—જે જ્ઞાન ઇન્દ્રિયો અને મનની મદદથી થાય છે, પરંતુ જેમાં શબ્દ એ વાચ્ય છે અને અર્થ એ વાચક છે એવી જાતના શબ્દ અને અર્થના સંબંધના વિચાર માટે સ્થાન નથી તે 'મતિજ્ઞાન' કહેવાય છે.

શ્રુતજ્ઞાન—જે જ્ઞાન ઇન્દ્રિય અને મનની મદદ વડે થાય છે અને જેમાં શબ્દ અને અર્થના સંબંધના વિચાર માટે સ્થાન છે તે 'શ્રુતજ્ઞાન' કહેવાય છે.

અવધિજ્ઞાન—જે જ્ઞાન ઇન્દ્રિય અને મનની મદદ વિના અનેક જાતના રૂપી પદાર્થોનો સાક્ષાત્કાર કરાવે છે તે 'અવધિજ્ઞાન' કહેવાય છે.

મનઃપર્યાયજ્ઞાન—જે જ્ઞાન ઇન્દ્રિય અને મનની મદદ વિના કેવળ મનના પરિણામોનો સાક્ષાત્કાર કરાવે છે તે 'મનઃપર્યાયજ્ઞાન' કહેવાય છે.

કેવલજ્ઞાન—દુનિયામાં જેટલા પદાર્થો છે તે બધાને લગતી તમામ હકીકતોને આત્મા જે જ્ઞાન દ્વારા ઇન્દ્રિય અને મનની મદદ વિના એકીવખતે સાક્ષાત્ જાણી શકે તે 'કેવલજ્ઞાન' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૧૫ મું. ચ્યવન-કલ્યાણક

ગુરુ—મગન! તીર્થંકર પ્રભુનાં કેટલાં કલ્યાણકો હોય છે?

મગન—ગુરુજી! એ મને યાદ નથી.

ગુરુ—એ તો તું શીખી ગયો છે. કેમ ભૂલી ગયો? ચંદુ! તને તો યાદ છે ને?

ચંદુ—હા, જી. તીર્થંકરોનાં પાંચ કલ્યાણકો હોય છે.

ગુરુ—કયાં કયાં?

ચંદુ—(૧) ચ્યવન-કલ્યાણક, (૨) જન્મ-કલ્યાણક, (૩) દીક્ષા-કલ્યાણક, (૪) કેવલજ્ઞાન-કલ્યાણક અને (૫) નિર્વાણ-કલ્યાણક.

ગુરુ—વિદ્યાર્થીઓ! આજે હું તમને ચ્યવન-કલ્યાણક વિષે કેટલીક વિશેષ હકીકત સમજાવવા માગું છું તે તમે ધ્યાન દઇને સાંભળજો.

તીર્થંકરો આગલા ભવમાં દેવ-ગતિમાં હોય છે. એવું તો ભાગ્યે જ બને કે તેઓ નરક-ગતિમાં હોય. તેમનું દેવ તરીકેનું કે નારક તરીકેનું આયુષ્ય પૂર્ણ થતાં તેઓ મનુષ્ય તરીકે, માતાની કુક્ષિમાં આવે છે. એમનું આ પ્રમાણે ગર્ભમાં આવવું તે 'ચ્યવન-કલ્યાણક' કહેવાય છે. એ પ્રસંગે ત્રણે લોકમાં થોડા વખત માટે દુઃખ દૂર થઇ જાય છે અને બધી દિશામાં પ્રકાશ ફેલાઇ જાય છે. આ પ્રમાણે એ પ્રસંગ બધા જીવોને કલ્યાણકારી નીવડે છે. તીર્થંકર ગર્ભમાં આવતાં તેમની માતા (૧) બળદ, (૨) હાથી, (૩) સિંહ, (૪) લક્ષ્મી દેવી, (૫) માળા, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) ધજા, (૯) કુંભ, (૧૦) પદ્મ સરોવર, (૧૧) ક્ષીરસમુદ્ર, (૧૨) વિમાન, (૧૩) રત્નોનો ઢગલો અને (૧૪) ધૂમાડા વગરનો અગ્નિ એમ ચૌદ સ્વપ્નો જુએ છે. નરકમાંથી કોઇ તીર્થંકર માતાની કુક્ષિમાં આવ્યા હોય તો તેમની માતા વિમાનને બદલે ભવન જુએ છે.

દરેક કલ્યાણક વખતે ૬૪ ઇન્દ્રોનાં આસનો કંપે છે. ચ્યવન-કલ્યાણક વખતે પણ તે કંપે છે. એથી એ ઇન્દ્રો તે સંબંધમાં વિચાર કરે છે અને અવધિજ્ઞાન વડે પ્રભુના કલ્યાણકની હકીકતથી જાણીતા બને છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૧૬ મું. દ્વાદશાંગી ભાગ ૧ લો

આ દુનિયા આદિ તેમ જ અંત વિનાની છે એટલે કે અનાદિ અનંત છે. એ અનાદિ હોવાથી અત્યાર સુધીમાં અનંત તીર્થંકરો થઇ ગયા છે.

દરેક તીર્થંકરના તીર્થમાં એમના પ્રત્યેક ગણધર દ્વાદશાંગી રચે એવો નિયમ છે. આ નિયમ અનુસાર અત્યાર સુધીમાં અનંત દ્વાદશાંગીઓ રચાઇ છે. દ્વાદશાંગીનો અર્થ 'બાર અંગોનો સમૂહ' થાય છે. દરેક ગણધર બાર બાર શાસ્ત્ર રચે છે. એ દરેક શાસ્ત્રને 'અંગ' કહેવામાં આવે છે.

આ ભરતભૂમિમાં થઇ ગયેલા છેલ્લા તીર્થંકર શ્રીમહાવીરસ્વામીને ઉદ્દેશીને વિચાર કરીએ તો એમના તીર્થમાં એમના મુખ્ય શિષ્ય શ્રીઇન્દ્રભૂતિ વગેરે અગ્યારે ગણધરોએ એકેક દ્વાદશાંગી રચી છે. આ રચના કેવી રીતે થઇ તે આપણે અહીં વિચારીશું.

શ્રીઇન્દ્રભૂતિએ દીક્ષા લીધા પછી તેમણે પ્રભુને પ્રણિપાત કરીને પૂછ્યું કે "**किं तत्तं?**" અર્થાત્ તત્ત્વ શું છે? પ્રભુએ ઉત્તર આપ્યો કે "**उप्पण्णेइ वा**". એ સાંભળી ફરીથી પ્રણિપાત કરી તેમણે પ્રભુને એનો એ પ્રશ્ન પૂછ્યો. ત્યારે પ્રભુએ કહ્યું કે "**विगमेइ वा**". એ સાંભળી પ્રણિપાત કરી તેમણે ફરીથી એનો એ પ્રશ્ન પૂછ્યો. પ્રભુએ ઉત્તર આપ્યો કે "**धुवेइ वा**".

આ પ્રમાણે શ્રીઇન્દ્રભૂતિએ જે ત્રણ પ્રશ્નો પૂછ્યા એ દરેકને 'નિષદ્યા' અને એ ત્રણેના સમૂહને 'નિષદ્યાત્રય' કહેવામાં આવે છે. એવી રીતે પ્રભુએ આપેલા ત્રણ ઉત્તરના સમૂહને 'ત્રિપદી' કે 'પદત્રયી' કહેવામાં આવે છે.

આ નિષદ્યાત્રયથી અને એના ઉત્તરરૂપ ત્રિપદીથી શ્રીઇન્દ્રભૂતિને ગણધર-નામકર્મનો ઉદય થયો અને તેમને ઉત્કૃષ્ટ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થયું. તેમ થતાં તેમણે એક મુહૂર્તમાં દ્વાદશાંગી રચી.

એવી રીતે શ્રીઅગ્નિભૂતિ વગેરે દસે ગણધરોએ પણ પ્રભુને પ્રશ્ન પૂછ્યા અને તેનો ઉત્તર મેળવી દ્વાદશાંગીઓ રચી, પણ આ ગણધરો પૈકી કોની કોની કેટલી નિષદ્યા છે તેનો કોઇ ઉલ્લેખ જોવાતો નથી; તેમ છતાં એમાંના કોઇ એકાદ ગણધરની તો પંદર નિષદ્યા છે. આ પંદરે નિષદ્યાના ઉત્તર ઉપર મુજબ જ અપાયા હશે કે કેમ તે ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે, પરંતુ ત્રિપદીરૂપ એ ઉત્તર હોવા જોઇએ એમ લાગે છે, કેમકે ત્રિપદી એ જૈન શાસ્ત્રોની મુખ્ય ચાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિપદીના **उप्पण्णेइ वा** એ પદથી પ્રભુએ એમ સૂચવ્યું કે પદાર્થો ઉત્પન્ન થાય છે, **विगमेइ वा** એ પદથી તેમણે એમ સૂચવ્યું કે પદાર્થો નાશ પામે છે, અને **धुवेइ वा** એ પદથી તેમણે એમ સૂચવ્યું કે પદાર્થો ધ્રુવ છે એટલે કે નિત્ય છે. આ હકીકત બરાબર સમજાય તે માટે આપણે એક ઉદાહરણ વિચારીશું.

ધારો કે આપણી પાસે સોનાનો કંદોરો છે. એ ભાંગીને આપણે સોનાનાં કડાં બનાવ્યાં તો કડાં ઉત્પન્ન થયાં અને કંદોરાનો નાશ થયો, પરંતુ સોનું તો કાયમ જ રહ્યું. આ પ્રમાણે દરેકે દરેક પદાર્થ ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્યથી અંકિત છે. આ હકીકતને પૂરેપૂરી ખ્યાલમાં રાખીને શ્રીઇન્દ્રભૂતિ વગેરે ૧૧ ગણધરોએ જે દ્વાદશાંગી રચી તે બધી અર્થદષ્ટિએ સમાન બની, એટલું જ નહિ પણ આઠમા અને નવમા ગણધરની દ્વાદશાંગીઓ તો શબ્દદષ્ટિએ પણ એક બીજાની સાથે મળતી આવે તેવી બની. વળી દસમા અને અગ્યારમા ગણધરોની દ્વાદશાંગીઓ પણ એવી રીતે પરસ્પર શબ્દદષ્ટિએ સમાન બની. આને લઇને જોકે ગણધરો ૧૧ હતા છતાં ગણ તો નવ જ થયા, કેમકે એક રીતે નવ-જ દ્વાદશાંગીની શબ્દરચના જુદી થઇ અને એ જુદી શબ્દરચનાવાળી દ્વાદશાંગી શીખનાર શિષ્યોનો એકેક ગણ યાને સમુદાય ગણાયો.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૧૭ મું. દ્વાદશાંગી ભાગ ૨ જો

આપણે ગયા કિરણમાં જોઈ ગયા તેમ એકંદર ૧૧ દ્વાદશાંગીઓ રચાઈ, પરંતુ આજે એમાંથી કેવળ શ્રીસુધર્મસ્વામીની જ રચેલી દ્વાદશાંગી ઉપલબ્ધ છે અને તે પણ પૂરેપૂરી મળતી નથી. બારમા અંગનો સંપૂર્ણ ઉચ્છેદ થયો છે. વળી બીજાં ત્રણેક અંગોનો પણ કેટલોક ભાગ નાશ પામ્યો છે. વિશેષમાં શ્રીસુધર્મસ્વામીએ રચેલાં બાર અંગો તેના તે જ સ્વરૂપમાં આજે મળતાં નથી. એમાં થોડોક ફેરફાર થયો છે. એ ફેરફાર શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની દેખરેખ નીચે આગમો પુસ્તકારૂઢ થયા ત્યારે હાજર રહેલા મુનિમંડળે કર્યો હતો. ત્યાર પછી એમાં ખાસ કશી વધઘટ કરાયેલી નથી. આ સંબંધમાં આપણે વિશેષ ઊહાપોહ આગળ ઉપર કરીશું. હાલ તુરત તો ઉપલબ્ધ થતાં ૧૧ અંગો તેમ જ ઉચ્છેદ પામેલા બારમા અંગ વિષે કેટલીક હકીકત આપણે વિચારીશું. સૌથી પ્રથમ આપણે ૧૨ અંગોનાં નામ નોંધીશું. એ નીચે મુજબ છેઃ—

આયાર, સૂયગડ, ઠાણ, સમવાય, વિયાહપણ્ણત્તિ, નાયાધમ્મકહા, ઉવાસગદસા, અંતગડદસા, અણુત્તરોવવાઇયદસા, પણ્હાવાગરણ, વિવાગસુય અને દિટ્ઠિવાય.

આમાંનાં કેટલાંક અંગોનાં બીજાં પણ નામો છે. જેમકે બીજા અંગનાં સૂતગડ અને સુત્તકડ એવાં પણ નામો છે. વળી પાંચમાનું ભગવઈ એવું બીજું નામ છે. વિશેષમાં બારમા અંગનાં તો એકંદર દસ નામો છે. આપણે તો અહીં એ પૈકી 'ભૂયવાય' એવું એક જ નામ નોંધીશું.

આપણે ઉપર જે નામો જોઇ ગયાં તે બધાં પાઇય ભાષામાં રજુ કરાયેલાં નામો છે. એથી સંસ્કૃત ભાષામાં એ બાર અંગોનો ઉલ્લેખ કરતી વેળા એનો નીચે મુજબ વ્યવહાર કરાય છેઃ—

આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકશ્રુત અને દૃષ્ટિવાદ.

આ દરેક સંસ્કૃત નામની સાથે અંગ કે અંગસૂત્ર શબ્દ જોડીને પણ એ નામ બોલાય છે. જેમકે આચારાંગ, આચારાંગસૂત્ર ઇત્યાદિ. એવી રીતે પાઇય નામો સાથે પણ અંગ કે અંગસુત્ત શબ્દ જોડીને તે તે નામ બોલાય છે. જેમકે આયારંગ, આયારંગસત્ત વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બાર અંગોમાં દિટ્ઠિવાય સૌથી મહત્ત્વનું અંગ ગણાય છે અને તેમાં પણ વળી દિટ્ઠિવાયના જે પરિકમ્મ, સુત્ત, પુવ્વગય, અણુઓગ અને ચૂલિયા એવા જે પાંચ વિભાગો છે તેમાંનો પુવ્વગય નામનો વિભાગ સૌથી મહત્ત્વનો ગણાય છે. એ પુવ્વગયના ૧૪ ભાગો છે. એ દરેક ભાગને પાઇયમાં 'પુવ્વ' અને સંસ્કૃતમાં 'પૂર્વ' કહેવામાં આવે છે. એ ચૌદે પુવ્વના જાણકારને 'શ્રુત-કેવલી' કહેવામાં આવે છે. એવો એકે વિષય નથી જે દિટ્ઠિવાયમાં ન હોય એટલે એના જાણકાર 'શ્રુતકેવલી' કહેવાય તેમાં નવાઇ નથી.

કેટલાકનું માનવું એ છે કે દરેક ગણધર પ્રથમ ચૌદ પુવ્વ રચે છે અને ત્યાર પછી આયાર વગેરે અંગોની રચના કરે છે, જ્યારે કેટલાકનું માનવું એ છે કે આયાર વગેરે ક્રમથી જ અંગોની રચના કરાય છે. આ પ્રમાણે જોકે બાર અંગોની કયા ક્રમ પ્રમાણે રચના થઈ એ વિષે બે મત જોવાય છે, છતાં અભ્યાસની દૃષ્ટિએ આયાર આદિ ક્રમે જ બાર અંગો ગોઠવાયાં હતાં એમાં તો બે મત નથી.

આયારમાં જૈન મુનિવરોએ કેમ વર્તવું જોઇએ તે વિસ્તારથી સમજાવાયું છે. એમાં અહિંસા વગેરેનું સુંદર વર્ણન છે.

સૂયગડમાં શ્રીમહાવીરસ્વામીના સમયમાં જે ૩૬૩ મતો પ્રવર્તતા હતા તેનું વર્ણન છે. એ વાંચવાથી ધર્મને વિષે શ્રદ્ધા દૃઢ બને છે. વિશેષમાં આ અંગમાં વિનયની મહત્તા બતાવાયેલી છે.

ઠાણમાં એકંદર દસ વિભાગો છે. પહેલા વિભાગમાં જે જે ચીજની એક તરીકે ગણના થઇ શકે તેનો ઉલ્લેખ છે. એવી રીતે બીજામાં જે જે ચીજને બે બે તરીકે ગણાવી શકાય તેનો નિર્દેશ છે. આ પ્રમાણે બાકીના વિભાગો માટે સમજી લેવું. ટૂંકમાં કહીએ તો પહેલામાં એકેક બોલ, બીજામાં બે બે, એમ દસમામાં દસ દસ બોલ જેના જેના છે તેનો નિર્દેશ કરાયેલો છે. એ રીતે આ ત્રીજું અંગ બૌદ્ધોના અંગુત્તરનિકાય નામના શાસ્ત્રને મળતું આવે છે, કેમકે તેમાં પણ એકથી દસ આંકડાના ક્રમમાં જુદા જુદા વિષયો ચર્ચાયેલા છે.

સમવાયમાં પણ ઠાણની જેવી રચના છે. ફેર એટલો છે કે એમાં દસ જ સુધીની સંખ્યાવાળા બોલ નથી, પણ એથી ઘણી મોટી સંખ્યાવાળા બોલ પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિયાહપણ્ણત્તિમાં ૩૬૦૦૦ પ્રશ્નો અને તેના ઉત્તરો છે. એમાં અન્ય તીર્થિકોનું વર્ણન છે એટલું જ નહિ, પરંતુ નિહ્નવ તરીકે ઓળખાવાતા જમાલિ અને ગોશાલકનું પણ વર્ણન છે. વળી આ અંગમાં શ્રીમહાવીરસ્વામીના જીવન ઉપર પ્રકાશ પાડનારી અનેક હકીકતો છે.

નાયાધમ્મકહામાં જાતજાતની ધર્મકથાઓ આલેખાયેલી છે. જેમકે એમાં શ્રીમેઘકુમાર પૂર્વભવમાં હાથી હતા તેની કથા છે. વળી એમાં ૧૯ મા તીર્થંકર શ્રીમલ્લિનાથની કથા છે.

ઉવાસગદસામાં શ્રીમહાવીરસ્વામીના આનંદ વગેરે દસ મુખ્ય શ્રાવકોનો અધિકાર આવે છે. આ ઉપરથી એમ કહી શકાય કે જેમ આયાર નામનું અંગ સાધુઓનો આચાર શો છે તે દર્શાવે છે તેમ આ અંગ શ્રાવકોનો આચાર શો છે તે બતાવે છે.

અંતગડદસામાં, જેમણે અંતસમયે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું એવા સાધુઓનું અને એવી સાધ્વીઓનું વર્ણન છે.

અણુત્તરોવવાઇયદસામાં, જે પુરુષો કાળ કરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા એવા ૩૩ પુરુષોનો અધિકાર આવે છે. એમાંના ઘણાખરા તો શ્રેણિક રાજાના પુત્રો છે. એ બધા એકાવતારી ગણાય છે, કેમકે અનુત્તર વિમાનમાંથી ચ્યવી મનુષ્ય તરીકે જન્મી તેઓ બધા એ જ ભવમાં મોક્ષે જશે.

પણ્હાવાગરણમાં આસ્રવ અને સંવરનું વિસ્તારથી વર્ણન છે.

વિવાગસુયમાં પુણ્યનાં અને પાપનાં ફળો બતાવનારી કથાઓ છે.

દિટ્ઠિવાયમાં એવો એકે વિષય નથી કે જેનો અધિકાર એમાં આવતો નહિ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૧૮ મું. આર્ય અને મ્લેચ્છ

જૈન શાસ્ત્રમાં મનુષ્યોના મુખ્યતયા બે ભેદ પાડવામાં આવ્યા છે: આર્ય અને મ્લેચ્છ. તેમાં વળી આર્યના (૧) ક્ષેત્ર, (૨) જાતિ, (૩) કુલ, (૪) કર્મ, (૫) શિલ્પ અને (૬) ભાષા એ છ દૃષ્ટિએ વિચાર કરી એના છ પ્રકારો દર્શાવાયા છે. જેમકે (૧) ક્ષેત્રાર્ય, (૨) જાત્યાર્ય, (૩) કુલાર્ય, (૪) કર્માર્ય, (૫) શિલ્પાર્ય અને (૬) ભાષાર્ય

પ્રત્યેક ભરતક્ષેત્રમાં તેમ જ દરેક ઐરાવત ક્ષેત્રમાં ૨૫।। આર્ય દેશો છે. એ હિસાબે પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રોમાં એકંદરે ૨૫૫ આર્ય દેશો છે. વળી ૧૬૦ વિજયો પણ આર્ય દેશ ગણાય છે. આ બધા આર્ય દેશોમાંથી ગમે તેમાં ઉત્પન્ન થનારા મનુષ્યો 'ક્ષેત્રાર્ય' ગણાય છે. આર્ય દેશ સિવાયના કોઇ પણ ભાગમાં ઉત્પન્ન થનારા મનુષ્યો આર્ય ગણાતા નથી એટલે કે તેઓ ક્ષેત્રથી મ્લેચ્છ ગણાય છે. આ રીતે વિચારતાં પંદર કર્મભૂમિમાંના આર્ય દેશો સિવાયના ભાગમાં વસનારા, ત્રીસ અકર્મભૂમિમાં વસનારા તેમ જ ૫૬ અંતર્દ્વીપમાં વસનારા તમામ મનુષ્યો મ્લેચ્છ ગણાય છે.

ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, જ્ઞાત, કુરુ, ઉગ્ર વગેરે વંશો ઉત્તમ ગણાય છે. એ વંશમાં ઉત્પન્ન થનાર જાત્યાર્ય કહેવાય છે.

કુલકરો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો તેમ જ બીજા પણ નિર્મળ કુળમાં ઉત્પન્ન થનારા મનુષ્યો કુલાર્ય કહેવાય છે

પઠન, પાઠન, પૂજન, ખેતી અને વેપાર કે એવા કોઇ સાધન વડે નિર્વાહ કરનારા મનુષ્યો કર્માર્ય ગણાય છે.

હજામ, કુંભાર વગેરેની માફક ઓછા આરંભવાળી અને અનિન્દ્ય એવી પ્રવૃત્તિથી જીવન ગુજારનારા મનુષ્યો શિલ્પાર્ય કહેવાય છે.

તીર્થંકરો અને ગણધરો જેવા શિષ્ટ પુરુષોએ માન્ય રાખેલી સંસ્કૃત, અર્દ્ધમાગધી ઇત્યાદિ ભાષાઓનો બોલવા વગેરેમાં સુગમ રીતે ઉપયોગ કરનારા મનુષ્યો ભાષાર્ય કહેવાય છે.

આ પ્રમાણે જે છ પ્રકારના આર્યો છે તેનાથી વિપરીત લક્ષણવાળા મનુષ્યો 'મ્લેચ્છ' ગણાય છે. એમને 'અનાર્ય' પણ કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૧૯ મું. શ્રીભદ્રબાહુસ્વામી ભાગ ૧ લો

આપણે જોઇ ગયા તેમ શ્રીમહાવીરસ્વામીના એકંદર અગ્યાર ગણધરો હતા. તેમાંના પાંચમાનું નામ શ્રીસુધર્મસ્વામી હતું. તેઓ મોક્ષે ગયા ત્યારે તેમના મુખ્ય શિષ્ય શ્રીજંબૂસ્વામી તેમના પટ્ટધર બન્યા. એઓ નિર્વાણ પામ્યા ત્યારે એમની પાટે શ્રીપ્રભવસ્વામી આવ્યા. તેમનું સ્વર્ગગમન થતાં શ્રીશય્યંભવસૂરિ પટ્ટધર બન્યા અને તેમનું પણ સ્વર્ગગમન થતાં શ્રીયશોભદ્રસૂરિ પટ્ટધર થયા. એ સૂરિ સુધી તો શ્રીમહાવીરસ્વામીનું ધર્મશાસન એક આચાર્યની સત્તામાં રહ્યું; પરંતુ એ આચાર્યે વીર પ્રભુના નિર્વાણથી ૧૪૬મે વર્ષે સ્વર્ગે સંચર્યા તે પૂર્વે તેમણે શ્રીસંભૂતિવિજય અને શ્રીભદ્રબાહુસ્વામી એમ પોતાના બે મુખ્ય શિષ્યોને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા હતા. આથી એ આચાર્યથી એક પાટ ઉપર એક કરતાં વધારે આચાર્ય સ્થાપવાની પ્રવૃત્તિ શરુ થઇ.

શ્રીભદ્રબાહુસ્વામી શ્રીસંભૂતિવિજયથી નાના હતા. તેથી શ્રીસંભૂતિવિજય વીરસંવત્ ૧૫૬ માં સ્વર્ગે ગયા પછી તેઓ સંઘસ્થવિર બન્યા અને સંઘના કાર્યમાં ભાગ લેવા લાગ્યા. આ પ્રમાણે શ્રીભદ્રબાહુસ્વામી શ્રીમહાવીરસ્વામીની પટ્ટપરંપરામાં સાતમા થયા. એઓ ચૌદે પુર્વના જાણકાર હતા એટલે કે શ્રુતકેવલી હતા.

એક વેળા એ શ્રીભદ્રબાહુસ્વામીના જીવન દરમ્યાન ઉપરાઉપરી બાર વાર દુકાળો પડ્યા. એથી મુનિવરોનો શાસ્ત્રનો અભ્યાસ જેવો જોઇએ તેવો ચાલુ રહ્યો નહિ. બાર દુકાળોનો અંત આવતાં એ બધા મુનિવરો પાટલિપુત્રમાં ભેગા મળ્યા ત્યારે તેઓ માંડમાંડ ૧૧ અંગો એકઠાં કરી શક્યા, પરંતુ બારમું અંગ તો તેમનામાંથી એકેને યાદ ન હતું. આથી શું કરવું તેનો વિચાર કરતાં તેમને શ્રીભદ્રબાહુસ્વામી યાદ આવ્યા. તેઓ નેપાળમાં મહાપ્રાણ નામનું ધ્યાન ધરતાં હતા. તેમની પાસે તેમણે એક મુનિસંઘાટકને એટલે કે બે સાધુઓને મોકલ્યા, અને બારમા અંગની વાચના આપવા કહેવડાવ્યું. શ્રીભદ્રબાહુસ્વામીએ ઉત્તર આપ્યો કે દુકાળને લઇને મેં મહાપ્રાણ ધ્યાનમાં પ્રવેશ કર્યો ન હતો, પણ હવે એ ધ્યાન ધરવા માંડ્યું છે એટલે હું વાચના આપી શકું તેમ નથી. મુનિસંઘાટકે પાટલિપુત્ર પાછા આવી એ વાત એકઠા મળેલા શ્રીસંઘને કહી. ત્યારે તેમણે ફરીથી બીજા બે મુનિઓને મોકલ્યા. તેઓ શ્રીભદ્રબાહુસ્વામી પાસે ગયા અને તેમણે એમને પૂછ્યું કે જેઓ શ્રીસંઘની આજ્ઞા ન માને તેને શો દંડ હોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે ? એઓ બોલ્યાઃ સંઘ બહાર મૂકવા. ત્યારે તેઓ બોલ્યાઃ આપને આ દંડ શ્રીસંઘે ફરમાવ્યો છે. એ સાંભળી શ્રીભદ્રબાહુસ્વામીએ કહ્યું કે હું એક શરતે વાચના આપવા તૈયાર છું. એ શરત એ છે કે હું વાચના લેનાર સાથે બોલીશ નહિ કે વાચના લેનારે મારી સાથે બોલવું નહિ તેમ જ હું ભિક્ષાચર્યાથી આવતાં એક વાચના, કાલવેળાએ ત્રણ અને સાંજનું પ્રતિક્રમણ કર્યા બાદ ત્રણ એમ રોજ સાત વાચનાઓ કટકે કટકે આપીશ.

શ્રીસંઘે આ શરત મંજુર કરી અને અભ્યાસ કરી શકે એવા ૫૦૦ સાધુઓને તેમ જ એ દરેકનું વૈયાવૃત્ય કરવા માટે બબ્બે સાધુંઓને એમ એકંદર ૧૫૦૦ સાધુઓને નેપાળમાં શ્રીભદ્રબાહુસ્વામી પાસે મોકલ્યા. વખત જતાં ૫૦૦ અભ્યાસીઓમાંથી ૪૯૯ કંટાળીને પાછા ફર્યા અને કેવળ એક જ મુનિવર નામે શ્રીસ્થૂલભદ્ર ત્યાં રહ્યા. એઓ શ્રીસંભૂતિવિજયના શિષ્ય થતા હતા.

શ્રીસ્થૂલભદ્ર આઠ વર્ષમાં આઠ પુર્વ શીખી શક્યા. એવામાં એક વેળા પહેલી વાર શ્રીભદ્રબાહુસ્વામીએ તેમની સાથે વાર્તાલાપ કર્યો. એમણે તેમને પૂછ્યું કે તને ભિક્ષા અને સ્વાધ્યાયમાં કંઇ તકલીફ તો પડી નથી ને ?

શ્રીસ્થૂલભદ્ર—ભગવન્! નહિ; મને કોઇ તકલીફ પડી નથી, પણ હું આપને એક પ્રશ્ન પૂછવા માગું છું કે મારો કેટલો અભ્યાસ થયો અને હવે કેટલો બાકી છે ?

શ્રીભદ્રબાહુ૦—હજી તો મહાસાગરમાં બિન્દુ જેટલો તારો અભ્યાસ થયો છે. એ સાંભળીને શ્રીસ્થૂલભદ્રનો ઉત્સાહ જરા પણ મંદ થયો નહિ. તેઓ બોલ્યા કે હું અભ્યાસથી કંટાળ્યો નથી પણ મને એ વિચાર આવે છે કે મારી અલ્પ જિંદગીમાં હું બાકીનો અભ્યાસ કેવી રીતે પૂરો કરી શકીશ ?

શ્રીભદ્રબાહુસ્વામીએ જવાબ આપ્યો કે મારું ધ્યાન હવે પૂર્ણ થવા આવ્યું છે એટલે હવેથી હું તને રાત ને દિવસ વાચના આપતો રહીશ જેથી તું જલદી બારમું અંગ પૂરું કરી શકીશ.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૨૦ મું. શ્રીભદ્રબાહુસ્વામી ભાગ ૨ જો

કાલાંતરે શ્રીસ્થૂલભદ્ર દસ પુવ્વ ભણી ગયા અને તેઓ શ્રીભદ્રબાહુસ્વામીની સાથે નેપાળથી વિહાર કરી મગધમાં આવ્યા. એ વાતની શ્રીસ્થૂલભદ્રની સાત બેનોને ખબર પડી એટલે એ સાતે બેનો જેઓ સાધ્વી-અવસ્થામાં હતાં તેઓ એમને વંદન કરવા આવ્યાં. એ વખતે શ્રીસ્થૂલભદ્ર ગુફામાં બેઠા હતા. તેમને વિદ્યાનો ચમત્કાર દેખાડવાનું મન થયું અને તેમણે સિંહનું રૂપ ધારણ કર્યું. સાતે સાધ્વીઓ એ જોઇને ભય પામી શ્રીભદ્રબાહુસ્વામી પાસે પાછાં આવ્યાં. તેમણે એમને ફરીથી ગુફામાં જવા કહ્યું. ત્યાં જતાં ત્યાં તેમને શ્રીસ્થૂલભદ્રનાં દર્શન થયાં.

થોડો વખત વીત્યા બાદ શ્રીસ્થૂલભદ્ર શ્રીભદ્રબાહુસ્વામી પાસે વાચના લેવા ગયા ત્યારે તેમણે તે આપવા ના પાડી. આખરે શ્રીસંઘે વચ્ચે પડી બહુ દબાણ કર્યું ત્યારે તેમણે કહ્યું કે શકટાળ મંત્રિના ખાનદાન રાજકુળમાં જન્મેલા, કોશા વેશ્યા સાથે બાર વર્ષ રહ્યા બાદ તે અધમ જીવનને તેમ જ નંદ-રાજાએ આપવા માંડેલા પ્રધાનપદને એકાએક તિલાંજલિ આપી સાધુ બનેલા એવા આ સ્થૂલભદ્ર પણ વિદ્યા પચાવી ન શક્યા અને એનો દુરુપયોગ કરવા પ્રેરાયા તો હવે પછીના મુનિઓ માટે શું કહેવું? દિનપ્રતિપ્રદિન મનુષ્યની માનસિક શક્તિ ઘટતી જાય છે અને ક્ષમા અને ગંભીરતા ઓછી થતી જાય છે, એટલે બાકીનાં પુવ્વનો અભ્યાસ ચાલુ રહે તે મને ઠીક લાગતું નથી. તેમ છતાં તમારો આગ્રહ છે તો હું આ સ્થૂલભદ્રને બાકીનાં પુવ્વ ભણાવીશ, પરંતુ છેલ્લાં ચાર પુવ્વનો અર્થ શીખવીશ નહિ તેમ જ તેમને વાચના આપવાની અનુજ્ઞા તો એ ચાર પુવ્વ સિવાયનાં પુવ્વની જ આપીશ.

આગળ ઉપર શ્રીસ્થૂલભદ્રને શ્રીભદ્રબાહુસ્વામીએ અભ્યાસ કરાવ્યો. ત્યાર બાદ તેઓ વીરસંવત્ ૧૭૦ માં સ્વર્ગે સંચર્યા. તે પૂર્વે તેમણે આપણાં દસ શાસ્ત્રો ઉપર પાઇયમાં પદ્યમાં ટીકા રચી. એ ટીકાને પાઇયમાં 'નિજ્જુત્તિ' અને સંસ્કૃતમાં 'નિર્યુક્તિ' કહેવામાં આવે છે. આ ઉપરાંત પર્યુષણપર્વ દરમ્યાન વંચાતું પજ્જોસણાકપ્પ તેમ જ વવહારસુત્ત વગેરે એમની કૃતિ તરીકે ગણાવાય છે. પજ્જોસણાકપ્પનું કલ્પસૂત્ર એવું નામ પ્રચલિત બન્યું છે. એ મહાત્મા શબ્દ અને અર્થ એમ ઉભય દૃષ્ટિએ છેલ્લા શ્રુતકેવલી થયા, જ્યારે શ્રીસ્થૂલભદ્ર કેવળ શબ્દદૃષ્ટિએ છેલ્લા શ્રુતકેવલી થયા. એ શ્રીસ્થૂલભદ્ર વીરસંવત્ ૨૧૫ કે ૨૨૫-ની આસપાસમાં સ્વર્ગે સિધાવ્યા. એ બંને મહાપુરુષોને આપણા અનેક વાર વંદન હોજો.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૨૧ મું. કાળના વિભાગો

કાળનો અર્થ 'વખત' થાય છે. એના અનેક વિભાગો પાડી શકાય છે. તેમાંનો સૌથી નાનામાં નાનો વિભાગ 'સમય' કહેવાય છે એ વાત આપણે શીખી ગયા છીએ. આંખ ઉઘાડતાં કે મીચતાં આવા સેંકડો સમયો પસાર થઇ જાય છે. અસંખ્ય સમયો જેટલા વખતને 'આવલિકા' કહેવામાં આવે છે. એ આવલિકા અને યુગના બીજા વિભાગોનો સંબંધ નીચે પ્રમાણે છેઃ—

| | | |
|---|---|---|
| ૨૨૨૩ ૧૨૨૯/૩૭૭૩ આવલિકા | = | ઉચ્છ્વાસ અથવા ૧ નિઃશ્વાસ. |
| ૧ ઉચ્છ્વાસ+૧ નિઃશ્વાસ | = | ૧ પ્રાણ. |
| ૭ પ્રાણ | = | ૧ સ્તોક. |
| ૭ સ્તોક | = | ૧ લવ. |
| ૩૮½ લવ | = | ૧ ઘડી અથવા ૧ નાલિકા. |
| ૨ નાલિકા | = | ૧ મુહૂર્ત. |
| ૩૦ મુહૂર્ત | = | ૧ અહોરાત્ર. |
| ૧૫ અહોરાત્ર | = | ૧ પખવાડિયું. |
| ૨ પખવાડિયાં | = | ૧ માસ. |
| ૨ માસ | = | ૧ ઋતુ. |
| ૩ ઋતુ | = | ૧ અયન. |
| ૨ અયન | = | ૧ સંવત્સર. |
| ૫ સંવત્સર | = | ૧ યુગ. |

૮૪ લાખ વર્ષને જૈન દર્શનમાં 'પૂર્વાંગ' કહેવામાં આવે છે. આ પૂર્વાંગને ૮૪ લાખ વડે ગુણતાં જે સંખ્યા આવે છે તે 'પૂર્વ' કહેવાય છે. એ પૂર્વને ચોર્યાસી લાખ વડે ગુણતાં જે સંખ્યા આવે તેને ચોર્યાસી લાખ વડે, એમ આગળને આગળ ગુણાકાર ચાલુ રાખતાં જે જે સંખ્યાઓ આવે છે તેમનાં ખાસ નામો છે. એ નામો પૈકી આપણે અહીં શીર્ષપ્રહેલિકાનો જ વિચાર કરીશું. ૮૪ લાખને ૮૪ લાખ વડે ૨૮ વાર ગુણતાં જે સંખ્યા આવે છે તેટલાં વર્ષોને 'શીર્ષપ્રહેલિકા' કહેવામાં આવે છે. આ સંખ્યામાં કુલે ૧૯૪ આંકડાઓ છે. જોઇસકરંડગ પ્રમાણે તો ૮૪ લાખને ૮૪ લાખ વડે ૩૬ વાર ગુણતાં જે સંખ્યા આવે છે તેટલાં વર્ષો 'શીર્ષપ્રહેલિકા' કહેવાય છે. એમાં એકંદર ૨૫૦ આંકડાઓ છે. અત્યાર સુધીમાં અનેક શીર્ષપ્રહેલિકાઓ પસાર થઇ ગઇ છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે પછી થશે, કેમકે કાળનો કંઇ અંત નથી. આથી શીર્ષપ્રહેલિકા કરતાં વધારે વખત સૂચવવા માટે જૈન દર્શનમાં ઉપમા દ્વારા કાળની ગણના કરવામાં આવી છે. ખાસ કરીને પલ્યોપમ અને સાગરોપમ એ બે સંજ્ઞાનો આ સંબંધમાં નિર્દેશ કરી શકાય એટલે આનો વિચાર આપણે હવે પછી કરીશું, પરંતુ અહીં તો ઉપર ગણાવી ગયેલા ઉચ્છ્વાસ, નિઃશ્વાસ અને મુહૂર્ત સંબંધી થોડો વિશેષ વિચાર કરીશું.

જે શ્વાસ અંદર લેવામાં આવે છે તે 'ઉચ્છ્વાસ' કહેવાય છે, જ્યારે જે શ્વાસ બહાર કાઢવામાં આવે છે તે 'નિઃશ્વાસ' કહેવાય છે. એક શ્વાસ લેવામાં અને મૂકવામાં જેટલો વખત લાગે તે અનુક્રમે 'ઉચ્છ્વાસ' અને 'નિઃશ્વાસ' કહેવાય છે. એ બંનેનું માપ સરખું છે.

નવ સમયોથી માંડીને તે છેક એક મુહૂર્તમાં એક સમય જેટલા ઓછા એવા બધા કાળોને 'અંતર્મુહૂર્ત' કહેવામાં આવે છે. નવ સમય જેટલો કાળ 'જઘન્ય અંતર્મુહૂર્ત' કહેવાય છે; મુહૂર્તમાં એક સમય જેટલો ઓછો કાળ 'ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત' કહેવાય છે; અને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની વચ્ચેના બધા કાળો 'મધ્યમ અંતર્મુહૂર્ત' કહેવાય છે. આ ઉપરથી જોઇ શકાશે કે જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તના એક એક જ' પ્રકાર છે, પણ મધ્યમ અંતર્મુહૂર્તના તો અનેક પ્રકારો છે.

૨૫૬ આવલિકા જેટલા સમયને 'ક્ષુલ્લક ભવ' કહેવામાં આવે છે. લગભગ સાડા સત્તર ક્ષુલ્લક ભવો મળીને એક ઉચ્છ્વાસ–નિઃશ્વાસ જેટલો વખત થાય છે. ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાઓ મળીને એક મુહૂર્ત થાય છે. એક મુહૂર્તમાં ૩,૭૭૩ પ્રાણો હોય છે અને ૬૫,૫૩૬ ક્ષુલ્લક ભવો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૨૨ મું. પુણ્ય અને પાપના પ્રકારો

આ દુનિયામાં જે મનુષ્યો છે તેમના સજ્જન અને દુર્જન એમ બે પ્રકારો પાડી શકાય. વળી આ પ્રત્યેકના સુખી અને દુઃખી એમ બે બે અવાંતર પ્રકારો પણ પડી શકે. આ પ્રમાણે મનુષ્યોના (૧) સજ્જન તેમ જ સુખી, (૨) સજ્જન છતાં દુઃખી, (૩) દુર્જન છતાં સુખી અને (૪) દુર્જન તેમ જ દુઃખી એમ એકંદર ચાર ભેદો પડે. કેટલાક મનુષ્યો આ ભવમાં સદાચારી હોવા છતાં દુઃખી જોવાય છે, જ્યારે કેટલાક મનુષ્યો આ ભવમાં દુરાચારી હોવા છતાં સુખી જોવાય છે. આવી વિચિત્ર સ્થિતિ પુણ્ય અને પાપને આભારી છે. આ વાત સ્પષ્ટ સમજાય તે માટે પુણ્યના પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય એવા બે ભેદોનો આપણે સૌથી પ્રથમ વિચાર કરીશું અને ત્યાર પછી પુણ્યાનુબંધી પાપ અને પાપાનુબંધી પાપ એમ પાપના પણ બે પ્રકારો વિચારીશું.

**પુણ્યાનુબંધી પુણ્ય**—'પુણ્યાનુબંધી' શબ્દ 'પુણ્ય' અને 'અનુબંધી' એ બે મળીને થયેલો છે. 'અનુબંધી' શબ્દમાં મૂળ શબ્દ 'અનુબંધ' છે અને એ અનુબંધનો અર્થ 'સંબંધ' થાય છે. એ ઉપરથી અનુબંધીનો અર્થ 'સંબંધવાળો' એમ કરાય છે. ગયા જન્મમાં જે પુણ્ય કરાયું હોય તેના ફળરૂપે અત્યારે સુખ અનુભવાય અને સાથે સાથે ધાર્મિક ક્રિયા કરવાનું વલણ રહે અને તેથી સદાચારી જીવન જીવાય તે પુણ્ય 'પુણ્યાનુબંધી પુણ્ય' કહેવાય છે. આ પુણ્ય ચાલુ જિંદગીમાં સુખ આપે છે એટલું જ નહિ, પણ આ પુણ્ય ભોગવતી વેળા નવું પુણ્ય બંધાતું જાય છે, જેથી ભવિષ્યમાં પણ સુખ મળે છે. આ પ્રમાણે આ પુણ્ય જન્માંતરને માટે પુણ્યનો યોગ કરાવી આપનારું હોઇ 'પુણ્યાનુબંધી પુણ્ય' કહેવાય છે. આના ઉદયથી આ ભવમાં તેમ જ પરભવમાં સુખ મળે છે.

**પાપાનુબંધી પુણ્ય**—જે પુણ્યના ફળરૂપે સુખ ભોગવતી વેળા દુરાચાર સેવવાનું વલણ રહેતું હોવાથી દુષ્ટ કાર્યો કરાય અને એથી પાપ બંધાય તે પુણ્ય 'પાપાનુબંધી પુણ્ય' કહેવાય છે. આ પુણ્યના ઉદયથી ચાલુ જિંદગીમાં સુખ મળે છે, પરંતુ ભવિષ્યમાં તો દુઃખ ઉત્પન્ન થાય તેવી સ્થિતિ ઊભી થાય છે. આવા પુણ્યના ઉદય દરમ્યાન દુર્જનોને સુખી જોઈ સામાન્ય લોકો અચંબો પામે છે, અને અધર્મનું ફળ સુખ કેમ હોઇ શકે એવો પ્રશ્ન ઉઠાવે છે. આ લોકો ભૂલી જાય છે કે અધર્મનું ફળ તો દુઃખ જ છે, પણ અત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુર્જનો જે સુખ ભોગવે છે તે અત્યારે તેમનાથી કરાતા અધર્મનું ફળ નથી, પરંતુ પૂર્વ ભવમાં તેમણે કરેલા પુણ્યનું ફળ છે.

**પુણ્યાનુબંધી પાપ**—ગયા જન્મમાં પાપ કરાયું હોય તેના ફળરૂપે અત્યારે દુઃખ અનુભવાય, પણ એ દુઃખ ભોગવતી વેળા ધર્મ કરવા તરફ ચિત્ત રહે અને એથી સદાચારી જીવન જીવાય તે પાપ 'પુણ્યાનુબંધી પાપ' કહેવાય છે, કેમકે આ પાપ જન્માંતરે માટે પુણ્યનો બંધ કરાવવામાં કારણરૂપ છે. આ પાપના ઉદયથી આ ભવમાં દુઃખ ભોગવવું પડે, પરંતુ પરભવમાં તો સુખ જ મળે.

**પાપાનુબંધી પાપ**—ગયા જન્મમાં જે પાપ કરાયેલાં હોય તેના ઉદયથી જીવ આ ભવમાં દુઃખ ભોગવે તેમ છતાં તે ઉપરથી ધડો ન લેતાં દુષ્ટ કાર્યો કર્યાં કરે અને તેમ કરી પાપનાં પોટલાં બાંધે તે પાપ 'પાપાનુબંધી પાપ' કહેવાય છે. આના ઉદયથી જીવ આ ભવમાં અને પરભવમાં પણ દુઃખી થાય છે.

આ દુનિયામાં જે રાજાઓ, ધનિકો વગેરે સુખી છે અને પવિત્ર જીવન ગાળે છે તેઓ પુણ્યાનુબંધી પુણ્યવાળા જાણવા.

જે રાજાઓ, ધનિકો વગેરે અત્યારે મોજ કરે છે, પરંતુ પરભવના ભાથા તરીકે પુણ્યનું ઉપાર્જન ન કરતાં પાપ બંધાય એવી પ્રવૃત્તિઓ કરે છે તેઓ પાપાનુબંધી પુણ્યવાળા જાણવા.

જેઓ આ ભવમાં ગરીબાઇ વગેરે દુઃખથી પીડાય છે છતાં સદાચારને છોડતા નથી તેઓ પુણ્યાનુબંધી પાપવાળા જાણવા.

જેઓ દરિદ્રી અને દુઃખી છે છતાં હજી દુષ્ટ કર્મ કરવામાં તલ્લીન રહે છે તેઓ પાપાનુબંધી પાપવાળા જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૨૩ મું. ઉપધાન ભાગ ૧ લો

મૂળચંદભાઇ ! આજે એ શું હતું? એ તમારો શેનો વરઘોડો હતો? એ વરઘોડાની શોભા, એના સાંબેલાની સંખ્યા, તમારા મુનિવરોનો મોટો સમુદાય અને હજારો માણસોની મેદની જોઇને હું તો સડક જ થઇ ગયો.

**મૂળચંદભાઇ**—જટાશંકરભાઇ ! આજનો અમારો એ વરઘોડો ખરેખર અજબ હતો. પણ હું તમને એક વાત પૂછું? રથની પાછળ કેટલી બધી સ્ત્રીઓ માળાઓનો થાળ માથે મૂકીને ચાલતી હતી તે તમે જોયું હતું કે?

**જટાશંકર**—હા, પણ મને એનું કાંઇ કારણ સમજાયું નહિ.

**મૂળચંદ૦**—એ માળારોપણનો વરઘોડો હતો એથી એમાં માળાઓ હતી. આવતી કાલે સવારે કેટલાક પુરુષોને અને કેટલીક સ્ત્રીઓને તેમના ભાઇઓ તરફથી માળા પહેરાવવાની ક્રિયા કરાશે. જેનું સૌથી વધારે ઘી હશે તેને પહેલી માળા પહેરાવાશે.

**જટાશંકર**—એવી માળા પહેરાવવાનો શો હેતુ છે?

**મૂળચંદ૦**—સાંભળો. જેમ તમારામાં બ્રાહ્મણને જનોઇ આપવાની ઉપનયનક્રિયા કરાય ત્યાર પછી જ તે ખરો બ્રાહ્મણ ગણાય છે, જેમ પારસીઓમાં કસ્તી આપ્યા પછી તે ખરો પારસી ગણાય છે, જેમ મુસ્લિમને સુન્નત કરાવ્યા પછી તે ખરો મુસ્લિમ ગણાય છે અને જેમ ખ્રિસ્તીઓમાં ખ્રિસ્તીને જલસંસ્કાર( baptism )ની ક્રિયા કરાયા પછી જ તે ખરો ખ્રિસ્તી ગણાય છે તેમ અમારામાં જે જૈને ઉપધાન વહન કર્યાં હોય તેને માળા પહેરાવવાની ક્રિયા કરાય ત્યારે જ તે સાચો જૈન ગણાય છે.

**જટાશંકર**—ઉપધાન વહન કરવાં તે શું?

**મૂળચંદ૦**—ઉપધાન એ એક જાતનું તપ છે અને એ તપ કરવું તે ઉપધાન વહન કરવું એમ કહેવાય છે. ઉપ એટલે પાસે અને ધાન એટલે ધારણ કરવું એટલે કે ગુરુમહારાજની પાસે નવકારમંત્ર વગેરે અમુક અમુક સૂત્રોનો વિધિ મુજબ અભ્યાસ કરવો તે 'ઉપધાન' છે. કદાચ પહેલેથી આ સૂત્રો એમ ને એમ શીખાયાં હોય તો પણ જેમ કોઇ મંત્ર સિદ્ધ કરવા માટે તેના કલ્પ મુજબ અમુક સ્થિતિમાં અમુક સ્થળમાં અમુક આસને બેસી તેનો એક ચિત્તે જાપ કરવો જોઇએ તેમ અમુક અમુક સૂત્રોની વિધિપૂર્વક ગુરુના મુખથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાચના લેવી જોઇએ એટલે ગુરુ મહારાજ પોતે સૂત્ર બોલે અને ઉપધાન કરનાર પાસે એ બોલાવે.

અત્યાર સુધી મૂળચંદનો પુત્ર નેમચંદ મૂંગો મૂંગો આ બધી વાતચીત સાંભળતો હતો. તે બોલી ઊઠ્યોઃ બાપાજી! અમુક અમુક સૂત્રો તે કયાં?

**મૂળચંદ૦**—ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં અથવા તો દેવવંદનમાં આવતાં એ સૂત્રો છે. એના મુખ્ય છ વિભાગો પાડવામાં આવ્યા છેઃ (૧) પંચમંગલમહાશ્રુતસ્કંધ નામે ઓળખાતો નવકારમંત્ર, (૨) પ્રતિક્રમણશ્રુતસ્કંધ તરીકે ઓળખાતું ઈર્યાપથિકીસૂત્ર તેમ જ તસ્સ ઉત્તરીસૂત્ર, (૩) શક્રસ્તવાધ્યયન તરીકે ઓળખાતો શક્રસ્તવ યાને નમુત્થુ ણં, (૪) ચૈત્યસ્તવાધ્યયનના નામથી ઓળખાતો ચૈત્યસ્તવ અને અન્નત્થ ઊસસિએણં, (૫) નામસ્તવાધ્યયન તરીકે ઓળખાતો નામસ્તવ યાને લોગસ્સસૂત્ર અને (૬) શ્રુતસ્તવાધ્યયન અને સિદ્ધસ્તવાધ્યયન તરીકે અનુક્રમે ઓળખાતાં પુક્ખરવરદીવડ્ઢે અને સિદ્ધાણં બુદ્ધાણં તેમ જ વૈયાવૃત્ત્યકરસૂત્ર. આ પ્રમાણેના છ વિભાગોને છ ઉપધાન તરીકે ઓળખાવાય છે. એ વહન કરવાના દિવસોની સંખ્યા અનુક્રમે ૧૮, ૧૮, ૩૫, ૪, ૨૮ અને ૭ એમ રાખવામાં આવી છે.

**જટાશંકર**—ત્યારે તો આ ક્રિયા ઘણો લાંબો વખત ચાલતી હશે નહિ વારુ?

**મૂળચંદ૦**—હા. એથી તો છ યે ઉપધાનો સાથે વહન ન કરતાં પહેલું, બીજું, ચોથું અને છઠ્ઠું સાથે વહન કરાય છે અને તેમ કરવામાં એકંદર ૪૭ દિવસ લાગે છે. એ ચાર ઉપધાન વહન થઈ રહેતાં માળા પહેરવામાં આવે છે. બાકીનાં ત્રીજા અને પાંચમા ઉપધાન પૂરાં કરાતાં એવી માળા પહેરવાની હોતી નથી. વળી એ ત્રીજું ઉપધાન અને પાંચમું ઉપધાન છૂટું છૂટું વહન કરાય ખરું, પરંતુ પહેલી વાર ઉપધાન કરવા માટે કેટલીક વ્યક્તિઓ તૈયાર થાય ત્યારે તેમની સાથે સાથે જ એ ઉપધાનો વહન કરાવાય છે.

**જટાશંકર**—ત્યારે આ પ્રમાણે છ ઉપધાન ત્રણ કટકે વહન થાય છે એમ જ ને?

**મૂળચંદ૦**—હા. એક વાર પહેલું, બીજું, ચોથુ અને છઠ્ઠું ઉપધાન વહન કરાય છે; પછી સમય મળતાં ત્રીજું ઉપધાન વહન કરાય છે; અને ત્યાર બાદ પાછો જોગ મળતાં પાંચમું ઉપધાન વહન કરાય છે.

**જટાશંકર**—આ દરેક ઉપધાન વખતે ઉપવાસ કરવાના હશે ને વારુ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂળચંદ૦**—હા. પહેલું ઉપધાન ૧૮ દિવસનું છે એટલે અઢારિયા તરીકે ઓળખાતા એ ઉપધાનમાં એક દિવસે ઉપવાસ અને બીજે દિવસે એકાસણું એમ ૧૮ દિવસ સુધી તપશ્ચર્યા કરાય છે અને વિશેષમાં એકાસણાને દિવસે પુરિમડ્ઢ કરાય છે. એકાસણાથી ૦। ઉપવાસ અને *પુરિમડ્ઢથી બે આની ઉપવાસ ગણાય છે. આ પ્રમાણે ગણતાં એકંદર ૧૨॥ ઉપવાસમાં બે આની ઓછા ઉપવાસ થાય છે. એ ઉણપ એકાદ દિવસ આયંબિલ કરાવી પૂર્ણ કરાય છે.

બીજું ઉપધાન પણ ૧૮ દિવસનું હોઇ તેને 'અઢારિયું' કહે છે. એમાં પણ પહેલા ઉપધાનની પેઠે ૧૨॥ ઉપવાસની તપશ્ચર્યા થાય છે.

ચોથું ઉપધાન ચાર દિવસનું છે. એને 'ચોથિયું' કહે છે. એમાં પહેલે દિવસે એક ઉપવાસ અને પછીના ત્રણે દિવસે એકેક આયંબિલ કરાય છે. એમ કુલ્લે ૨॥ ઉપવાસ જેટલી તપશ્ચર્યા થાય છે.

છટ્ઠું ઉપધાન સાત દિવસનું છે. એને 'છક્કિયું' કહેવામાં આવે છે. એમાં પહેલે અને છેલ્લે દિવસે એકેક ઉપવાસ કરાય છે અને બાકીના પાંચે દિવસે રોજ આયંબિલ કરાય છે. આ પ્રમાણે આ ઉપધાનમાં કુલ્લે ૪॥ ઉપવાસની તપશ્ચર્યા થાય છે.

પહલે બે ઉપધાન વહન કરનારની સાથે જ વહન કરાતાં ત્રીજા અને પાંચમા ઉપધાનમાં તપશ્ચર્યા એકાંતર ઉપવાસની રીતે જ કરાય છે; પણ જો એ ખાસ જુદાં વહન કરાય તો તેની ગણતરી નીચે મુજબ છે:

ત્રીજા ઉપધાનમાં પહેલાં ત્રણ ઉપવાસ અને પછી બત્રીસ દિવસોમાં રોજ આયંબિલ કરાય છે. આમ એકંદર ૧૯ ઉપવાસ જેટલી તપશ્ચર્યા થાય છે.

પાંચમા ઉપધાનમાં પહેલા ત્રણ દિવસ રોજ ઉપવાસ અને પછીના પચ્ચીસ દિવસોમાં રોજ આયંબિલ કરાય છે. આ પ્રમાણે એમાં કુલ ૧૫॥ ઉપવાસ જેટલી તપશ્ચર્યા કરાય છે.

**જટાશંકર**—આ પ્રમાણે તો છ ઉપધાનમાં અનુક્રમે ૧૨॥, ૧૨॥, ૧૯, ૨॥, ૧૫॥ અને ૪॥ એમ ઉપવાસની સંખ્યા થવા જાય છે.

**મૂળચંદ૦**—તમે ઠીક યાદ રાખ્યું.

---

* ૪૫ નમુક્કારસહિય, ૨૪ પોરિસી, ૧૮ સાઢપોરિસી, ૧૬ દુવિહાર પુરિમડ્ઢ, ૧૨ તિવિહાર પુરિમડ્ઢ, ૮ ચઉવિહાર પુરિમડ્ઢ, ૧૦ તિવિહાર અવડ્ઢ અને ૬ ચઉવિહાર અવડ્ઢ એ દરેક તપ એક ઉપવાસ બરાબર ગણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૨૪ મું. ઉપધાન ભાગ ૨ જો

થોડી વારે મૂળચંદભાઇને નેમચંદે કહ્યું કે આ છ ઉપધાન દરમ્યાન કેટલી કેટલી વાચના થાય છે તે તો તમે કહ્યું જ નહિ.

**મૂળચંદ૦**—એ તારે જાણવું છે?

**નેમચંદ**—હા, જી.

**મૂળચંદ૦**—તો સાંભળ. પહેલા ઉપધાનને અંગે પાંચ ઉપવાસ જેટલી તપશ્ચર્યા થતાં નવકારમંત્રના પહેલાં પાંચ પદોની એક વાચના અને એ ઉપધાન પૂરું થતાં એની ચૂલિકારૂપ ગણાતાં બાકીનાં ચાર પદોની બીજી વાચના એમ પહેલા ઉપધાનમાં બે વાચના થાય છે.

બીજા ઉપધાનમાં પણ બે વાચના થાય છે. પાંચ ઉપવાસ જેટલી તપશ્ચર્યા થાય એટલે ઈર્યાપથિકીસૂત્રની 'જે મે જીવા વિરાહિયા' સુધીની એક વાચના થાય છે, અને એ ઉપધાન પૂરું થાય એટલે ઈર્યાપથિકીસૂત્રના બાકીના ભાગની તેમ જ તસ્સ ઉત્તરી એ સૂત્રની એમ બીજી વાચના થાય છે.

ત્રીજા ઉપધાનની ત્રણ વાંચના થાય છે. તેમાં ત્રણ ઉપવાસ જેટલી તપશ્ચર્યા થતાં શક્રસ્તવની 'પુરિસવરગંધહત્થીણં' સુધીની એક વાચના, ત્યાર બાદ બીજા આઠ ઉપવાસ જેટલી તપશ્ચર્યા થતાં 'ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં' સુધીની બીજી વાચના અને ઉપધાનના અંતમાં શક્રસ્તવના બાકીના પાઠની ત્રીજી વાચના થાય છે.

ચોથા ઉપધાનની એક જ વાચના થાય છે. એ ઉપધાન પૂરું થવા આવે એટલે ચૈત્યસ્તવ અને અન્નત્થ ઊસસિએણં એ બે સૂત્રોની વાંચના થાય છે.

પાંચમા ઉપધાનની ત્રણ વાચના થાય છે. ત્રણ ઉપવાસ જેટલી તપશ્ચર્યા થતાં નામસ્તવની એક ગાથાની એક વાચના, બીજા છ ઉપવાસ થતાં એની પછીની બે ગાથાની બીજી વાચના અને બીજા છ ઉપવાસ થતાં એની પછીની ત્રણ ગાથાની ત્રીજી વાચના અપાય છે.

છઠ્ઠા ઉપધાનની બે વાચના થાય છે. બે ઉપવાસ જેટલી તપશ્ચર્યા થતાં સંપૂર્ણ શ્રુતસ્તવની એક વાચના અપાય છે અને ઉપધાનને છેલ્લે દિવસે સિદ્ધસ્તવ તેમ જ વૈયાવૃત્ત્યકરસૂત્ર એમ બે સૂત્રોની બીજી વાચના અપાય છે.

આ પ્રમાણે મૂળચંદભાઇ એના પુત્રને વાચનાની સમજણ આપી રહ્યા એટલે જટાશંકરે પૂછ્યું: મૂળચંદભાઇ! ઉપધાન એટલે અમુક અમુક તપશ્ચર્યા અને અમુક અમુક સૂત્રની વાચના એટલું જ કે બીજું કંઇ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળચંદ૦—ના, એટલું જ નહિ. બીજી પણ કેટલીક ક્રિયાઓ કરાય છે. હું તમને એમાંની મુખ્ય આઠ ગણાવીશઃ

(૧) સવારે અને સાંજે એમ બંને વાર રોજ પ્રતિક્રમણ કરવું.

(૨) દિવસ અને રાત એમ આઠે પહોરનું રોજ પૌષધ વ્રત કરવું.

(૩) બે વખત ચરવળા વગેરેની પ્રતિલેખના કરવી.

(૪) સવારે, બપોરે અને સાંજે એમ ત્રણ ટંક દેવવંદના કરવી.

(૫) જિનમંદિરે દર્શન કરી આઠ સ્તુતિ વડે દેવ વાંદવા.

(૬) સો લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.

(૭) દરરોજ સો ખમાસમણાં દેવાં.

(૮) પહેલા, બીજા, ચોથા અને છટ્ઠા ઉપધાનવાળાએ નવકારની ૨૦ બાંધી નવકારવાળી ગણવી અને ત્રીજા ને પાંચમા ઉપધાનવાળાએ લોગસ્સની ત્રણ ત્રણ બાંધી નવકારવાળી ગણવી.

આ ઉપરાંત ઉપધાન વહન કર્યા બાદ એ ક્રિયા તાજી રહે અને જીવન ઉજ્જ્વળ બને તેમ વર્તવું એ ઉપધાન કરનારે ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૨૫ મું. કર્મની ઉત્તર પ્રકૃતિઓ ભાગ ૧ લો

આપણે પાંચમી કિરણાવલીમાં કર્મપ્રકૃતિ અને તેના જ્ઞાનાવરણ ઇત્યાદિ આઠ પ્રકારો શીખી ગયા. આ આઠ પ્રકારો તે 'કર્મની મૂળ પ્રકૃતિઓ' કહેવાય છે. એ દરેકના જે પેટાવિભાગો પડે છે તે 'કર્મની ઉત્તર પ્રકૃતિઓ' કહેવાય છે. જ્ઞાનાવરણની ૫, દર્શનાવરણની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, આયુષ્યની ૪, નામની ૪૨, ગોત્રની ૨ અને અંતરાયની ૫ એમ એકંદર ૯૭ ઉત્તર પ્રકૃતિઓ છે. એમાં જ્ઞાનાવરણની પાંચ ઉત્તર પ્રકૃતિઓ છે. જેમકે (૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ, (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યાયજ્ઞાનાવરણ અને (૫) કેવલજ્ઞાનાવરણ. આ દરેકનું સ્વરૂપ નીચે પ્રમાણે છેઃ—

જે કર્મ મતિજ્ઞાનનું આવરણ કરે છે એટલે કે એની ઉત્પત્તિને અટકાવે છે તે 'મતિજ્ઞાનાવરણ' કહેવાય છે.

જે કર્મ શ્રુતજ્ઞાનનું આવરણ કરે છે તે 'શ્રુતજ્ઞાનાવરણ' કહેવાય છે.

જે કર્મ અવધિજ્ઞાનનું આવરણ કરે છે તે 'અવધિજ્ઞાનાવરણ' કહેવાય છે.

જે કર્મ મનઃપર્યાયજ્ઞાનનું આવરણ કરે છે તે 'મનઃપર્યાયજ્ઞાનાવરણ' કહેવાય છે.

જે કર્મ કેવલજ્ઞાનનું આવરણ કરે છે તે 'કેવલજ્ઞાનાવરણ' કહેવાય છે.

દર્શનાવરણની નવ ઉત્તર પ્રકૃતિઓ છે. જેમકે (૧) ચક્ષુર્દર્શનાવરણ, (૨) અચક્ષુર્દર્શનાવરણ, (૩) અવધિદર્શનાવરણ, (૪) કેવલદર્શનાવરણ, (૫) નિદ્રા, (૬) નિદ્રાનિદ્રા, (૭) પ્રચલા, (૮) પ્રચલાપ્રચલા અને (૯) સ્ત્યાનગૃદ્ધિ.

નેત્રરૂપ ઇન્દ્રિય વડે જે સામાન્ય બોધ થાય છે તે 'ચક્ષુર્દર્શન' કહેવાય છે અને એવા બોધને રોકનારું કર્મ 'ચક્ષુર્દર્શનાવરણ' કહેવાય છે.

નેત્ર સિવાયની બીજી ચાર ઇન્દ્રિયોમાંથી ગમે તે કોઇ ઇન્દ્રિય વડે કે મન વડે થતો સામાન્ય બોધ તે 'અચક્ષુર્દર્શન' કહેવાય છે અને એવા બોધને રોકનારું કર્મ 'અચક્ષુર્દર્શનાવરણ' કહેવાય છે.

અવધિરૂપ લબ્ધિથી ઉત્પન્ન થતો સામાન્ય બોધ 'અવધિદર્શન' કહેવાય છે અને એ બોધને રોકનારું કર્મ 'અવધિદર્શનાવરણ' કહેવાય છે.

કેવલરૂપ લબ્ધિથી ઉત્પન્ન થતો સામાન્ય બોધ 'કેવલદર્શન' કહેવાય છે અને એ બોધને રોકનારું કર્મ 'કેવલદર્શનાવરણ' કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કર્મનો ઉદય થતાં સુખેથી જાગી શકાય એવી ઊંઘ આવે તે કર્મ 'નિદ્રા' કહેવાય છે. એને 'નિદ્રાવેદનીય' તેમ જ 'નિદ્રાવેદનીય–દર્શનાવરણુ' પણુ કહેવામાં આવે છે.

જે કર્મનો ઉદય થતાં મહામુસીબતે જાગી શકાય એવી ઊંઘ આવે તે કર્મ 'નિદ્રાનિદ્રા' કહેવાય છે. એને 'નિદ્રાનિદ્રાવેદનીય' તેમ જ 'નિદ્રાનિદ્રાવેદનીય-દર્શનાવરણુ' પણુ કહેવામાં આવે છે.

જે કર્મનો ઉદય થતાં બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં ઊંઘ આવી જાય તે કર્મ પ્રચલા, પ્રચલાવેદનીય તેમ જ પ્રચલાવેદનીય–દર્શનાવરણુ પણુ કહેવાય છે.

જે કર્મનો ઉદય થતાં ચાલતાં ચાલતાં પણુ ઊંઘ આવી જાય તે પ્રચલાપ્રચલા, પ્રચલાપ્રચલાવેદનીય તેમ જ પ્રચલાપ્રચલાવેદનીય-દર્શનાવરણુ પણુ કહેવાય છે.

જે કર્મનો ઉદય થતાં જાગૃત દશામાં ચિંતવેલ કાર્ય નિદ્રામાં કરાય તે 'સ્ત્યાનગૃદ્ધિ' કહેવાય છે. આને 'સ્ત્યાનગૃદ્ધિવેદનીય' કે 'સ્ત્યાનગૃદ્ધિવેદનીય-દર્શનાવરણુ' પણુ કહેવામાં આવે છે. વળી સ્ત્યાનગૃદ્ધિને બદલે 'સ્ત્યાનર્દ્ધિ' એવો પણુ પ્રયોગ કરાય છે.

વેદનીય કર્મની બે ઉત્તર પ્રકૃતિઓ છેઃ (૧) સાતવેદનીય અને (૨) અસાત-વેદનીય. આ બન્નેનું સ્વરૂપ આપણે પાંચમી કિરણાવલીમાં વિચારી ગયા છીએ.

મોહનીય કર્મના બે મુખ્ય ભેદો છેઃ (૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્રમોહનીય. જીવ વગેરે પદાર્થો જેવા છે તેવા જ તેને માનવા તે 'દર્શન' કહેવાય છે. આ સાચી શ્રદ્ધા હોવાથી એને 'સમ્યગ્દર્શન' પણ કહેવામાં આવે છે. દર્શનમોહનીય કર્મ આ સમ્યગ્દર્શનને દબાવી રાખે છે.

જે વર્તન દ્વારા આત્મા પોતાનું અસલ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે તે 'ચારિત્ર' કહેવાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો હિંસા વગેરે પાપી પ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ અને અહિંસા વગેરેનું આચરણુ તે 'ચારિત્ર' કહેવાય છે. ચારિત્રમોહનીય કર્મ આવા ઉત્તમ ચારિત્રને અટકાવી રાખે છે.

દર્શનમોહનીય કર્મના ૩ અને ચારિત્રમોહનીય કર્મના ૨૫ અવાંતર પ્રકારો પડે છે. આ ઉપરથી જોઇ શકાશે કે મોહનીય કર્મના કુલ્લે ૨૮ પ્રકારો પડે છે. એ ૨૮ પ્રકારોને મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિ તરીકે ઓળખાવાય છે. એનું વર્ણન આપણે આગળ ઉપર કરીશું.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૨૬ મું. કર્મની ઉત્તર પ્રકૃતિઓ ભાગ ૨ જો

જે કર્મની હૈયાતીથી પ્રાણી જીવે છે અને જેનો નાશ થતાં પ્રાણી મરણ પામે છે તે 'આયુષ્યકર્મ' કહેવાય છે. આ આયુષ્યકર્મના (૧) સુર–આયુષ્ય, (૨) નર–આયુષ્ય, (૩) તિર્યગ્–આયુષ્ય અને (૪) નરક–આયુષ્ય એમ શાસ્ત્રમાં ચાર પ્રકારો સૂચવાયેલા છે. એ ચારે આયુષ્યકર્મની ઉત્તર પ્રકૃતિઓ ગણાય છે.

શરીરની સ્વાભાવિક કાંતિથી જે દીપે તે 'સુર' એવો સુરનો વ્યુત્પત્તિ–અર્થ છે. જ્યાં મોટે ભાગે શારીરિક તેમ જ માનસિક સુખનો જ અનુભવ થાય એવી દેવ–ગતિમાં જે કર્મના ઉદયથી કરોડો વર્ષો સુધી સ્થિતિ થાય તે 'સુર–આયુષ્ય' કહેવાય છે

જે જીવ પદાર્થના તાત્પર્યનો વિવેકપૂર્વક વિચાર કરી શકે તે 'નર' એવો નરનો વ્યુત્પત્તિ–અર્થ છે. જે કર્મના ઉદયથી શારીરિક અને માનસિક સુખ-દુ:ખથી યુક્ત એવી મનુષ્ય–ગતિમાં સ્થિતિ થાય તે 'નર–આયુષ્ય' કહેવાય છે.

જે કર્મના ઉદયથી ભૂખ, તરસ, ટાઢ, તડકો વગેરે અનેક જાતનાં દુ:ખોથી યુક્ત એવી તિર્યગ્-ગતિમાં યાને તિર્યંચપણામાં સ્થિતિ થાય તે 'તિર્યગ્–આયુષ્ય' કહેવાય છે.

જે કર્મના ઉદયથી અતિશય વેદનાઓથી ભરપૂર એવી નરક–ગતિમાં કરોડો વર્ષો સુધી સ્થિતિ થાય તે 'નરક-આયુષ્ય' કહેવાય છે.

નામકર્મના ૪૨ પ્રકારો છે. એ બધાને એની ઉત્તર પ્રકૃતિઓ તરીકે ઓળખાવાય છે. એ તમામનો અહીં વિચાર ન કરતાં તેમાંથી કેટલીકનો જ વિચાર કરીશું. જેમકે શરીરના સફેદ વગેરે પાંચ વર્ણોનું નિયામક કર્મ તે વર્ણનામ-કર્મ; શરીરના બે ગંધોનું નિયામક કર્મ તે ગંધનામકર્મ; શરીરના તીખા વગેરે પાંચ રસોનું નિયામક કર્મ તે રસનામકર્મ; અને શરીરના ઠંડા વગેરે આઠ સ્પર્શોનું નિયામક કર્મ તે સ્પર્શનામકર્મ.

આ ઉપરાંત બીજાં પણ નામકર્મ છે. જેમકે શ્વાસ લેવામૂકવાની શક્તિનું નિયામક કર્મ તે શ્વાસોચ્છ્વાસનામકર્મ. ધર્મતીર્થ પ્રવર્તાવવાનું બળ આપનારું કર્મ તે તીર્થંકરનામકર્મ. શરીરનાં હાડકાનાં બંધની ખાસ રચનારૂપ કર્મ તે સંહનન-નામકર્મ. શરીરની વિવિધ આકૃતિઓના નિમિત્તરૂપ કર્મ તે સંસ્થાનનામકર્મ. જે કર્મના ઉદયથી, જીવનો અવાજ અન્ય સાંભળનારને પ્રીતિ ઉત્પન્ન કરે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુસ્વરનામકર્મ; અને જેનાથી તે સાંભળનારને અપ્રીતિ ઉત્પન્ન થાય તે દુઃસ્વરનામકર્મ. જે કર્મના ઉદયથી, કોઇ પણ જાતનો ઉપકાર ન કરવા છતાં સર્વ જનોને પ્રિય થઇ પડાય તે સુભગનામકર્મ; અને જેના ઉદયથી, ઉપકાર કરવા છતાં પણ સર્વ જનોને પ્રિય ન થઇ પડાય તે દુર્ભગનામકર્મ. જે કર્મના ઉદયથી બોલાયેલું બહુમાન્ય બને તે આદેયનામકર્મ; અને જે કર્મના ઉદયથી તેમ ન થાય તે અનાદેયનામકર્મ. જે કર્મના ઉદયથી દુનિયામાં આબરુ મળે તે યશઃકીર્તિનામકર્મ; અને જે કર્મના ઉદયથી આબરુ ન મળે પણ અપકીર્તિ મળે તે અયશઃકીર્તિનામકર્મ.

ગોત્રકર્મની બે ઉત્તર પ્રકૃતિઓ છેઃ (૧) ઉચ્ચ ગોત્ર ને (૨) નીચ ગોત્ર. એ બંનેનું સ્વરૂપ નીચે મુજબ છેઃ—

જે કર્મના ઉદયથી, નિર્ધન, કુરૂપ અને મૂર્ખ મનુષ્ય પણ ઉચ્ચ કુળમાં જન્મ પામેલો હોવાથી જ પ્રશંસા પામે છે તે 'ઉચ્ચ ગોત્ર' કહેવાય છે.

જે કર્મના ઉદયથી, મનુષ્ય ધનિક, સુરૂપ અને બુદ્ધિશાળી હોવા છતાં નીચ કુળમાં જન્મ પામેલો હોવાથી જ નિન્દાને પાત્ર બને છે તે 'નીચ ગોત્ર' કહેવાય છે.

એ તો સૌ કોઇ કબૂલ કરશે કે જે કુળમાં વંશપરંપરાથી ધર્મ અને નીતિનું પાલન થતું આવ્યું હોય તે 'ઉચ્ચ કુળ' છે, અને જ્યાં કેટલાં યે વર્ષોથી અધર્મ અને અનીતિનું સેવન થતું આવ્યું હોય તે 'નીચ કુળ' છે. જૈન શાસ્ત્રમાં ઇક્ષ્વાકુ વંશ, ચન્દ્ર વંશ વગેરેને ઉચ્ચ કુળ ગણેલા છે, જ્યારે કસાઇ, દારુ વેચનાર, ચોર વગેરેનાં કુળોને નીચ કુળ ગણેલાં છે.

અન્તરાયકર્મના (૧) દાનાન્તરાય, (૨) લાભાન્તરાય, (૩) ભોગાન્તરાય, (૪) ઉપભોગાન્તરાય અને (૫) વીર્યાન્તરાય એમ પાંચ પ્રકારો છે. આ પાંચેને અંતરાયકર્મની ઉત્તર પ્રકૃતિ તરીકે ઓળખાવાય છે. એ દરેકનું સ્વરૂપ નીચે મુજબ છેઃ—

દાન આપવા જેવી વસ્તુ તૈયાર હોય, સદ્ગુણી પાત્ર હાજર હોય, દાનના ફળની માહિતી હોય અને એથી દાન દેવાની પૂરેપૂરી ઇચ્છા પણ હોય તેમ છતાં જે કર્મના ઉદયથી જીવ દાન ન દઇ શકે તે 'દાનાન્તરાય' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છેલી વસ્તુ મળવી તે 'લાભ' છે. યોગ્ય સામગ્રી હોવા છતાં લાભ થવામાં જે કર્મ વિઘ્નરૂપ બને છે તે 'લાભાન્તરાય' કહેવાય છે.

જે વસ્તુઓ એક જ વાર ખાવા, પીવા વગેરે કામમાં લઇ શકાય તે 'ભોગ' કહેવાય છે. જેમકે ભોજન, જળ, વગેરે. જે વારંવાર કામમાં લઇ શકાય તે 'ઉપભોગ' કહેવાય છે. દાખલા તરીકે ઘર, કપડાં, ઘરેણાં વગેરે.

ભોગનાં સાધનો મોજુદ હોય અને વિરતિનો પરિણામ પણ ન હોય તેમ છતાં જે કર્મના ઉદયથી ભોજન વગેરે ભોગોનો ઉપયોગ ન કરી શકાય તે 'ભોગાન્તરાય' કહેવાય છે.

એવી રીતે ઉપભોગનાં સાધનો હાજર હોય અને પોતે વિરતિથી રહિત હોય તેમ છતાં જે કર્મના ઉદયને લીધે ઉપભોગનો ઉપયોગ કરવાની ઇચ્છા સફળ ન થાય તે 'ઉપભોગાન્તરાય' કહેવાય છે.

વીર્ય એટલે 'બળ'. આને શક્તિ તેમ જ સામર્થ્ય પણ કહેવામાં આવે છે. શરીર નીરોગી હોય, પોતે જુવાન હોય અને બળ પણ હોય છતાં એ બળનો ઉપયોગ જે કર્મના ઉદયને લીધે જીવ કરી શકે નહિ તે 'વીર્યાન્તરાય' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૨૭ મું. મેરુ પર્વત

આપણે શીખી ગયા તેમ મેરુ પર્વત બધા દ્વીપો અને સમુદ્રોની વચમાં આવેલો છે. આથી એ મનુષ્ય-લોકના મધ્યબિન્દુ જેવો છે. એ મેરુ પર્વતની ઊંચાઇ એક લાખ યોજનની છે. તેમાંનો ૧૦૦૦ યોજન જેટલો ભાગ જમીનની અંદર છે એટલે આપણને એ અદશ્ય છે. એ ભાગની લંબાઇ અને પહોળાઇ દરેક જગ્યાએ ૧૦,૦૦૦ યોજન જેટલી છે. એ પર્વતનો ૯૯,૦૦૦ યોજન જેટલો ભાગ જમીનની બહાર છે. એમાંનો ઉપરનો અંશ જેમાંથી ચૂલિકા નીકળે છે તે ૧૦૦૦ યોજન જેટલો લાંબોપહોળો છે.

મેરુનાં ત્રણ કાંડો છે. એમાંનું પહેલું કાંડ ૧૦૦૦ યોજન જેટલું ઊંચું છે અને એ જમીનમાં છે. એમાં શુદ્ધ પૃથ્વી અને કાંકરા વધારે છે. બીજું કાંડ ૬૩,૦૦૦ યોજનની ઊંચાઇનું છે. એમાં ચાંદી, સ્ફટિક વગેરેની અધિકતા છે. ત્રીજું કાંડ ૩૬,૦૦૦ યોજનની ઊંચાઇનું છે અને એમાં સોનું વિશેષ પ્રમાણમાં છે. આ ત્રણે કાંડોના સ્વરૂપનો વિચાર કરવાથી સમજાશે કે મેરુ પર્વત અધોલોક, તિર્યગ્લોક અને ઊર્ધ્વલોક એમ ત્રણે લોકમાં આવેલો છે.

મેરુ પર્વત ભદ્રશાલ, નંદન, સૌમનસ અને પાંડુક એ નામનાં ચાર વનોથી શોભે છે. એ વનો એક બીજાથી ઊંચે ઊંચે આવેલાં છે. પાંડુક વન સૌથી ઊંચું છે અને એ મેરુ પર્વતની ટોચ ઉપર આવેલું છે.

મેરુના સૌથી ઉપરના ભાગમાં એક ચૂલિકા છે. એ ૪૦ યોજન જેટલી ઊંચી છે. એ મૂળમાં ૧૨ યોજન, મધ્યમાં ૮ યોજન, અને ઉપરના ભાગમાં ૪ યોજન જેટલી લાંબીપહોળી છે. એને ગણતરીમાં લેતાં મેરુ પર્વતની એકંદર ઊંચાઇ એક લાખ અને ચાળીસ યોજનની થાય છે.

આ પ્રમાણે જંબૂદ્વીપમાં આવેલા મેરુનું વર્ણન જૈન શાસ્ત્રમાં નજરે પડે છે. જેમ જંબૂદ્વીપમાં એક મેરુ પર્વત છે તેમ ધાતકી દ્વીપમાં બે મેરુ અને પુષ્કરાર્ધ દ્વીપમાં પણ બે મેરુ પર્વતો છે. આ ઉપરથી જણાશે કે એકંદર મેરુ પર્વતો પાંચ છે. એ દરેક પર્વત ઉપર ચાર ચાર શિલાઓ છે. તેમાંની પૂર્વ દિશામાં આવેલી શિલાનું નામ પાંડુ છે; દક્ષિણ દિશામાં આવેલી શિલાનું નામ પાંડુકંબલ છે; પશ્ચિમ દિશામાં આવેલી શિલાનું નામ રક્ત છે; અને ઉત્તર દિશામાં આવેલી શિલાનું નામ રક્તકંબલ છે. કેટલીક વાર આ નામોને બદલે પાંડુકંબલ, અતિ-પાંડુકંબલ, રક્તકંબલ અને અતિરક્તકંબલ એવાં પણ નામો જોવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંડુ શિલા ઉપર બે સિંહાસનો છે. તેમાંના ઉત્તર દિશામાં આવેલા સિંહાસન ઉપર પૂર્વ મહાવિદેહની ઉત્તર દિશામાં આવેલા વિજયમાં જન્મેલા તીર્થંકરનો જન્માભિષેક કરાય છે, અને દક્ષિણ દિશામાં આવેલા બીજા સિંહાસન ઉપર પૂર્વ મહાવિદેહની દક્ષિણ દિશામાં આવેલા વિજયમાં જન્મેલા તીર્થંકરનો જન્માભિષેક કરાય છે. પાંડુકંબલ શિલા ઉપર એક જ સિંહાસન છે. એના ઉપર ભરતક્ષેત્રમાં જન્મેલા તીર્થંકરનો જન્માભિષેક કરાય છે. રક્ત શિલા ઉપર પાંડુ શિલાની જેમ બે સિંહાસનો છે. તેમાંના ઉત્તર દિશામાં આવેલા સિંહાસન ઉપર પશ્ચિમ મહાવિદેહની ઉત્તર દિશામાં આવેલા વિજયમાં જન્મેલા તીર્થંકરનો જન્માભિષેક કરાય છે, અને દક્ષિણ દિશામાં આવેલા બીજા સિંહાસન ઉપર પશ્ચિમ મહાવિદેહની દક્ષિણ દિશામાં આવેલા વિજયમાં તે સમયે જન્મેલા તીર્થંકરનો જન્માભિષેક કરાય છે. રક્તકંબલ શિલા ઉપર એક જ સિંહાસન છે. એના ઉપર ઐરાવત ક્ષેત્રમાં જન્મેલા તીર્થંકરનો જન્માભિષેક કરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૨૮ મું. મનુષ્યભવ અને તેની દુર્લભતા ભાગ ૧ લો

દેવો વ્રત કરતા નથી કે સંયમ પાળતા નથી. તેમાંના ઘણાખરા તો મોટે ભાગે મોજમજામાં જ વખત પસાર કરે છે. મનુષ્ય માટે સંયમી જીવન ગાળવું બની શકે તેમ છે. સચોટ અને સંપૂર્ણ સંયમ પાળ્યા વિના મોક્ષ મળતો નથી. આવો ઉચ્ચ કોટિનો સંયમ પાળવા માટે મનુષ્ય યોગ્યતા ધરાવે છે. આથી દેવ તરીકેના જન્મ કરતાં પણ મનુષ્ય તરીકેનો જન્મ વધારે સારો ગણાય છે.

આવો ઉત્તમ મનુષ્યજન્મ મેળવવો તે નાનીસૂની વાત નથી. કેટલું યે પુણ્ય કરાય ત્યારે મનુષ્ય તરીકે જન્મ મળે. મનુષ્યભવની દુર્લભતા સૂચવવા માટે શાસ્ત્રમાં (૧) ભોજન, (૨) પાસા, (૩) અનાજ, (૪) જુગાર, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) ચક્ર, (૮) ચામડું, (૯) ધુંસરી અને (૧૦) પરમાણુ એમ દસ ઉદાહરણો આપવામાં આવ્યાં છે. આપણે આ દરેક ઉદાહરણ સંક્ષેપમાં વિચારીશું.

**ભોજનનું ઉદાહરણ**—બ્રહ્મદત્ત નામે એક ચક્રવર્તી રાજા હતો. તે એક વેળા કોઇ બ્રાહ્મણના ઉપર પ્રસન્ન થયો. આથી તેણે એ બ્રાહ્મણને પોતાની ઇચ્છામાં આવે તે માગવા કહ્યું. એ બ્રાહ્મણે વારાદીઠ ઘેર ઘેરથી ભોજન અને દક્ષિણા મળે એવી માગણી કરી. રાજાએ એ વાત કબૂલ રાખી. સૌથી પ્રથમ તેણે પોતે જ તેને જમાડ્યો અને દક્ષિણા તરીકે એક સોનામહોર આપી. એ રાજાનાં ૯૬ કરોડ ગામો હતાં. એ દરેક ગામમાં ચૂલાદીઠ ભોજન કરતાં ફરીથી તે રાજાને ત્યાં ભોજન કરવાનો વારો આવવો જેટલો મુશ્કેલ છે તેના કરતાં અધિક મુશ્કેલીની વાત તો મનુષ્યભવ મળવો તે છે.

**પાસાનું ઉદાહરણ**—એક વેળા ચાણક્યે ખજાનો તર કરવા માટે એક દેવનું આરાધન કરી દિવ્ય પાસા મેળવ્યા. આ પાસા વડે રમનાર હારે નહિ એવો એનો ગુણ હતો. ચાણક્યે જુગાર રમવામાં ચાલાક એવા એક માણસને એ દિવ્ય પાસા અને સોનામહોરોથી ભરેલો થાળ આપ્યો. જો હું જીતું તો એક સોનામહોર લઉં અને હારું તો આ થાળ તેમ જ તેમાં રહેલી બધી સોનામહોરો આપું એમ કહી એ જુગારી રસ્તામાં જુગાર ખેલવા બેઠો. એને હરાવવાનું કામ જેટલું મુશ્કેલ છે એથી વધારે મુશ્કેલ કામ મનુષ્યભવ મેળવવાનું છે.

**અનાજનું ઉદાહરણ**—આપણી જન્મભૂમિમાં જેટલી જાતનાં અનાજ મળે છે એ બધાં એકઠાં કરીએ અને પછી એમાં આપણે એક પાલી સરસવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાખીએ અને એક ડોસીને તે જુદા કરવા બેસાડીએ. કદાચ મહામહેનતે એ ડોસી તે જુદા કરી શકે, પરંતુ મનુષ્યભવ મેળવવો તો એથી પણ વધારે મુશ્કેલ છે.

**જુગારનું ઉદાહરણ**—એક ગામમાં એક ઘરડો રાજા રાજ્ય કરતો હતો. તેની સભાના મંડપને ૧૦૮ થાંભલા હતા. થાંભલે થાંભલે ૧૦૮ આંકા હતા. એ રાજાને એક પુત્ર હતો. તેણે રાજ્ય મેળવવા માટે આ ઘરડા રાજાને મારી નાખવાનો મનસૂબો કર્યો. પ્રધાનને એની ખબર પડતાં તેણે યુક્તિ શોધી કાઢી. તેણે રાજાને સલાહ આપી કે તમે પુત્રને બોલાવો અને કહો કે તારે જલદી રાજ્ય લેવું હોય તો તું મારી સાથે જુગાર રમ. ફક્ત શરત એ છે કે જો તારા ૧૦૮ દાવ સામટા પડે તો તું એક આંકો જીતે, પરંતુ વચ્ચે જો મારો દાવ પડે તો તારી મહેનત ફોગટ જાય. આવી રીતે ૧૦૮ થાંભલા જીતવાનું કાર્ય જેટલું મુશ્કેલી-ભરેલું ગણાય તેના કરતાં પણ વધારે અઘરું કામ મનુષ્યભવ મેળવવાનું છે.

**રત્નનું ઉદાહરણ**—કોઇ એક વેપારી પાસે ઘણાં રત્નોનો ભંડાર હતો, પણ તેમાંથી તે એક કદી પણ બહાર કાઢતો નહિ. એક વેળા તે પરદેશ ગયો. આ વખતે તેના પુત્રોએ વિચાર કર્યો કે પિતા લોભી હોવાથી રત્નો બહાર કાઢતા નથી. આથી ઘરમાં કરોડોનો માલ હોવા છતાં આપણે બીજા કોટિધ્વજોની પેઠે આપણા ઘર ઉપર ધજા ચઢાવી શકતા નથી. એવામાં દેશાવરથી વેપારીઓ આવતાં તેમણે બધાં રત્નો વેચી ઘર ઉપર ધજા ચઢાવી. તેમના પિતા પાછા આવ્યા ત્યારે તેમને ખબર પડી કે પુત્રોએ રત્નો વેચી નાખ્યાં હતાં. આથી પિતાએ તે રત્નો પાછાં લાવવા પુત્રોને કહ્યું. એ કામમાં તેમને ફત્તેહ મળવી જેટલી મુશ્કેલ છે એનાથી વધારે મુશ્કેલ મનુષ્યજન્મની પ્રાપ્તિ છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૨૯ મું. મનુષ્યભવ અને તેની દુર્લભતા ભાગ ૨ જો

**સ્વપ્નનું ઉદાહરણ**—એક વેળા એક કાપડીને તેમ જ બીજા પુરુષને રાત્રે ચન્દ્રનું પાન કર્યાનું સ્વપ્ન આવ્યું. કાપડીએ ગુરુ પાસે જઇને એ વાત તેમને કહી. ત્યારે ગુરુએ તેને કહ્યું કે તને ઘી અને ગોળવાળી રોટલી મળશે અને થયું પણ તેમ જ

પેલો બીજો પુરુષ બરાબર નાહીને હાથમાં ફળ અને ફૂલ લઇ સ્વપ્નપાઠક પાસે ગયો અને તેની પાસે એ ધરી એણે સ્વપ્નનું ફળ પૂછ્યું. તેણે વિચાર કરી જવાબ આપ્યો કે તું સાતમે દિવસે રાજા થઇશ. એવામાં એક ગામનો રાજા મરણ પામ્યો. તેને પુત્ર નહિ હોવાથી ગામના મુખ્ય પુરુષોએ પાંચ દિવ્યો સજ્જ કર્યાં. તેઓ ભમતા ભમતા પેલો પુરુષ સૂતો હતો ત્યાં આવ્યા. ઝાડની છાયા એના ઉપરથી દૂર થતી ન હતી. એ જોઇને હાથીએ ગર્જના કરી, ઘોડાએ હણહણાટ કર્યો, હાથીએ એના ઉપર કળશ ઢોળ્યો, ચામરો આપોઆપ વીંજાવા લાગ્યા અને એના મસ્તક ઉપર સફેદ છત્ર શોભવા લાગ્યું. આ વખતે હાથીએ પોતે એને પોતાની ખાંધ ઉપર બેસાડ્યો. મુખ્ય પુરુષો એને વાજતે ગાજતે નગરમાં લઈ ગયા અને ત્યાં એનો રાજ્યાભિષેક કરી એને રાજા બનાવ્યો.

વખત જતાં કાપડીને આ વાતની ખબર પડી. તેણે વિચાર્યું કે મેં બરાબર વિધિ સાચવી નહિ તેથી મને સ્વપ્નનું આવું સુંદર ફળ મળ્યું નહિ. હવે હું એવો પ્રયત્ન કરું કે ફરીથી આવું સ્વપ્ન આવે. આ બાબતમાં સફળ થવું જેટલું અઘરું છે એના કરતાં વધારે અઘરું કાર્ય મનુષ્યભવ મેળવવો એ છે.

**ચક્રનું ઉદાહરણ**—એક રાજાએ પોતાની પુત્રીને ઉમરલાયક થયેલી જોઈ તેના લગ્ન માટે વિચાર કરવા માંડ્યો. પુત્રીએ કહ્યું કે જે ખરો બાણાવળી હશે તેને હું પરણીશ. આ ઉપરથી રાજાએ રાધાવેધની તૈયારી કરાવવા માંડી. પ્રથમ તો તેણે એક થાંભલો તૈયાર કરાવ્યો. પછી તેના ઉપર બેસાડવા માટે એક લાકડાની પૂતળી તૈયાર કરાવી અને તેનું નામ 'રાધા' રાખ્યું. ત્યાર બાદ તેણે ચાર ચક્રો જમણી બાજુ ફરે અને ચાર ડાબી બાજુ ફરે એવાં આઠ ચક્રો બનાવરાવ્યાં. એ ચક્રો એવી રીતે બેસાડાયાં કે જેથી એ આઠેના આરાની વચ્ચેની જગ્યામાંથી બાણ પસાર થતાં પેલી પૂતળીની ડાબી આંખ વીંધાય. થાંભલાની નીચે રાધાનું પ્રતિબિંબ જોઈ શકાય તેવી રીતે તેલની એક કઢાઇ મૂકવામાં આવી. આઠ ચક્રો ફરતાં હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે આ કઢાઇમાં રાધાનું પ્રતિબિંબ જોઈ, પોતાનું મુખ નીચું રાખી, ઊંચે બાણ મારી, રાધાની ડાબી આંખ વીંધવા માટે એક પુરુષ તૈયાર થયો. એ રાધાવેધ સાધવામાં ફાવી ન જાય તે માટે ચાર જણ ચાર દિશામાં ઊભા રહી તેને અડચણ કરવા લાગ્યા. બે પુરુષો પાસે ઊભા રહી તેને ધમકી આપવા લાગ્યા કે જો તું રાધાવેધ નહિ સાધી શકે તો અમે તારું માથું ઉડાવી દઇશું. એના કલાગુરુ પણ એને એવી જ બીક દેખાડવા લાગ્યા. બીજા બાવીસ માણસો એ નિશાન ચૂકી જાય તેમ વર્તવા લાગ્યા. આ પ્રમાણે ૨૯ જનોની પરવા ન કરતાં તેણે રાધાવેધ સાધ્યો. તેને આ કામ જેટલું વિકટ જણાયું તેના કરતાં વિશેષ વિકટ કાર્ય મનુષ્યભવ મેળવવાનું છે.

**ચામડાનું ઉદાહરણ**—એક ઠેકાણે એક લાખ યોજનના વિસ્તારવાળું તળાવ હતું. તેના ઉપર જાણે ચામડું પાથર્યું હોય તેમ તેમાં બધે લીલ પથરાઇ ગઇ હતી. એક દિવસ પવન ફૂંકાતાં લીલમાં છિદ્ર પડ્યું. એ તળાવમાં એક કાચબો રહેતો હતો. એમાંથી તેને ચન્દ્ર દેખાયો. આથી તેણે એવો વિચાર કર્યો કે હું મારા કુટુંબીઓને એ બતાવું. તે તેમને બોલાવી પાછો આવ્યો તેટલામાં તો પેલું છિદ્ર પૂરાઇ ગયું અને એનો મનોરથ તો મનમાં જ રહી ગયો. એને ફરીથી આવો પ્રસંગ મળવો જેટલો દુર્લભ છે તેનાથી પણ વિશેષ દુર્લભ મનુષ્યભવની પ્રાપ્તિ છે.

**ધુંસરીનું ઉદાહરણ**—ધારો કે એક જણ સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વ કિનારા ઉપર ઊભો રહી તેમાં ધુંસરી નાખે અને બીજો એના પશ્ચિમ કિનારેથી ખીલી નાખે. આ ધુંસરી અને ખીલી ભેગાં મળે ને ધુંસરીમાં ખીલી આપોઆપ પેસી જાય એમ બનવું જેટલું મુશ્કેલ છે તેથી અધિક મુશ્કેલીવાળું કાર્ય મનુષ્યભવની પ્રાપ્તિ છે.

**પરમાણુનું ઉદાહરણ**—ધારો કે એક દેવ એક થાંભલાનો ખૂબ ચૂરેચૂરો કરી તેના પરમાણુઓને એક નળીમાં ભરે. પછી તે મેરુ પર્વતની ટોચ ઉપર જઈ ફૂંક મારી તે બધાને ઉડાવી દે અને ત્યાર બાદ તે પરમાણુઓને એકઠા કરી તેનો ફરીથી પહેલા જેવો થાંભલો બનાવવા મહેનત કરે. આ કાર્યમાં તે જેટલે અંશે સફળ થાય એનાથી ઘણા જ ઓછા અંશે મનુષ્યજન્મ ફરીથી મેળવવામાં સફળતા મળે તેમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૩૦ મું. સ્ત્યાનગૃદ્ધિનાં ઉદાહરણો

કોઇ એક સાધુ ભિક્ષા માટે એક ગૃહસ્થને ઘેર ગયા. ત્યાં સુંદર લાડુઓ જોઈ તેમને તે ખાવાની અતિશય ઇચ્છા થઈ. તેમણે તે લાડુઓ તાકી તાકીને જોયા કર્યા પણ પેલા ગૃહસ્થે તેમને એક પણ લાડુ આપ્યો નહિ. લાડુના વિચારમાં ને વિચારમાં તે સાધુ સૂઈ ગયા. એવામાં સ્ત્યાનગૃદ્ધિકર્મ ઉદયમાં આવ્યું. એથી તેઓ રાત્રે એ ગૃહસ્થને ઘેર ગયા. એના ઘરનાં બારણાં તોડી અંદર દાખલ થઈ તેઓ થોડાક લાડુઓ ખાઈ ગયા અને બીજા કેટલાએક પાત્રમાં લઇને પાછા ફર્યા. ઉપાશ્રયમાં આવી પાત્રને બાજુએ મૂકી તેઓ સૂઈ ગયા. સવારે ઊઠી આ વાતને સ્વપ્ન માની તેમણે ગુરુને એ વાત કહી તેમની પાસે આલોચના લીધી. એવામાં પ્રતિક્રમણ કરતી વેળા બીજા સાધુએ એમના પાત્રમાં લાડુ જોયા. આથી ગુરુએ એ સાધુને સ્ત્યાનગૃદ્ધિકર્મનો ઉદય થયેલો જાણ્યો. ત્યાર બાદ તેમણે તેમનો વેષ લઈ લીધો અને રજા આપી.

સ્ત્યાનગૃદ્ધિના સંબંધમાં બીજું ઉદાહરણ નીચે મુજબ મળે છે:—

કોઇ એક હાથીએ એક સાધુને દિવસના બહુ હેરાન કર્યા. એથી એ સાધુ નાસીને ઉપાશ્રયમાં પેસી ગયા. હાથી ઉપર તેમને ઘણો ગુસ્સો ચઢ્યો હતો. તેઓ આવેશમાં ને આવેશમાં રાત્રે સૂતા. એવામાં સ્ત્યાનગૃદ્ધિકર્મ એમને ઉદયમાં આવ્યું. આથી તેઓ ઊઠીને રાત હોવા છતાં ઉપાશ્રયની બહાર ગયા. તેમણે નગરના દરવાજા તોડી નાખ્યા અને બહાર નીકળી હાથીને મારી નાખ્યો. એના દંતૂશળ ખેંચી કાઢી ઉપાશ્રયના બારણા આગળ મૂકી એ સાધુ અંદર જઈ સૂઈ ગયા. સવારે ઊઠતાં આ હકીકતને સ્વપ્ન માની એમણે ગુરુ પાસે આલોચના લીધી. થોડાક વખત પછી ગુરુએ હાથીના દાંત જોયા. આ ઉપરથી પેલા સાધુને સ્ત્યાનગૃદ્ધિકર્મનો ઉદય થયો હતો એમ તેમણે જાણ્યું. એથી ગુરુએ એમનો વેષ ઉતારી લઈ એમને વિદાય કર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૩૧ મું. ચાર નિકાયના દેવો ભાગ ૧ લો

જૈન શાસ્ત્રમાં દેવોના ચાર વર્ગ પાડવામાં આવ્યા છે. એ દરેક વર્ગને માટે 'નિકાય' શબ્દ વપરાય છે, કેમકે નિકાયનો અર્થ 'સમૂહ' અથવા 'જાતિ' થાય છે. દેવોના ચાર નિકાયનાં નામ (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક છે.

બધા ભવનપતિ દેવોને 'કુમાર' કહેવામાં આવે છે. આનું કારણ એ છે કે તેઓ કુમારની પેઠે જોવામાં મનોહર અને સુકુમાર છે તેમ જ તેઓ સુંદર ગતિવાળા અને ક્રીડાશીલ છે. ભવનપતિના દસ ભેદો પડે છે: (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) વિદ્યુત્કુમાર, (૪) સુપર્ણકુમાર, (૫) અગ્નિકુમાર, (૬) વાયુકુમાર, (૭) સ્તનિતકુમાર, (૮) ઉદધિકુમાર, (૯) દ્વીપકુમાર અને (૧૦) દિક્કુમાર. વળી આ દરેક પ્રકારના ભવનપતિના (૧) ઇન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયસ્ત્રિંશ, (૪) પારિષદ્ય, (૫) આત્મરક્ષક, (૬) લોકપાલ, (૭) અનીક, (૮) પ્રકીર્ણક, (૯) આભિયોગ્ય અને (૧૦) કિલ્બિષિક એમ દસ દસ ઉપભેદો પડે છે. તેમાં સામાનિક વગેરે બધી જાતના દેવોના સ્વામી 'ઇન્દ્ર' કહેવાય છે. આયુષ્ય, પૂજ્યત્વ વગેરેમાં ઇન્દ્રના સમાન પરંતુ ફક્ત ઇન્દ્રપણાથી રહિત એવા દેવો 'સામાનિક' કહેવાય છે. જે દેવો મંત્રી અથવા પુરોહિતનું કામ કરે છે તેઓ 'ત્રાયસ્ત્રિંશ' કહેવાય છે. જેઓ મિત્રની ગરજ સારે છે તેઓ 'પારિષદ્ય' કહેવાય છે. જેઓ અંગરક્ષક તરીકે શસ્ત્ર ઉઠાવી ઇન્દ્રની પીઠ પાછળ ઊભા રહે છે તેઓ 'આત્મરક્ષક' કહેવાય છે. જેઓ સરહદનું રક્ષણ કરે છે તેઓ 'લોકપાલ' કહેવાય છે. જેઓ લશ્કરના સિપાઇ તરીકે કામ કરે છે તેઓ 'અનીક' કહેવાય છે. જેઓ નગરમાં અને દેશમાં રહેનારના જેવા છે તેઓ 'પ્રકીર્ણક' કહેવાય છે. જેઓ દાસ જેવા છે તેઓ 'આભિયોગ્ય' કહેવાય છે. જેઓ અંત્યજ જેવા છે તેઓ 'કિલ્બિષિક' કહેવાય છે.

ભવનપતિ દેવો જંબૂદ્વીપમાં આવેલા મેરુ પર્વતની નીચે એના દક્ષિણ અને ઉત્તર ભાગમાં તીરછાં અનેક કોટાકોટિ લક્ષ યોજન સુધીની ભૂમિમાં વસે છે.

આ દેવોનાં નિવાસસ્થાનોના આવાસ અને ભવન એમ બે પ્રકારો છે. તેમાં આવાસો મોટા મંડપ જેવા છે અને ભવનો નગર જેવાં છે. ભવનોનો આકાર બહારથી ગોળ, અંદરથી સમચોરસ અને તળિયે પુષ્કરકર્ણિકા જેવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવનપતિ દેવોમાંના ઘણાખરા ભવનોમાં વસે છે. આથી એમને 'ભવનપતિ' કહેવામાં આવે છે. અસુરકુમાર મોટે ભાગે આવાસોમાં ને કોઇક વેળા ભવનોમાં વસે છે. નાગકુમારાદિ દેવો તો ઘણે ભાગે ભવનોમાં જ વસે છે. રત્નપ્રભા નામની ભૂમિમાંથી એનો ઊંચેનો તેમ જ નીચેનો એક એક હજાર યોજન જેટલો ભાગ બાદ કરતાં એનો જે વચલો ભાગ ૧,૭૮,૦૦૦ યોજનનો રહે છે તેમાં દરેક જગ્યાએ આવાસો છે. ભવનો તો રત્નપ્રભામાં નીચેના ૯૦,૦૦૦ યોજન જેટલા ભાગમાં જ છે.

બધા ભવનપતિઓનાં શસ્ત્ર, વસ્ત્ર, આભૂષણો અને ચિહ્નો જુદાં જુદાં છે. અસુરકુમાર વગેરે દસે પ્રકારના દેવોમાં બે બે ઇન્દ્રો છે.

વ્યંતર દેવો રત્નપ્રભાના ઉપરના ૧૦૦૦ યોજન જેટલા ભાગમાંથી ઉપર તેમ જ નીચે સો સો યોજન બાદ કરતાં જે ૮૦૦ યોજન જેટલો ભાગ રહે છે ત્યાં ઉત્પન્ન થાય છે. તેઓ ઊર્ધ્વલોકમાં, તિર્યગ્લોકમાં અને અધોલોકમાં એમ ત્રણે લોકમાંનાં ભવનો અને આવાસોમાં રહે છે. તેઓ પોતાની ઇચ્છા મુજબ અથવા તો બીજાની પ્રેરણાથી જુદી જુદી જગ્યાએ જાય છે. તેઓ વિવિધ પહાડોમાં, ગુફાઓમાં તેમ જ વનોનાં આંતરાંઓમાં વસતા હોવાથી 'વ્યંતર' કહેવાય છે. એમાંના કેટલાક મનુષ્યોની પણ સેવા કરે છે.

(૧) કિંનર, (૨) કિંપુરુષ, (૩) મહોરગ, (૪) ગાંધર્વ, (૫) યક્ષ, (૬) રાક્ષસ, (૭) ભૂત અને (૮) પિશાચ એમ વ્યંતરના આઠ પ્રકારો છે. આ પ્રત્યેકના ભવનપતિ દેવોની પેઠે ઇન્દ્ર વગેરે દસ દસ ભેદો નથી, કિન્તુ ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાયના આઠ આઠ ભેદો છે. પરંતુ જેમ અસુરકુમાર વગેરેમાં બે બે ઇન્દ્રો છે તેમ કિંનર વગેરે આઠે જાતના વ્યંતરોમાં પણ બે બે ઇન્દ્રો છે. એમ એકંદર સોળ ઇન્દ્રો છે.

વ્યંતરોનો એક વિભાગ 'વાનવ્યંતર' કહેવાય છે. તેમના પણ આઠ પ્રકારો છે. આ દરેક પ્રકારના બે બે ઇન્દ્રો છે. ઉપરના સોળ ઇન્દ્રોમાં આ સોળ ઇન્દ્રો ઉમેરાતાં વ્યંતરોના ઇન્દ્રોની કુલ સંખ્યા બત્રીસની થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૩૨ મું. ચાર નિકાયના દેવો ભાગ ૨ જો

જ્યોતિષ્કના (૧) સૂર્ય, (૨) ચન્દ્ર, (૩) ગ્રહ, (૪) નક્ષત્ર અને (૫) પ્રકીર્ણક તારા એમ પાંચ પ્રકારો છે. આ પ્રત્યેકના વ્યંતરની જેમ ઇન્દ્ર વગેરે આઠ જ ભેદો છે એટલે કે એમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ એવા બે ભેદો નથી. સૂર્ય અને ચન્દ્ર એ જ્યોતિષ્કના ઇન્દ્રો છે, અને એ દરેકની સંખ્યા અસંખ્યાત છે. જે જ્યોતિષ્કો મનુષ્યલોકમાં રહેલા છે તેઓ મેરુની ચારે બાજુએ સદા ફરતા રહે છે, અને એને લીધે કાળનો વિભાગ કરાયેલો છે. જે જ્યોતિષ્કો મનુષ્યલોકની બહાર છે તેઓ સ્થિર રહેલા છે.

મેરુની સમતલભૂમિથી ૭૯૦ યોજનની ઊંચાઇએ જ્યોતિષ્કચક્રના ક્ષેત્રની શરૂઆત થાય છે. આ ક્ષેત્રની ઊંચાઇ ૧૧૦ યોજનની છે અને એનું તીરછું પરિમાણ અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર જેટલું છે. જ્યોતિષ્કચક્રના ક્ષેત્રથી ૧૦ યોજનની ઊંચાઇએ સૂર્યનું વિમાન આવેલું છે. એનાથી ચન્દ્રનું વિમાન ૮૦ યોજન ઊંચું છે. ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણક તારાનાં વિમાનો એનાથી પણ ૨૦ યોજનની ઊંચાઇએ છે એટલે કે ગ્રહ વગરે સમતલભૂમિથી ૯૦૦ યોજનની ઊંચાઇ સુધીમાં છે.

કેટલાક તારાઓ એવા પણ છે કે જે કોઇક વાર સૂર્ય અને ચન્દ્રની નીચે અને કોઇક વાર સૂર્ય અને ચન્દ્રની ઉપર પણ ચાલ્યા જાય છે. આથી અહિંયાં પ્રકીર્ણક તારા એમ કહ્યું છે. આવા અનિયતચારી તારાઓ જ્યારે સૂર્યની નીચે ચાલે છે ત્યારે તેઓ સૂર્યની નીચે દસ યોજન પ્રમાણ જ્યોતિષ્કક્ષેત્રમાં ચાલે છે.

ચન્દ્રની ઉપર ૨૦ યોજનની ઊંચાઇમાં નક્ષત્રો અને મુખ્ય મુખ્ય ગ્રહો આવેલા છે. જેમકે ચન્દ્રથી ૪ યોજન ઊંચે નક્ષત્રો છે. એનાથી ૪ યોજનની ઊંચાઇ ઉપર બુધ ગ્રહ, એ ગ્રહથી ૩ યોજન ઊંચે શુક્ર, એનાથી ૩ યોજન ઊંચે ગુરુ, ગુરુથી ૩ યોજન ઊંચે મંગળ અને મંગળથી ૩ યોજન ઊંચે શનિ છે.

સૂર્ય વગેરે દેવ જ્યોતિષ એટલે પ્રકાશમાન વિમાનમાં છે. આથી તેઓ 'જ્યોતિષ્ક' કહેવાય છે. એ બધાના મુગટોમાં પ્રભામંડળ જેવું પ્રકાશતું ચિહ્ન હોય છે. જેમકે સૂર્યને સૂર્યમંડળના જેવું, ચન્દ્રને ચન્દ્રમંડળના જેવું ઇત્યાદિ.

વૈમાનિકના કલ્પોપપન્ન અને કલ્પાતીત એવા બે મુખ્ય ભેદો છે. તેમાં કલ્પોપપન્ન વૈમાનિકના બાર ભેદો છે. આ બાર ભેદો એમનાં નિવાસસ્થાનો ઉપરથી પડેલા છે. (૧) સૌધર્મ, (૨) ઐશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાન્તક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત એ બાર વૈમાનિકનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવાસસ્થાનો છે. એ બારે દેવલોક 'કલ્પ' કહેવાય છે, અને એમાં વસતા દેવો તીર્થંકરનાં કલ્યાણકોમાં ભાગ લે છે.

કલ્પાતીત દેવો કલ્યાણકોના પ્રસંગમાં પણ હાજર રહેતા નથી, પરંતુ તેઓ પોતાના સ્થાનમાં રહીને તીર્થંકરની ભક્તિ કરે છે. તેમના ગ્રૈવેયકવાસી અને અનુત્તરવાસી એમ બે ભેદો છે. તેમાં આદિત્ય, પ્રીતિકર, સૌમનસ, સુમનસ, વિશાલ, સર્વતોભદ્ર, મનોરમ, સુપ્રતિબદ્ધ અને સુદર્શન એમ ગ્રૈવેયકો નવ હોવાથી ગ્રૈવેયકવાસીના નવ અવાંતર ભેદો પડે છે. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એમ પાંચ અનુત્તરો હોવાથી અનુત્તરવાસીના પાંચ ભેદો પડે છે.

કલ્પોપપન્ન દેવના ભવનપતિની જેમ ઇન્દ્ર વગેરે દસ દસ ભેદો છે, પરંતુ કલ્પાતીતમાં એવા ભેદો નથી. ત્યાં તો દરેક દેવ સ્વતંત્ર છે અને ઋદ્ધિ વગેરેમાં એક બીજાથી કોઇ ઉતરે તેમ નથી. આથી એ દરેક 'અહમિન્દ્ર' કહેવાય છે.

સૌધર્મથી માંડીને સહસ્રાર સુધી આઠે કલ્પોના ઇન્દ્રો જુદા જુદા છે. આનતનો અને પ્રાણતનો ઇન્દ્ર તો એક જ છે. વળી આરણ અને અચ્યુતનો પણ એક જ ઇન્દ્ર છે. આ પ્રમાણે કલ્પોપપન્ન વૈમાનિક દેવોના ઇન્દ્રો કુલે દસ છે, જોકે તે દેવોના પ્રકાર તો બાર છે.

બ્રહ્મલોક નામના પાંચમા કલ્પમાં લોકાન્તિક દેવો વસે છે. તેઓ એક બીજાથી સ્વતંત્ર છે. તેઓ ભોગની ઇચ્છાથી મુક્ત હોવાથી 'દેવર્ષિ' કહેવાય છે. તેઓ આ કલ્પમાંથી ચ્યવી મનુષ્ય તરીકે જન્મી મોક્ષે જાય છે એમના આઠ અથવા તો નવ પ્રકારો ગણાવાયેલા છે.

વિજય વગેરે પહેલાં ચાર અનુત્તર વિમાનના દેવો 'દ્વિચરમ' ગણાય છે, કેમકે તેઓ આ દેવલોકમાંથી ચ્યવી મનુષ્ય તરીકે જન્મી પાછા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થઈ ત્યાંથી ચ્યવી મનુષ્ય તરીકે જન્મી મોક્ષે જાય છે. આ પ્રમાણે તેઓ બે વાર મનુષ્ય તરીકે જન્મ લઈ મોક્ષે જાય છે.

સર્વાર્થસિદ્ધના દેવો 'એકાવતારી' ગણાય છે, કેમકે તેઓ આ ગતિમાંથી ચ્યવી મનુષ્ય તરીકે જન્મી મોક્ષે જાય છે.

અનુત્તર વિમાનવાસી દેવો સિવાયના દેવોને માટે આવો કોઇ નિયમ નથી. કોઇ એકાવતારી હોય તો કોઇ દ્વિચરમ હોય તો કોઇ એથી પણ અધિક ભવ કરનારા હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૩૩ મું. જન્મ-કલ્યાણક

તીર્થંકર પ્રભુનો જન્મ થતાં ત્રણે લોકમાં આનંદ આનંદ વ્યાપે છે, અને બધે પ્રકાશ ફેલાઈ જાય છે. તેમના જન્મસમયે ૫૬ દિક્કુમારીઓનાં તેમ જ ૬૪ ઇન્દ્રોનાં આસનો કંપે છે. એથી એ દિક્કુમારીઓ અને ઇન્દ્રો અવધિજ્ઞાનનો ઉપયોગ કરી એ હકીકતથી પરિચિત બને છે. પછી ૫૬ દિક્કુમારીઓ સૂતિકાગૃહમાં આવીં પ્રભુને તેમ જ તેમની માતાને પ્રણામ કરી પ્રસૂતિને લગતું કાર્ય કરે છે. એ કાર્ય પૂર્ણ થતાં ૬૪ ઇન્દ્રો પોતપોતાના વિમાનમાં બેસી પ્રભુનો જન્માભિષેક કરવા માટે સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવે છે.

સૌધર્મ નામના દેવલોકના સૌધર્મ ઇન્દ્ર સૂતિકાગૃહમાં આવે છે અને પ્રભુને તેમ જ તેમની માતાને વંદન કરે છે. પછી એ ઇન્દ્ર પ્રભુની માતા ઉપર અવસ્વાપિની નિદ્રા મૂકે છે. આથી તેઓ નિદ્રાધીન બને છે. પ્રભુનું પ્રતિબિંબ બનાવી તેને માતાની પાસે મૂકી એ ઇન્દ્ર પાંચ રૂપો રચે છે. એક રૂપ વડે એ પ્રભુને હાથમાં ઉપાડે છે, બીજા રૂપથી પાછળ રહી તેમના મસ્તક ઉપર છત્ર ધરે છે, ત્રીજા અને ચોથા રૂપો વડે તેમની બંને બાજુમાં રહી ચામરો વીંઝે છે, અને પાંચમા રૂપ વડે આગળ રહી વજ્ર ઉછાળતો અને નાચતો મેરુ પર્વત ઉપર જાય છે. ત્યાં જઇને એ ઇન્દ્ર પ્રભુને ખોળામાં લઇને જન્માભિષેક માટેની શિલા ઉપરના સિંહાસન ઉપર બેસે છે. એ દરમ્યાન બારમા દેવલોકના અચ્યુત ઇન્દ્રથી માંડીને બાકીના ૬૩ ઇન્દ્રો સ્વર્ગમાંથી આવી પહોંચે છે. તેઓ વારાફરતી કળશો વડે પ્રભુનો જન્માભિષેક કરે છે. અંતમાં બીજા દેવલોકના ઐશાન ઇન્દ્ર સૌધર્મ ઇન્દ્રની જેમ પાંચ રૂપો રચી પ્રભુને ખોળામાં લઇને સિંહાસન ઉપર બેસે છે. પછી સૌધર્મ ઇન્દ્ર ચાર બળદો રચે છે અને કળશને ઠેકાણે તેમનાં આઠ શિંગડાંનો અભિષેક માટે ઉપયોગ કરે છે. એ પ્રમાણે બધા ઇન્દ્રો જન્માભિષેક કરી રહે છે એટલે સૌધર્મ ઇન્દ્ર ફરીથી પહેલાંની જેમ પાંચ રૂપો રચી પ્રભુને એમને સ્થાને લઈ જાય છે. ત્યાં જઇને તે પ્રભુના પહેલાં રચેલા પ્રતિબિંબને ઉપસંહરે છે અને પ્રભુને માતા પાસે મૂકે છે. પછી અવસ્વાપિની નિદ્રા સમેટી લઈ તે માતાને જાગ્રત કરે છે. પછી એ ઇન્દ્ર પ્રભુના મહેલમાં ૩૨ કરોડ સુવર્ણ વગેરેની વૃષ્ટિ કરવા કુબેરને ફરમાવે છે. એ કુબેર તેમ કરવા જૃંભક દેવને આજ્ઞા કરે છે. ત્યાર બાદ તીર્થંકરના અંગુઠામાં સૌધર્મ ઇન્દ્ર અમૃતનો સંચાર કરી તેમને પ્રણામ કરી નંદીશ્વર દ્વીપે જાય છે અને ત્યાં એ દરમ્યાન ગયેલા બીજા ઇન્દ્રોની સાથે આઠ દિવસના મહોત્સવમાં ભાગ લે છે. આ પ્રમાણે તીર્થંકરના જન્મ-કલ્યાણકનો મહોત્સવ ઉજવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૩૪ મું. દીક્ષા–કલ્યાણક

તીર્થંકર પ્રભુ દીક્ષા લે છે તે પૂર્વે એક વર્ષ આગળથી લોકાંતિક દેવો તેમને તીર્થ પ્રવર્તાવવા વિનવે છે. પ્રભુ તેમની આ વિજ્ઞપ્તિ સ્વીકારે છે અને ગૃહવાસનો ત્યાગ કરવા પહેલાં તેઓ એક વર્ષ સુધી દાન દે છે. એ દાનને 'સાંવત્સરિક દાન' કહેવામાં આવે છે. એ દાન કરતી વેળા એવું જાહેર કરવામાં આવે છે કે જેને જે જોઇએ તે તે આવીને લઇ જાય. આ સાંભળીને યાચકો પ્રભુ પાસે દાન લેવા આવે છે. એ વખતે ઇન્દ્રના આદેશથી કુબેર જૃંભક દેવતાઓને ઘણા સમયથી ખોવાઇ ગયેલું, નાશ પામેલું, સ્મશાન વગેરે સ્થળોમાં ગુપ્ત રહેલું અને કોઇની પણ માલિકી વિનાનું એવું રૂપું, સોનું, રત્ન વગેરે દ્રવ્ય લાવીને પ્રભુ સમક્ષ હાજર કરવા ફરમાવે છે. પ્રભુ એ દ્રવ્યનો દાન દેવામાં ઉપયોગ કરે છે. તેઓ સૂર્ય ઉગે ત્યારથી માંડીને તે ભોજનના સમય સુધી એટલે કે મધ્યાહ્ન સુધી રોજ દાન દે છે. આ પ્રમાણે યાચકની ઇચ્છા મુજબ દરરોજ એક કરોડ અને આઠ લાખ સુવર્ણનું દાન દેવાય છે. આ ઉપરથી જોઇ શકાશે કે ૩૬૦ દિવસનું વર્ષ ગણતાં તીર્થંકર એક વર્ષમાં ૩૮૮ કરોડ અને ૮૦ લાખ સુવર્ણનું દાન દે છે.

સાંવત્સરિક દાન દેવાઇ રહેતાં સૌધર્મ ઇન્દ્રનું આસન કંપે છે. આ બનાવનો અવધિજ્ઞાનથી વિચાર કરતાં તે દીક્ષા–કલ્યાણકથી વાકેફગાર બને છે અને પ્રભુના જન્માભિષેકની જેમ તેમનો દીક્ષાભિષેક કરવા તૈયાર થાય છે. તે પ્રભુને મનોહર અને કિંમતી વસ્ત્રો અને અલંકાર પહેરાવે છે. પછી પ્રભુ પાલખીમાં બેસે છે. કોઇક ઉદ્યાન આવી પહોંચતાં તેઓ એમાંથી ઉતરે છે, વસ્ત્રાદિનો ત્યાગ કરે છે અને પોતાને હાથે પાંચ મુઠ્ઠીઓ વડે માથાના અને દાઢી મૂછના વાળનો લોચ કરે છે. આ વખતે તેઓ સિદ્ધ પરમાત્માઓની સાક્ષીએ સર્વ પાપી ક્રિયાઓનો સદાને માટે ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લે છે. એ પ્રમાણે દીક્ષા લેતાં જ તેમને મનઃપર્યાયજ્ઞાન થાય છે.

દીક્ષાસમયે તેઓ તપશ્ચર્યા કરે છે. તેઓ એ તપશ્ચર્યાનું પારણું કરે છે તે વેળા જન્મ–કલ્યાણકની પેઠે દેવો ૩૨ કરોડ સુવર્ણાદિકની વૃષ્ટિ કરે છે. વિશેષમાં એ વખતે દેવો આકાશમાં રહીને દુંદુભિ વગાડે છે, પાંચે વર્ણોનાં પુષ્પોની તેમ જ સુગંધી જળની વૃષ્ટિ કરે છે, અને વસ્ત્રોને ઉછાળે છે. આ પ્રમાણેનાં સુવર્ણની વૃષ્ટિ વગેરે પાંચ કાર્યો તે 'પાંચ દિવ્યો' કહેવાય છે.

જન્મ–કલ્યાણકને વખતે જેમ ત્રૈલોક્યમાં આનંદ અને પ્રકાશ વ્યાપી રહે છે તેમ દીક્ષા–કલ્યાણકને વખતે પણ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૩૫ મું. સમવસરણ ભાગ ૧ લો

જેમ તીર્થંકર પ્રભુના ચ્યવન, જન્મ અને દીક્ષાના પ્રસંગો દેવો ધામધૂમથી ઉજવે છે તેમ એ પ્રભુને પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાનનો પ્રસંગ પણ તેઓ ઉજવે છે. જે સ્થળમાં પ્રભુને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે તે સ્થળમાં દેવો સમવસરણ રચે છે.

સૌથી પ્રથમ તો વાયુકુમાર દેવો એક યોજન જેટલા સમવસરણ માટેના કામમાં લેવાની જમીન ઉપરથી કચરો, ઘાસ વગેરે દૂર કરે છે. પછી મેઘકુમાર દેવો એ સાફ કરાયેલી જમીન ઉપર સુગંધી જળની વૃષ્ટિ કરે છે. ત્યાર બાદ વાનવ્યંતર દેવો સુવર્ણ, માણેક અને રત્નો વડે ભૂમિતલ રચે છે એટલે કે તેઓ એ વડે પીઠબંધ બાંધે છે. એ પીઠબંધ જમીનથી દસ હજાર હાથ જેટલું અર્થાત્ સવા ગાઉ જેટલું ઊંચું રચાય છે. એને એક હાથ પહોળાં અને એકેકથી એક હાથ ઊંચાં એવાં દસ હજાર પગથિયાં રખાય છે.

પીઠબંધની ઉપર એકેકથી ઊંચા એવા ત્રણ ગઢો ગોળાકારે રચાય છે. તેમાં સૌથી પ્રથમ ભવનપતિ દેવો રૂપાનો ગઢ બનાવે છે અને એને સોનાના કાંગરાઓ રચીને શણગારે છે. તીર્થંકર પ્રભુની દેશના સાંભળવા માટે આવેલા રાજા વગેરેનાં વાહનો એ ગઢમાં રહે છે.

જમીનથી પીઠબંધ ઉપર જવા માટે દસ હજાર પગથિયાં ચઢી રહેતાં તરત જ એ રૂપાનો ગઢ આવતો નથી, પરંતુ ૫૦ ધનુષ્ય જેટલી સપાટ જમીન ઉપર ચાલતાં એ ગઢ આગળ આવી પહોંચાય છે. એ પહેલા ગઢથી બીજે ગઢે જવા માટે ૫૦૦૦ પગથિયાં ચઢી ૫૦ ધનુષ્ય જેટલી સપાટ જમીન ઉપર ચાલવું પડે છે. એ બીજો ગઢ પહેલા અને ત્રીજા ગઢની વચ્ચે હોય છે. એ સોનાનો બનાવાય છે અને એના ઉપર રત્નના કાંગરા રચાય છે. જ્યોતિષ્ક દેવો એ ગઢની રચના કરે છે. તીર્થંકર પ્રભુની દેશના સાંભળવા માટે આવેલા તિર્યંચો એ બીજા ગઢમાં બેસે છે. વળી એ ગઢના ઈશાન ખૂણામાં એક દેવ-ચ્છંદ રચવામાં આવે છે. પ્રભુ દેશના આપ્યા પછી અહીં વિશ્રામ લે છે.

વૈમાનિક દેવો ત્રીજો ગઢ રત્નનો બનાવે છે, અને તેને વિવિધ જાતનાં મણિઓના કાંગરાઓથી શોભાવે છે. એ ગઢ આગળ આવી પહોંચવા માટે બીજા ગઢથી ૫૦૦૦ પગથિયાં ચઢવાં પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમીનથી ૧૦૦૦૦+૫૦૦૦+૫૦૦૦ એટલે કે ૨૦૦૦૦ હાથ યાને અઢી ગાઉ ઊંચા એવા એ ત્રીજા રત્નમય ગઢના મધ્ય ભાગમાં સિંહાસન રચાય છે. એના ઉપર બેસીને તીર્થંકર પ્રભુ દેશના દે છે અને એ દેશના એ ગઢમાં બેઠેલા મનુષ્યો અને દેવો સાંભળે છે.

આ પ્રમાણે જે ત્રણ ગોળાકાર ગઢો રચાય છે તે દરેક ગઢની ભીંતની ઊંચાઇ ૨૦૦૦ હાથ એટલે કે ૫૦૦ ધનુષ્ય જેટલી હોય છે અને એની જાડાઇ ૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય જેટલી હોય છે.

દરેક ગઢને એકેક દિશામાં એકેક દરવાજો હોય છે, અને એ રત્નનો બનાવાય છે. દરવાજે દરવાજે વાનવ્યંતરો ધજા, છત્ર, આઠ મંગળો, પૂતળી, પુષ્પમાળા, વેદિકા, કળશ, મણિનાં ત્રણ તોરણો અને ધૂપદાની રચીને એની શોભામાં વધારો કરે છે.

સૌથી બહારના એટલે કે પહેલા ગઢના ચાર દરવાજામાંથી કોઇ પણ દરવાજે પહોંચવા માટે દસ હજાર પગથિયાંવાળી નીસરણી ચઢવી પડે છે. આ પ્રમાણે પહેલા ગઢે જવા માટે એકેક દિશામાં એકેક નીસરણી હોય છે. એ પ્રત્યેક નીસરણીનું પગથિયું એક હાથ પહોળું, દરવાજાના મુખ જેટલું લાંબું અને એક બીજાથી એક હાથ ઊંચું હોય છે. એ દરેક નીસરણીનું સૌથી નીચેનું પગથિયું વાયુકુમારે પ્રમાર્જિત કરેલી ભૂમિ ઉપર હોય છે. દસહજારમું એટલે કે છેલ્લું પગથિયું પીઠબંધ સાથે જોડાયેલું હોય છે, અને બાકીનાં ૯૯૯૮ પગથિયાં ભૂમિથી અદ્ધર હોય છે. એ ૧૦૦૦૦ પગથિયાં સૌથી બહારના રૂપાના ગઢની બહાર હોવાથી યોજનપ્રમાણ સમવસરણમાં તેની ગણના કરાતી નથી. એ સૌથી બહારના ગઢની અંદરની ભીંતથી ૫૦ ધનુષ્ય જેટલી સપાટ જમીન વટાવી જતાં બીજે ગઢે જવાની નીસરણી આવે છે. એ નીસરણીને ૫૦૦૦ પગથિયાં હોય છે. આથી પ્રથમ ગઢની બહારની ભીંતથી તે બીજા ગઢની બહારની ભીંત વચ્ચેનું અંતર ૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય+૫૦ ધનુષ્ય+૫૦૦૦ હાથ એટલે કે ૧૩૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય જેટલું છે. બીજા ગઢની અંદરની ભીંતથી ૫૦ ધનુષ્ય જેટલી સપાટ જમીન વટાવતાં ત્રીજા ગઢે જવાની નીસરણી આવે છે. એને પણ ૫૦૦૦ પગથિયાં હોય છે. આથી બીજા ગઢની બહારની ભીંતથી ત્રીજા ગઢની બહારની ભીંત વચ્ચે પણ ૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય+૫૦ ધનુષ્ય+૫૦૦૦ હાથ એટલે કે ૧૩૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય જેટલું અંતર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજા ગઢની અંદરની ભીંતથી ૧૩૦૦ ધનુષ્યને અંતરે તીર્થંકરને બેસવા માટેના સિંહાસનની પીઠિકા રચાય છે. એ પીઠિકાનું મધ્યબિન્દુ તે આખા સમવસરણનું મધ્યબિન્દુ છે. આથી ગોળ સમવસરણની ત્રિજ્યા ૧૩૩૩$\frac{૧}{૩}$ ધ+૧૩૩૩$\frac{૧}{૩}$ ધ+૩૩$\frac{૧}{૩}$ ધ+૧૩૦૦ ધ એટલે કે ૪૦૦૦ ધનુષ્ય જેટલી છે. ૪૦૦૦ ધનુષ્યના બે ગાઉ થતા હોવાથી ગોળ સમવસરણનો વિષ્કંભ ચાર ગાઉનો એટલે કે એક યોજનનો છે. આ પ્રમાણેના સમવસરણને લોકો એક યોજન જેટલા વિસ્તારવાળો કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૩૬ મું. સમવસરણ ભાગ ૨ જો

જેમ દેવો ગોળ સમવરણ રચે છે તેમ કેટલીક વાર તેઓ સમચોરસ સમવસરણ પણ રચે છે. સમચોરસ સમવસરણના સંબંધમાં પણ પાદપીઠની રચના સુધી તો બધું કાર્ય ગોળ સમવસરણના જેવું જ હોય છે. પાદપીઠ ઉપર ગોળ ગઢો ન રચતાં ત્રણ સમચોરસ ગઢો રચવામાં આવે છે. એ દરેક ગઢની ભીંત ૧૦૦ ધનુષ્ય જેટલી જાડી હોય છે. સૌથી બહારના ગઢની અંદરની ભીંત અને વચલા ગઢની બહારની ભીંત વચ્ચે ૧૦૦૦ ધનુષ્ય જેટલું અંતર હોય છે. વચલા ગઢની અંદરની ભીંત અને સૌથી અંદરના ગઢની બહારની ભીંત વચ્ચે ૧૫૦૦ ધનુષ્ય જેટલું અંતર હોય છે. સૌથી અંદરના ગઢની ચારે ભીંતો સમવસરણના મધ્યબિન્દુથી ૧૩૦૦ ધનુષ્યને અંતરે હોય છે. આથી કરીને સૌથી બહારના ગઢની અંદરની ભીંતથી સમવસરણના મધ્યબિન્દુ સુધીનું અંતર ૧૦૦૦+૧૦૦ ૧૫૦૦+૧૦૦+૧૩૦૦ એટલે કે ૪૦૦૦ ધનુષ્ય જેટલું હોય છે. જો સૌથી બહારના ગઢની ભીંતની જાડાઇ ગણવામાં ન આવે તો સમચોરસ સમવસરણની લંબાઇ તેમ જ પહોળાઇ ૮૦૦૦ ધનુષ્ય જેટલી છે. ૮૦૦૦ ધનુષ્યોનો એક યોજન થતો હોવાથી એ સમચોરસ સમવસરણનો વિસ્તાર એક યોજનનો થાય છે.

**દ્વારપાળો**—ગોળ તેમ જ સમચોરસ સમવસરણના સૌથી અંદરના ગઢમાં દરેક દ્વારે બબ્બે દ્વારપાળો હોય છે. જેમકે પૂર્વ દિશામાં આવેલા દ્વારે બે વૈમાનિક દેવો, દક્ષિણ દિશામાં આવેલા દ્વારે બે વ્યંતરો, પશ્ચિમ દિશામાં આવેલા દ્વારે બે જ્યોતિષ્કો અને ઉત્તર દિશામાં આવેલા દ્વારે બે ભવનપતિઓ હોય છે. એ પ્રમાણે વચલા ગઢના ચાર દ્વારે અનુક્રમે ચારે નિકાયની જયા, વિજયા, અજિતા અને અપરાજિતા એ નામની બે બે દેવીઓ પ્રતિહારિણી તરીકે ઊભી રહે છે. જયાના હાથમાં અભય, વિજયાના હાથમાં પાશ, અજિતાના હાથમાં અંકુશ અને અપરાજિતાના હાથમાં મુદ્ગર હોય છે. સૌથી બહારના ગઢના દ્વારે એકેક દેવ હોય છે. એ ચારનાં નામો અનુક્રમે તુંબરુ, ખટ્વાંગધારી, મનુષ્યમસ્તકમાલા-ધારી અને જટામુકુટમંડિત છે.

**ધ્વજ**—હજાર યોજનના દંડવાળા અને નાની નાની ઘંટડીઓ અને વાવટાઓથી યુક્ત એવા ધર્મધ્વજ, માનધ્વજ, ગજધ્વજ અને સિંહધ્વજ નામના ચાર ધ્વજ સમવસરણની બહાર ચારે દિશામાં હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અશોકવૃક્ષ**—વ્યંતરો સમવસરણની બરાબર મધ્યમાં મણિપીઠ રચે છે. એ મણિપીઠ ૨૦૦ ધનુષ્ય જેટલું લાંબું, એટલું જ પહોળું અને તીર્થંકર પ્રભુના દેહ જેટલું ઊંચું હોય છે. પૃથ્વીતળથી અઢી ગાઉ ઊંચે જઇએ ત્યારે એ મણિપીઠ આવે છે. એના ઉપર તેઓ અશોક વૃક્ષની રચના કરે છે. એ વૃક્ષની ઊંચાઇ તીર્થંકર પ્રભુના શરીરથી બાર ગણી રાખવામાં આવે છે અને એનો ઉપરનો ઘેરાવો એક યોજનથી કંઇક વધારે હોય છે. તીર્થંકરને જે વૃક્ષ નીચે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હોય તે વૃક્ષને 'ચૈત્યવૃક્ષ' કહેવામાં આવે છે. દેવો એ ચૈત્યવૃક્ષને અશોકવૃક્ષના ઉપર રચે છે.

**સિંહાસન વગેરે**—વ્યંતરો અશોક વૃક્ષની નીચે દેવચ્છંદકના મધ્ય ભાગમાં પાદપીઠથી યુક્ત અને પૂર્વ દિશા તરફ મુખવાળું એક સિંહાસન રચે છે. એ સિંહાસન રત્નોનું બનાવેલું હોય છે, અને એના ઉપર, એકના ઉપર એક એમ ત્રણ છત્રો હોય છે. વળી એ સિંહાસનની બન્ને બાજુએ બે યક્ષો રત્નથી જડેલાં અને સુવર્ણની દાંડીવાળાં ચામરો લઇને ઊભા રહે છે. વળી એ સિંહાસનની આગળ સોનાના કમળમાં રહેલું સ્ફાટિકનું એક ધર્મચક્ર હોય છે. તીર્થંકર સમવસરણમાં પૂર્વ દ્વારથી પ્રવેશ કરી, ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરી અને તીર્થને નમસ્કાર કરી પૂર્વ તરફના સિંહાસન ઉપર આરૂઢ થાય છે. એ વખતે વ્યંતરો દક્ષિણ, ઉત્તર અને પશ્ચિમ એ ત્રણ દિશાઓમાં રત્નનું એકેક સિંહાસન રચે છે અને તેને બબ્બે ચામર, ત્રણ ત્રણ છત્ર અને એકેક ધર્મચક્રથી અલંકૃત કરે છે. વળી તેઓ એ ત્રણે સિંહાસનો ઉપર પ્રભુનું એકેક આબેહુબ પ્રતિબિંબ વિકુર્વે છે. આથી પ્રભુને ચાર મુખો અને ચાર શરીરો હોય એમ જણાય છે તેમ જ વળી દેશના સાંભળવા આવેલને એમ લાગે છે કે પ્રભુ મારી સંમુખ જુએ છે.

**બાર પર્ષદાઓ**—સમવસરણમાં જે માનવો અને દેવો તીર્થંકરની દેશના સાંભળવા આવે છે તેના બાર વિભાગો પાડવામાં આવ્યા છે. આ પ્રત્યેક વિભાગને 'પર્ષદા' કહેવામાં આવે છે. (૧) ગણધરો વગેરે સાધુઓની, (૨) વૈમાનિક દેવીઓની, (૩) સાધ્વીઓની, (૪) જ્યોતિષ્ક દેવીઓની, (૫) વ્યંતર દેવીઓની, (૬) ભવનપતિ દેવીઓની, (૭) જ્યોતિષ્ક દેવોની, (૮) વ્યંતર દેવોની, (૯) ભવનપતિ દેવોની, (૧૦) વૈમાનિક દેવોની, (૧૧) પુરુષોની અને (૧૨) સ્ત્રીઓની એમ બાર પર્ષદા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણધર વગેરે સાધુઓ, વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ એ ત્રણ પર્ષદાઓ પૂર્વ બાજુથી પ્રવેશ કરી અગ્નિકોણમાં ઉપસ્થિત થાય છે. એટલે કે તીર્થંકર ચૈત્ય-વૃક્ષને પ્રદક્ષિણા કરી પૂર્વાભિમુખે સિંહાસન ઉપર બેસે ત્યાર બાદ ગણધરો તેને ત્રણ પ્રદક્ષિણા કરીને સ્વસ્થાને બેસે છે. ત્યાર પછી કેવલજ્ઞાનીઓ તીર્થંકરની અને ચૈત્ય-વૃક્ષની ત્રણ વાર પ્રદક્ષિણા કરીને ગણધરોની પાછળ બેસે છે. તીર્થંકરાદિકને નમસ્કાર કરીને મનઃપર્યાયજ્ઞાનીઓ કેવલજ્ઞાનીઓની પાછળ બેસે છે. એવી રીતે નિરતિશય સંયમીઓ મનઃપર્યાયજ્ઞાનીઓને પણ નમસ્કાર કરીને તેમની પાછળ બેસે છે. આ બધાની પાછળ વૈમાનિક દેવીઓ તીર્થંકરાદિકને નમસ્કાર કરી ઊભી રહે છે અને તેમની પાછળ તીર્થંકર તેમ જ સાધુવર્ગને પ્રણામ કરી સાધ્વીઓ ઊભી રહે છે.

ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક એ ત્રણ નિકાયની દેવીઓ દક્ષિણ બાજુથી દાખલ થઇ નૈઋત્યકોણમાં, ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક દેવો પશ્ચિમ તરફથી આવી વાયવ્યકોણમાં અને ઇન્દ્ર વગેરે વૈમાનિક દેવો, નૃપતિ વગેરે મનુષ્યો અને તેમનો સ્ત્રીવર્ગ ઉત્તર દિશાથી આવીને ઈશાનકોણમાં ઉપસ્થિત થાય છે. એકેકી દિશામાં ત્રણ ત્રણ પર્ષદાઓ હોય છે. પહેલી અને છેલ્લી દિશામાં સ્ત્રી અને પુરુષો બંને હોય છે, જ્યારે બાકીની બે દિશાઓમાં અનુક્રમે સ્ત્રીવર્ગ અને પુરુષવર્ગ જ હોય છે.

ઉપર દર્શાવેલી બાર પષદાઓમાંથી સાધુઓ ઉત્કટિક આસને રહીને તીર્થંકરની દેશનાનું શ્રવણ કરે છે, જ્યારે સાધ્વીઓ અને વૈમાનિક દેવીઓ ઊભી રહીને અને બાકીની નવ પર્ષદાઓ તો બેઠી બેઠી પ્રભુની દેશનાનું શ્રવણ કરે છે એમ આવસ્સયની ચુણ્ણિમાં કહેલું છે. આવસ્સયની વૃત્તિમાં તો ચારે નિકાયની દેવીઓ[1] અને સાધ્વીઓ એમ પાંચ પર્ષદાઓ ઊભી રહીને પ્રભુની દેશનાનું શ્રવણ કરે છે અને બાકીની સાત પર્ષદાઓ બેસીને તેનું શ્રવણ કરે છે એવો ઉલ્લેખ છે.

---

૧ ભવનપતિની દેવીઓની પાછળ જ્યોતિષ્કની દેવીઓ અને તેની પાછળ વ્યંતરની દેવીઓ ઊભી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૩૭ મું. અંગારમર્દક આચાર્ય

ગુરુ—વિદ્યાર્થીઓ! આજે હું તમને અંગારમર્દક નામના એક આચાર્યની વાત કહું છું. એ આચાર્યમાં મોક્ષે જવાની યોગ્યતા હતી નહિ એટલે કે તેઓ અભવ્ય હતા. તેમને પાંચસે શિષ્યો હતા. તેઓ એક દિવસ પોતાના શિષ્યો સાથે એક નગર તરફ જતા હતા. તે નગરમાં એક ગીતાર્થ આચાર્ય રહેતા હતા. એ ગીતાર્થ આચાર્યને સ્વપ્ન આવ્યું કે આજે પાંચસે હંસોનું એક ટોળું આવે છે. સાથે સાથે તેમનો માલિક એક કાગડો પણ આવે છે. આ સ્વપ્નનો વિચાર કરતાં તેમને સમજાયું કે પાંચસે હંસો તે પાંચસે ભવ્ય સાધુઓ હોવા જોઇએ, અને કાગડો એ તેમનો નાયક અભવ્ય હોવો જોઇએ. આથી એ ગીતાર્થ આચાર્યે બીજા સાધુઓને ખબર આપી કે આજે આવનારા તમામ સાધુઓ ભવ્ય છે, પરંતુ તેમના ગુરુ અભવ્ય છે.

અંગારમર્દક આચાર્ય તેમ જ તેમના પાંચસે શિષ્યો આવ્યા પછી ગીતાર્થ આચાર્યે એ પાંચસે સાધુઓને જણાવ્યું કે તમે જેમની સેવા કરો છો તેઓ તો અભવ્ય જીવ છે. તમે આ વાત જાણતા ન હતા ત્યાં સુધી તમે તેમનો ત્યાગ ન કર્યો તેની હરકત નહિ, પરંતુ હવે તમારે તેમનો સાથ છોડી દેવો જોઇએ. આનું કારણ એ છે કે આપણા જૈન શાસનમાં ઉપરટપકેનાં ત્યાગ, તપ અને સંયમની કિંમત નથી. જો કેવળ દેખાવપૂરતાં ત્યાગ, તપ કે સંયમની કિંમત અંકાતી હોય તો પછી દુનિયામાં જેમને કપડાં વગેરે પૂરાં મળતાં નથી તે બધાં નિષ્પરિગ્રહી ગણાય, જેઓ અજ્ઞાનતપશ્ચર્યા કરે છે તે બધાં તપસ્વી ગણાય, અને જેઓ સાચો સંયમ નહિ પાળવા છતાં સંયમી હોવાનો ડોળ કરે છે તેઓ પણ સંયમી ગણાય. આથી જે ત્યાગ, તપ અને સંયમ દેખાવપૂરતાં ન હોય પરંતુ જે ખરા હૃદયથી સેવાતાં હોય તેની જ કિંમત છે.

આ સાંભળીને પાંચસે સાધુઓએ પૂછ્યું કે અમારા ગુરુ અયોગ્ય આત્મા છે તેની અમને કોઇ રીતે પ્રતીતિ થઈ શકે તેમ છે? ગીતાર્થ આચાર્યે કહ્યું કે હા. આજે રાત્રે તમે ઊંઘશો નહિ, પરંતુ જે બને તે જોયા કરશો. આમ કહ્યા પછી ગીતાર્થ આચાર્યે જવા આવવાના અમુક માર્ગ ઉપર પગ વડે દબાતા ચૂં ચૂં અવાજ આવે તેમ કોલસાની નાની નાની કાંકરીઓ છાનામાના પથરાવી. રાત્રે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધા સૂઇ ગયા પણ પેલા પાંચસે સાધુઓ જાગતા રહ્યા. એમાંના કેટલાક માતરુ કરવા માટે બહાર જવા ઊઠ્યા; પરંતુ ચૂં ચૂં અવાજ આવવાથી રખે ને કોઇ જીવો ચંપાઇ જતા હોય એમ ધારી તેઓ પાછા ફર્યા. કેટલાકથી ન રહેવાયું તેઓ કંપતે હૃદયે સાચવી સાચવીને પગ મૂકીને બહાર ગયા અને પાછા પોતાને સ્થાને આવ્યા. એવામાં પેલા અભવ્ય આચાર્ય બહાર જવા નીકળ્યા. તેમણે ચાલવા માંડ્યું એટલે ચૂં ચૂં અવાજ થવા લાગ્યો. તેમણે આસપાસ જોયું તો બધા ઊંઘતા જણાયા. તેઓ બોલી ઊઠ્યા કે જ્ઞાનીનાં જીવડાં કેવું ચૂં ચૂં બોલે છે. પગ પોલે પોલે ન મૂકતાં તેમણે ભાર દઇને પગ મૂકવા માંડ્યા. એવી રીતે તેઓ બહાર ગયા અને પાછા ફર્યા. આ જોઇને પાંચસે સાધુઓને વિચાર આવ્યો કે આ જ આપણા ગુરુ જીવદયાનું નિરૂપણ કરે છે ત્યારે આપણું હૃદય પીગળાવી નાખે છે, અને પોતે તો જરા યે દયા પાળતા જ નથી. આ શું કહેવાય ? આ તો હાથીના દેખાડવાના અને ચાવવાના દાંત જૂદા હોય તેવું થયું. સવાર પડતાં એ પાંચસે સાધુઓએ અંગારમર્દકને તજી દીધા.

આ વાત સાંભળી નલિનચન્દ્ર બોલી ઊઠ્યો કે ગુરુજી ! શું અભવ્યમાં એવું બળ હોય કે તેઓ જીવદયાનું સચોટ સ્વરૂપ સમજાવી શકે ?

**ગુરુ**—હા. કેટલાક અભવ્ય જીવો સાડા નવ પુવ્વ સુધી અભ્યાસ કરી શકે છે. વળી તેઓ સંયમ તો માખીની પાંખ પણ ન દુભાય તેવો પાળતા હોય એમ બહારથી જણાય.

**વિપિનચન્દ્ર**—ગુરુજી ! અભવ્યને દીક્ષા લેવાનું શું કારણ હશે ?

**ગુરુ**—દેવાધિદેવ તીર્થંકરની ઋદ્ધિ, સમવસરણની રચના, દેવોનું પ્રભુ પાસે આવવું ઇત્યાદિ જોઇને અભવ્ય જીવો પણ સંયમ લેવા લલચાય છે. વળી દીક્ષા લેવાથી લોકમાં પૂજાપાત્ર બનાય અને મરણ થતાં સ્વર્ગે જવાય એવો દીક્ષાનો મહિમા જાણી તેઓ તેમ કરે છે. જૈન શાસનમાં આવી દીક્ષાની ગણના કરાતી નથી, કેમકે મેરુ પર્વત જેટલો ઓઘા અને મુહપત્તિનો ઢગલો થાય એટલી બધી વાર દીક્ષા લીધી હોય, પરંતુ સાચા હૃદયથી તે પાળી ન હોય તો તે વ્યર્થ છે. વાસ્તે વહાલા વિદ્યાર્થીઓ ! જે કંઇ સારું કાર્ય કરો તે ખરા દિલથી કરજો, લોકમાં વાહવાહ મેળવવા માટે કે દુનિયાને દેખાડવા માટે કરશો નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૩૮ મું. આઠ પ્રવચનમાતા

કર્મને આવવાના માર્ગોને રોકવાના વિવિધ ઉપાયો છે. જેમકે સમિતિ, ગુપ્તિ, મુનિધર્મ, ભાવના, પરીષહો ઉપર વિજય, ચારિત્ર અને તપ. એમાંના સમિતિ અને ગુપ્તિ એ બે ઉપાયોનું સ્વરૂપ આપણે અહીં વિચારીશું.

કોઇ પણ પ્રવૃત્તિ શરીરથી, મનથી કે વચનથી થાય છે. એથી પ્રવૃત્તિઓના (૧) કાયિક, (૨) વાચિક અને (૩) માનસિક એમ ત્રણ પ્રકારો પડે છે. આ પ્રવૃત્તિઓ શુભ તેમ જ અશુભ હોઇ શકે છે. જે પ્રવૃત્તિ મુનિવરને કરવા જેવી હોય તે પ્રવૃત્તિ કરવી તે 'સમિતિ' કહેવાય છે; અને જે પ્રવૃત્તિ ન કરવા જેવી હોય તે પ્રવૃત્તિ ન કરવી તે 'ગુપ્તિ' કહેવાય છે. આથી સમજાશે કે બુદ્ધિ અને શ્રદ્ધા વડે મન, વચન અને કાયાને ખોટે રસ્તે જતાં અટકાવવાં એ 'ગુપ્તિ' છે.

આપણે ઉપર જોઇ ગયા તેમ જોકે દરેક યોગ્ય પ્રવૃત્તિને 'સમિતિ' કહી શકાય તેમ છે, છતાં એ તમામનો પાંચ વર્ગોમાં સમાવેશ થઇ શકતો હોવાથી સમિતિઓ પાંચ ગણાવાય છે. જેમકે (૧) ઈર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાનનિક્ષેપસમિતિ અને (૫) ઉત્સર્ગસમિતિ.

**ઇર્યાસમિતિ**—ઈર્યા એટલે ચાલવું. કોઇ પણ જંતુને ઇજા ન થાય તેવી રીતે સંભાળીને ચાલવું તે 'ઈર્યાસમિતિ' કહેવાય છે. ઈર્યાસમિતિ પાળનારા મુનિવર ધોંસરી જેટલી એટલે કે સાડા ત્રણ હાથ જેટલી દૃષ્ટિ સન્મુખ રાખી નીચું જોઇને ચાલે.

**ભાષાસમિતિ**—સાચું, હિતકારી, ખપપૂરતું અને સંદેહ વિનાનું વચન બોલવું તે 'ભાષાસમિતિ' કહેવાય છે.

**એષણાસમિતિ**—સાધુજીવનનો નિર્વાહ થાય તે માટે જે નિર્દોષ સાધનોની જરૂર હોય તે મેળવવા માટે સાવધાનપણે પ્રવૃત્તિ કરવી તે 'એષણાસમિતિ' કહેવાય છે.

**આદાનનિક્ષેપસમિતિ**—આદાન એટલે લેવું અને નિક્ષેપ એટલે મૂકવું. કોંઇ પણ વસ્તુને લેતી કે મૂકતી વેળા તેને બરાબર જોઇ અને પ્રમાર્જીને તેમ કરવું તે 'આદાનનિક્ષેપસમિતિ' કહેવાય છે.

**ઉત્સર્ગસમિતિ**—અહીં ઉત્સર્ગનો અર્થ 'ત્યાગ' કરવાનો છે. જે ચીજો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામની ન હોય તેને બરાબર જોઇ અને પ્રમાર્જીને નિર્જીવ સ્થળમાં ત્યજી દેવી તે 'ઉત્સર્ગસમિતિ' કહેવાય છે. આને 'પારિષ્ઠાપનિકાસમિતિ' પણ કહેવામાં આવે છે

કોઇ પણ જાતની અયોગ્ય પ્રવૃત્તિઓથી અલગ રહેવું તે 'ગુપ્તિ' છે આ પ્રમાણે જોકે ગુપ્તિની સંખ્યા અગણિત થાય છે, છતાં એ બધી ગુપ્તિઓનો ત્રણમાં સમાવેશ થઇ શકે તેમ છે. એ ત્રણને અનુક્રમે (૧) કાયગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) મનોગુપ્તિ કહેવામાં આવે છે.

**કાયગુપ્તિ**—કોઇ પણ ચીજ લેતી મૂકતી વેળા કે ઉઠતાં બેસતાં કે બીજી કોઇ શરીર વડે ક્રિયા કરતાં અકાર્ય ન થઇ જાય તેવી રીતે શરીરની પ્રવૃત્તિ ઉપર કાબુ રાખવો તે 'કાયગુપ્તિ' કહેવાય છે.

**વચનગુપ્તિ**—બને ત્યાં સુધી મૌન સેવન કરવું અને બોલવાનો પ્રસંગ આવતાં વાણી ઉપર કાબુ રાખી બોલવું તે 'વચનગુપ્તિ' કહેવાય છે.

**મનોગુપ્તિ**—દુષ્ટ વિચારોનો તેમ જ સારાનરસા એટલે કે મિશ્રિત વિચારોનો ત્યાગ કરવો અને શુભ વિચારો કરવા તે 'મનોગુપ્તિ' કહેવાય છે.

આ પ્રમાણે જોકે સમિતિ અને ગુપ્તિમાં કેટલેક અંશે સમાનતા રહેલી છે, તેમ છતાં એ બંનેને જુદી ગણવાનું કારણ એ છે કે સમિતિમાં યોગ્ય પ્રવૃત્તિઓનું પ્રવર્તન મુખ્ય છે અને અયોગ્ય પ્રવૃત્તિઓનો નિષેધ ગૌણ છે. ગુપ્તિમાં એથી વિપરીત હકીકત છે, કેમકે ત્યાં અયોગ્ય પ્રવૃત્તિઓનો નિષેધ મુખ્ય છે અને યોગ્ય પ્રવૃત્તિઓનું પ્રવર્તન એ ગૌણ છે.

પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓના સમૂહને 'આઠ પ્રવચનમાતા' કહેવામાં આવે છે. ચારિત્ર એ મુનિઓનું શરીર ગણી શકાય. એ ચારિત્રની ઉત્પત્તિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને આભારી છે. વળી એ દ્વારા ઉત્પન્ન થયેલા ચારિત્રરૂપ શરીરનું રક્ષણ અને પોષણ આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ કરે છે. વિશેષમાં એ આઠ ચારિત્રરૂપ શરીરને અતિચારરૂપ મેલ લાગતાં તેનું સંશોધન કરે છે. આ પ્રમાણે પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ માતાની પેઠે જનન, પરિપાલન અને સંશોધનરૂપ ક્રિયાઓ કરે છે એથી એને 'આઠ પ્રવચનમાતા' કહેવામાં આવે છે. એની આરાધના માટે જે તપ કરવામાં આવે છે તેને 'અષ્ટપ્રવચનમાતૃતપ' કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કિરણ ૩૯ મું. ઉત્સર્પિણી અને અવસર્પિણી

ઈશ્વરે જગત્‌ને ઉત્પન્ન કર્યું છે એ હકીકત જૈન દર્શનને માન્ય નથી. આ દર્શન પ્રમાણે તો જગત્‌ની કદી શરૂઆત થઇ જ નથી તેમ જ એવો એક પણ દિવસ આવનાર નથી કે જ્યારે જગત્ હશે જ નહિ. આથી તો જૈન દર્શન જગત્‌ને અનાદિ અને અનંત માને છે. આનો અર્થ એ નથી કે જગત્‌ના કોઇ પણ ભાગમાં કદી કશો ફેરફાર જ થતો નથી. આપણે જે ભાગમાં રહીએ છીએ એ ભરતક્ષેત્રમાં તથા બાકીનાં ચાર ભરતક્ષેત્રોમાં તેમ જ પાંચે ઐરાવતક્ષેત્રોમાં હવાપાણી, આબાદી, શરીરનું પરિમાણ, આયુષ્ય, બળ વગેરે બાબતમાં સદા ફેરફાર થયા કરે છે. અમુક વખત સુધી હવાપાણી વગેરેમાં ધીરે ધીરે સુધારો થતો રહે છે અને અમુક વખત સુધી એમાં ધીરે ધીરે બગાડો થતો જાય છે. આ પ્રમાણેના બે જાતના વખતોને જૈન દર્શનમાં ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળ તરીકે ઓળખાવેલા છે.

ઉત્સર્પિણી કાળની શરૂઆતમાં મનુષ્યલોકની સ્થિતિ અનિચ્છનીય હોય છે, પરંતુ ધીરે ધીરે તે સુધરતી જાય છે અને અંતમાં તે ઘણી જ સુધરી જાય છે. આ પ્રમાણે ઉત્સર્પિણી કાળ આબાદી, આયુષ્ય, બળ વગેરે આશ્રીને ચઢતો કાળ છે. એના પછી ધીરે ધીરે બગાડો દાખલ થતો જાય છે, અને તે વધતાં વધતાં છેક છેલ્લી હદ સુધી પહોંચી જાય છે. આ પ્રમાણે ચઢતી પછી પડતીનો પ્રારંભ થાય છે. એ પડતીનો વખત 'અવસર્પિણી કાળ' કહેવાય છે કેમકે તે ઉતરતો કાળ છે. અવસર્પિણી પછી ફરીને ઉત્સર્પિણીની શરૂઆત થાય છે અને એના પછી વળી અવસર્પિણીની શરૂઆત થાય છે. આ પ્રમાણે ઉત્સર્પિણી અને અવસર્પિણીની ઘટમાળ સદા ચાલુ રહે છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી મળીને એક કાળચક્ર બને છે. અત્યાર સુધીમાં આવાં અનંત કાળચક્રો પસાર થઇ ગયાં છે અને હજી એવાં અનંત પસાર થઇ જશે.

વૈદિક હિંદુઓએ કાળના (૧) કૃત, (૨) દ્વાપર, (૩) ત્રેતા અને (૪) કલિ એવા ચાર વિભાગો પાડ્યા છે. તેઓ આ દરેકને 'યુગ' કહે છે. કૃત બધા યુગોમાં ચઢિયાતો છે. એના કરતાં દ્વાપર આબાદી વગેરેમાં ઉતરતો છે. એનાથી ત્રેતા ઉતરતો છે અને કલિ તો સૌથી ઉતરતો છે. આ ઉપરથી કૃત વગેરે ચાર યુગોને આપણે અવસર્પિણી કાળ તરીકે ઓળખાવી શકીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક ઉત્સર્પિણીના તેમ જ અવસર્પિણીના પણ ૬ છ વિભાગો પાડવામાં આવ્યા છે. આ દરેક વિભાગને સંસ્કૃતમાં 'અર' અને ગુજરાતીમાં 'આરા' કહેવામાં આવે છે. ભારતવર્ષમાં અત્યારે અવસર્પિણી કાળ પ્રવર્તે છે. આને 'હુંડાવસર્પિણી' કહેવામાં આવે છે. આનો અત્યારે પાંચમો આરો ચાલે છે. વૈદિક હિંદુઓ આને કલિયુગના નામથી ઓળખાવે છે.

અવસર્પિણીના છ આરાઓ છે. એનાં નામ નીચે પ્રમાણે છે:–

(૧) સુષમસુષમા, (૨) સુષમા, (૩) સુષમદુઃષમા, (૪) દુઃષમ-સુષમા, (૫) દુઃષમા અને (૬) દુઃષમદુઃષમા.

ઉત્સર્પિણીના પણ છ આરાઓ છે. એને નીચે મુજબનાં નામોથી ઓળખાવવામાં આવે છે:–

(૧) દુઃષમદુઃષમા, (૨) દુઃષમા, (૩) દુઃષમસુષમા, (૪) સુષમ-દુઃષમા, (૫) સુષમા અને (૬) સુષમસુષમા.

આ ઉપરથી જણાશે કે અવસર્પિણીના છ આરાઓ પૂર્ણ થતાં એના પ્રતિલોમ ક્રમથી ઉત્સર્પિણીના છ આરાઓની શરૂઆત થાય છે એટલે કે દુઃષમદુઃષમા પછી સુષમસુષમાથી શરૂઆત થતી નથી, પરંતુ દુઃષમદુઃષમા વગેરે છની અનુક્રમે શરૂઆત થાય છે.

સુષમસુષમાનો અર્થ એ છે કે આ આરા દરમ્યાન લોકો અત્યંત સુખી હોય છે. સુષમામાં લોકો ઓછા સુખી હોય છે. સુષમદુઃષમામાં લોકોને સુખ ઘણું મળે છે અને દુઃખ ઓછું ભોગવવું પડે છે. દુઃષમસુષમામાં તેમને દુઃખ વધારે અને સુખ ઓછું હોય છે. દુઃષમામાં સુખને બદલે દુઃખ હોય છે. દુઃષમદુઃષમામાં તો લોકોને ઘણું જ દુઃખ ભોગવવું પડે છે.

સુષમસુષમા નામનો આરો ચાર કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ જેટલો છે. સુષમા ત્રણ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ જેટલો અને સુષમદુઃષમા બે કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાસાગરોપમ જેટલો છે. દુઃષમસુષમાનું પ્રમાણ એક કોડાકોડી સૂક્ષ્મ અદ્ધાસાગરોપમમાંથી ૪૨૦૦૦ વર્ષ બાદ કરીએ એટલું છે. દુઃષમા તેમ જ દુઃષમદુઃષમા એ બંને આરાઓ એકવીસ એકવીસ હજાર વર્ષના છે. આ પ્રમાણે આ બંને આરાઓ સિવાય બીજા બધા આરાઓનું પ્રમાણ જુદું જદું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપરથી સમજાયું હશે કે ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બંને કાળના વિભાગો વર્ષોમાં સમાન છે, કેમકે બંનેનું માપ અડધા કાલચક્ર એટલે દસ કોડાકોડી સાગરોપમ જેટલું છે, પરંતુ એક ચઢતો કાળ છે અને બીજો ઉતરતો કાળ છે.

દરેક ક્ષેત્રમાં વારાફરતી બધા યે આરાઓ પ્રવર્તતા નથી. ભરત અને ઐરાવત ક્ષેત્રમાં જ છ યે આરાઓ પ્રવર્તે છે. બાકીનાં ક્ષેત્રોમાં તો સદા અમુક આરા દરમ્યાન જેવી સ્થિતિ હોય તેવી લગભગ રહે છે. જેમકે ઉત્તરકુરુ અને દેવકુરુ એ બંનેમાં નિરંતર સુષમસુષમા, હરિવર્ષ અને રમ્યકવર્ષમાં સદા સુષમા, હૈમવત અને હૈરણ્યવત એ બે ક્ષેત્રોમાં સર્વદા સુષમદુઃષમા તથા મહાવિદેહમાં હમેશાં દુઃષમસુષમા જેવી સ્થિતિ પ્રવર્તે છે.

જૈન ગ્રંથોમાં ત્રીજા અને ચોથા આરાનું જેટલું વિસ્તારથી વર્ણન જોવાય છે તેટલું બીજા આરાઓનું જોવાતું નથી. આનું કારણ એ છે કે આ બે આરાઓ સિવાયના આરાઓમાં ખાસ નોંધવા લાયક બનાવો બનતા નથી. ત્રીજા અને ચોથા આરામાં તો ભરત અને ઐરાવત ક્ષેત્રમાં નિયમિત રીતે કેટલાક ઉત્તમ પુરુષો જન્મે છે. દાખલા તરીકે ચોવીસ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, નવ બળદેવો, નવ વાસુદેવો અને નવ પ્રતિવાસુદેવો. આ ૬૩ ઉત્તમ જનોને 'શલાકાપુરુષ' કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કિરણ ૪૦ મું. સામાન્યકેવલીઓના પ્રકારો

એક દહાડો નિરંજના સામાન્યકેવલી એટલે શું તે રમાને પૂછતી હતી. રમાએ જવાબ આપ્યો કે જેમને કેવલજ્ઞાન થયું હોય તે બધા 'સામાન્યકેવલી' કહેવાય છે.

નિરંજના—ત્યારે તો તીર્થંકર પણ સામાન્યકેવલી ખરાને ?

રમા—હા, પણ એમનામાં કેટલીક વિશેષતાઓ રહેલી છે. એથી એમને સામાન્યકેવલી ન કહેતાં એમને 'તીર્થંકર' કહેવામાં આવે છે.

નિરંજના—એ વિશેષતાઓ શી છે વારુ ?

રમા—એક તો એ કે તીર્થંકર પ્રભુ પુણ્યમાં સૌથી ચઢિયાતા હોય છે.

નિરંજના—હા, એ તો હું જાણું છું.

રમા—બીજું, તીર્થંકર પ્રભુનું ચ્યવન થતાં તેઓ માતાના ગર્ભમાં આવે છે ત્યારે તેમની માતા ચૌદ સ્વપ્નો જુએ છે, જ્યારે સામાન્યકેવલીની બાબતમાં એવો નિયમ નથી. આ ચૌદ સ્વપ્નો તો તું શીખી ગઈ છે ને ?

નિરંજના—હા, હું થોડા જ દિવસ ઉપર એ શીખી ગઇ છું. આ બે વિશેષતા સિવાય બીજી વિશેષતાઓ છે ?

રમા—ઘણી.

નિરંજના—ત્યારે થોડીક ગણાવો.

રમા—સાંભળ.

(૧) તીર્થંકરને ગર્ભાવસ્થામાં જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે.

(૨) તેઓ સ્વયંબુદ્ધ જ છે, કેમકે તેઓ પોતાની મેળે બોધ પામી દીક્ષા લે છે.

(૩) તેઓ દીક્ષા લે છે તે જ વખતે તેમને મનઃપર્યાયજ્ઞાન થાય છે.

(૪) તીર્થંકરનાં પાંચ કલ્યાણકો હોય છે અને ઇન્દ્રો એ બહુ ધામધૂમથી ઉજવે છે.

(૫) તીર્થંકરનો દેહ રૂપ રૂપનો ભંડાર હોય છે.

(૬) એમની વાણીમાં અનેક ગુણો રહેલા હોય છે. પશુપંખીઓ પણ એમનો ઉપદેશ સમજી શકે છે. સર્વ જીવોના તમામ સંશયો એકી સાથે જ ક્ષણમાં છેદી શકે એવું એમની વાણીમાં પાણી હોય છે. એમની વાણીમાંથી અમૃત ઝરે છે. એમના શબ્દેશબ્દમાં પરોપકારની ભાવના રહેલી હોય છે. એમના ઉપદેશમાં અનેક જીવોને તારવાની શક્તિ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમના ઉપદેશથી કેટલાક મનુષ્યો તો દીક્ષા પણ લે છે, જ્યારે કેટલાક શ્રાવકોનાં વ્રત ગ્રહણ કરે છે, કેટલાકને સામાન્ય ધર્મની રુચિ થાય છે અને કેટલાક ભદ્ર પરિણામવાળા બને છે. આ બધા મનુષ્યોને એમના સંઘ તરીકે ઓળખાવાય છે. એનું બીજું નામ 'તીર્થ' છે. એની સ્થાપના તીર્થંકરને હાથે જ થાય છે. તે માટે તો તેઓ 'તીર્થંકર' કહેવાય છે.

(૭) સામાન્યકેવલી તીર્થંકરના સમવસરણમાં ઘણુંખરું હાજર રહે છે.

(૮) દરેક તીર્થંકર ઉપદેશ આપે જ, જ્યારે દરેક સામાન્યકેવલી ઉપદેશ આપતા નથી. કેટલાક સામાન્યકેવલીઓ તો પૂછે તેટલા જ પ્રશ્નોનો ઉત્તર આપે છે. આથી તો એમને 'મૂકકેવલી' કહેવામાં આવે છે.

(૯) તીર્થંકરને કેવલજ્ઞાન અંતસમયે થતું નથી પણ ઘણાં વર્ષો પૂર્વે થાય છે, જ્યારે કેટલાક સામાન્યકેવલીઓને આયુષ્ય અંતર્મુહૂર્ત જેટલું બાકી રહ્યું હોય ત્યારે થાય છે અને એથી તો તેઓ 'અંતકૃત્કેવલી' કહેવાય છે.

નિરંજના—મૂકકેવલી અને અંતકૃત્કેવલી એ નામો તો મેં આજે જ જાણ્યાં.

રમા—એવું એક બીજું નામ પણ છે.

નિરંજના—કયું વારુ ?

રમા—અશ્રુત્વાકેવલી.

નિરંજના—તેમની શી વિશેષતા છે ?

રમા—તેઓ પણ એક જાતના સામાન્યકેવલી છે. તેઓ જે ભવમાં કેવલજ્ઞાની બને છે તે ભવમાં તેમણે ધર્મનો ઉપદેશ સાંભળેલો હોતો નથી. વળી તેઓ ધર્મનો ઉપદેશ આપતા નથી પણ ઉદાહરણ કહે છે કે પ્રશ્નનો ઉત્તર આપે છે. વિશેષમાં તેઓ કોઇને દીક્ષા આપતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અર્થ-સૂચી

**એકાંતમય** = બધી જ રીતે અને બધા જ સંયોગોમાં આ જ પ્રમાણે એવી.

**અંતરદ્વીપ** = એક જાતના દ્વીપ. હિમવાન્ પર્વતની હાથીના દંતૂશળના આકારની ચાર દાઢા લવણ સમુદ્રમાં રહેલી છે. એ ચાર દાઢાઓ ઈશાન વગેરે ચાર ખૂણાઓ પૈકી એકેક ખૂણામાં છે. એ દરેક દાઢા ઉપર થોડે થોડે અંતરે સાત સાત દ્વીપો આવેલા છે. આમ હિમવાન્‌ની દાઢા ઉપર એકંદર ૨૮ દ્વીપો છે. એ બધા અંતરદ્વીપો ગણાય છે. હિમવાન્ પર્વતની પેઠે શિખરી પર્વતને પણ ચાર દાઢાઓ છે અને એ દરેકના ઉપર સાત સાત દ્વીપો આવેલા છે. આમ બધા મળીને ૨૮ દ્વીપો છે. એ પણ અંતરદ્વીપો ગણાય છે. આ પ્રમાણે કુલ્લે ૫૬ અંતરદ્વીપો છે.

**કાલવેલા** = કાળનો વખત. સૂર્યોદયના સમયની પહેલાની એક ઘડી અને એની પછીની એક ઘડી, એવી રીતે મધ્યાહ્નની આસપાસની એકેક ઘડી, સૂર્યાસ્તના સમયની આસપાસની એકેક ઘડી અને મધ્યરાત્રિની આસપાસની એકેક ઘડી એમ ચાર કાલવેલા છે. તેમાંથી અહીં પહેલી ત્રણ સમજવાની છે.

**ગુણસ્થાન** = આધ્યાત્મિક વિકાસની ચડાવ અને ઉતારવાળી ભૂમિકા.

**દ્રવ્યક્ષેત્રાદિકની** = દ્રવ્યની, ક્ષેત્રની, કાળની અને ભાવની.

**નિહ્નવ** = કદાગ્રહને વશ થઈ, તીર્થંકરે કહેલી બાબતોમાંથી અમુક અંશને નહિ માનનાર-છુપાવનાર.

**પટ્ટધર** = પાટે બેસનાર, ગાદીનો વારસ.

**મિથ્યાત્વી** = ખોટી શ્રદ્ધાવાળો.

**યુગલિક ધર્મ** = આખી જિંદગીમાં છોકરો અને છોકરીના જોડકાને જ એક જ વાર જન્મ આપનારનો ધર્મ.

**સ્યાદ્વાદ** = અનેક ધર્મવાળી એક જ વસ્તુમાં અમુક અમુક અપેક્ષાએ જુદા જુદા ધર્મોનો સ્વીકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

## सुगुरुवन्दनसूत्र

इच्छामि क्षमाश्रमण! वन्दितुं यापनीयया नैषेधिक्या

**इच्छामि खमासमणो! वंदिउं जावणिज्जाए निसीहिआए।**

ઇચ્છું છું હે ક્ષમાથી યુક્ત સાધુ! નમવાને શક્તિ અનુસાર પાપકાર્યોના નિષેધપૂર્વક

**અર્થ**—હે ક્ષમાથી યુક્ત સાધુ! હું શક્તિ અનુસાર પાપકાર્યોનો નિષેધ કરી (આપને) નમવાને ઇચ્છું છું.

अनुजानीत मम मितावग्रहम्

**अणुजाणह मे मिउग्गहं।**

રજા આપો મને પરિમિત અવગ્રહ

**અર્થ**—તમે પરિમિત અવગ્રહ (એટલે કે સાડા ત્રણ હાથ જેટલા ક્ષેત્રમાં પ્રવેશ કરવા)ની મને રજા આપો.

निषेधी अधःकायं कायसंस्पर्शम्

**निसीहि अहोकायं कायसंफासं।**

પાપક્રિયાનો નિષેધ કર્યો છે જેણે એવો ચરણને કાયા વડે સ્પર્શ

**અર્થ**—પાપક્રિયાનો નિષેધ કર્યો છે જેણે એવો (હું આપના) ચરણને (મારી) કાયા વડે (એટલે કે મસ્તક વડે) સ્પર્શ (કરું છું).

क्षमणीयः भवद्भिः क्लामः अल्पक्लान्तानां बहुशुभेन

**खमणिज्जो भे किलामो। अप्पकिलंताणं बहुसुभेण**

સહન કરજો આપ ખેદ અલ્પ ગ્લાનિવાળાનો ઘણા સુખથી

भवतां दिवसो व्यतिक्रान्तः

**भे दिवसो वइक्कंतो?।**

આપનો દિવસ વીત્યો

**અર્થ**—(એ દ્વારા થતા) ખેદને આપ સહન કરજો. અલ્પ ગ્લાનિવાળા એવા આપનો ઘણા સુખથી દિવસ વીત્યો?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यात्रा भवताम् यापनीयं च भवताम्
**जत्ता भे?। जवणिज्जं च भे?।**
યાત્રા આપની યાપનીય અને આપનું

**અર્થ**—આપની [1]યાત્રા (વધે) છે? અને આપનું (શરીર) [2]યાપનીય છે?

क्षमयामि क्षमाश्रमण! दैवसिकम् व्यतिक्रमम्
**खामेमि खमासमणो! देवसियं वइक्कम्मं।**
ખમાવું છું હે ક્ષમાથી યુક્ત સાધુ! દિવસને લગતા અપરાધને

**અર્થ**—હે ક્ષમાથી યુક્ત સાધુ! દિવસને લગતા મારા અપરાધને હું ખમાવું છું.

आवश्यक्या प्रतिक्रामामि
**आवस्सियाए पडिक्कमामि।**
આવશ્યક ક્રિયા સંબંધી અતિચારથી નિવર્તું છું

**અર્થ**—આવશ્યક ક્રિયા કરતી વેળા જે અતિચાર લાગ્યા હોય તેનાથી હું નિવર્તું છું.

क्षमाश्रमणानां दैवसिक्या आशातनया त्रयस्त्रिंशदन्यतरया
**खमासमणाणं देवसिआए आसायणाए तित्तिसन्नयराए**
ક્ષમાશ્રમણની દિવસને લગતી આશાતના વડે તેત્રીસમાંની કોઇ એક

यत्किञ्चिन्मिथ्यया मनोदुष्कृतया वचोदुष्कृतया कायदुष्कृतया
**जंकिंचिमिच्छाए मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए**
જે કંઇક મિથ્યાભાવવાળી માનસિક પાપવાળી વાચિક પાપવાળી કાયિક પાપવાળી

क्रोधया मानया मायया लोभया सर्वकालिक्या
**कोहाए माणाए मायाए लोभाए सव्वकालियाए**
ક્રોધરૂપ માનરૂપ કપટરૂપ લોભરૂપ સર્વ કાળ સંબંધી

---

૧ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ વગેરે યોગો સાથે આત્માને જોડવો તે 'યાત્રા' છે.
૨ યાપનીયના ઇન્દ્રિય–યાપનીય અને નોઇન્દ્રિય–યાપનીય એવા બે ભેદ છે. તેમાં અખંડિત શક્તિવાળી ઇન્દ્રિયો ઉપરનો કાબુ તે 'ઇન્દ્રિય–યાપનીય' છે અને ક્રોધ વગેરેનો નાશ થવાથી કે તેને દબાવી દેવાથી તેમનો ઉદય થતો અટકાવવો તે 'નોઇન્દ્રિય–યાપનીય' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्वमिथ्योपचारया सर्वधर्मातिक्रमणया आशातनया
**सव्वमिच्छोवयाराए सव्वधम्माइक्कमणाए आसायणाए**
સર્વ મિથ્યા ઉપચાર સંબંધી સર્વ ધર્મના ઉલ્લંઘન સંબંધી આશાતના વડે

यो मया अतिचारः कृतः तं क्षमाश्रमण !
**जो मे अइयारो कओ तस्स खमासमणो !**
જે મેં અતિચાર કર્યો તેને હેક્ષમાથી યુક્ત સાધુ!

प्रतिक्रामामि निन्दामि गर्हे आत्मानं व्युत्सृजामि
**पडिक्कमामि निन्दामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**
નિવર્તું છું નિંદું છું વિશેષે નિંદું છું આત્માને તજી દઉં છું

**અર્થ**—(આપ) ક્ષમાશ્રમણની દિવસને લગતી તેત્રીસ (આશાતના)-માંની કોઇ પણ આશાતના દ્વારા કે જે કંઇક મિથ્યાભાવવાળી, મનના, વચનના અને શરીરના દુષ્ટ વ્યાપારવાળી, ક્રોધરૂપ, માનરૂપ, કપટરૂપ, લોભરૂપ, સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર સંબંધી તેમ જ સર્વ ધર્મના (એટલે કે આઠ પ્રવચનમાતાના) ઉલ્લંઘનરૂપ હોય તે આશાતના વડે મેં જે અતિચાર કર્યો હોય તેનાથી હે ક્ષમાથી યુક્ત સાધુ! હું નિવર્તું છું, (તેને) નિંદું છું, વિશેષે નિંદું છું અને (પાપી) આત્માને તજી દઉં છું (એટલે કે એ આત્માને પાપી વ્યાપારોથી હઠાવી દઉં છું).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्रुतस्तव

पुष्करवरद्वीपार्धे धातकीखण्डे च जम्बूद्वीपे च

**पुक्खरवरदीवड्ढे धायइसंडे अ जंबुदीवे अ ।**

અડધા પુષ્કરવરદ્વીપમાં ધાતકીખંડમાં અને જંબૂદ્વીપમાં અને

भरतैरवतविदेहेषु धर्मादिकरान् नमस्यामि

**भरहेरवयविदेहे धम्माइगरे नमंसामि ॥ १ ॥**

ભરત, [1]ઐરવત અને વિદેહમાં ધર્મની શરૂઆત કરનારને હું નમું છું

**અર્થ**—પુષ્કરવર (નામના) દ્વીપના અડધા ભાગમાંના, ધાતકીખંડમાંના તેમ જ જંબૂદ્વીપમાંના ભરત, ઐરવત અને (મહા)વિદેહમાં ધર્મની શરૂઆત કરનારા (તીર્થંકરો)ને હું નમું છું.–૧

तमस्तिमिरपटलविध्वंसनं सुरगणनरेन्द्रमहितम्

**तमतिमिरपडलविद्धंसणस्स सुरगणनरिंदमहियस्स ।**

અજ્ઞાનરૂપ અંધકારના સમૂહનો નાશ કરનાર દેવોના સમુદાયથી અને રાજાઓથી પૂજાયેલ

सीमाधरं वन्दे प्रस्फोटितमोहजालम्

**सीमाधरस्स वंदे पप्फोडिअमोहजालस्स ॥ २ ॥**

મર્યાદાને ધારણ કરનાર નમું છું તોડી નાખી છે મોહરૂપ જાળ જેણે એવાને

**અર્થ**—અજ્ઞાનરૂપ અંધકારના સમૂહનો નાશ કરનારા, દેવોના સમુદાય વડે તથા રાજાઓ વડે પૂજાયેલા, વળી મર્યાદાને ધારણ કરનારા અને મોહરૂપ જાળને તોડી નાખનારા એવા (જૈન સિદ્ધાંત)ને હું નમું છું.–૨

जातिजरामरणशोकप्रणाशनस्य

**जाईजरामरणसोगपणासणस्स**

જન્મ, ઘડપણ, મરણ અને શોકનો અતિશય નાશ કરનાર

कल्याणपुष्कलविशालसुखावहस्य

**कल्लाणपुक्खलविसालसुहावहस्स ।**

કલ્યાણકારી અને પુષ્કળ તથા વિશાળ સુખને આપનાર

---

૧ આનું બીજું નામ 'ઐરાવત' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कः देवदानवनरेन्द्रगणार्चितस्य

**को देवदाणवनरिंदगणच्चिअस्स**

કોણ દેવોના, દાનવોના અને નરેન્દ્રોના સમુદાયથી પૂજાયેલ

धर्मस्य सारमुपलभ्य कुर्यात् प्रमादम्

**धम्मस्स सारमुवलब्भ करे पमायं ? ॥ ३ ॥**

ધર્મના સારને પામીને કરે પ્રમાદ

**અર્થ**—જન્મ, ઘડપણ, મરણ અને શોકનો અતિશય નાશ કરનારા, કલ્યાણકારી અને પુષ્કળ તથા વિશાળ (એવા મોક્ષના) સુખને આપનારા, તેમ જ દેવોના, દાનવોના અને રાજાઓના સમુદાયથી પૂજાયેલા એવા (શ્રુત)ધર્મનો સાર પામીને કોણ પ્રમાદ કરે?–૩

सिद्धाय भो प्रयतः नमः जिनमताय नन्दिः सदा संयमे

**सिद्धे भो पयओ णमो जिणमए नंदी सया संजमे**

સિદ્ધ હે આદરસહિત નમસ્કાર જિનમતને વૃદ્ધિ સદા સંયમમાં

देवनागसुपर्णकिन्नरगणसद्भूतभावार्चिताय

**देवंनागसुवन्नकिंनरगणस्सब्भूअभावच्चिए ।**

દેવોના, નાગના, સુપર્ણના અને કિન્નરના સમૂહ વડે સાચા ભાવથી પૂજાયેલા

लोकः यत्र प्रतिष्ठितः जगत् इदं त्रैलोक्यमर्त्यासुरं

**लोगो जत्थ पइट्ठिओ जगमिणं तेलुक्कमच्चासुरं**

જ્ઞાન જેમાં રહેલું છે જગત્ આ મનુષ્ય ને અસુરરૂપ ત્રણ લોકવાળું

धर्मः वर्द्धतां शाश्वतः विजयतः धर्मोत्तरं वर्द्धताम्

**धम्मो वड्ढउ सासओ विजयओ धम्मुत्तरं वड्ढउ ॥ ४ ॥**

ધર્મ વૃદ્ધિ પામો શાશ્વત વિજય દ્વારા ઉત્તમ ધર્મ વૃદ્ધિ પામો

**અર્થ**—હે (જ્ઞાની જનો)! (બધાં પ્રમાણોથી) સિદ્ધ એવા જિનમતને (હું) આદરસહિત નમસ્કાર (કરું છું). (એથી કરીને) (વૈમાનિક) દેવોના, નાગ-(કુમાર)ના, સુપર્ણ(કુમાર)ના અને કિન્નર (દેવો)ના સમૂહ વડે સાચા ભાવથી પૂજાયેલા સંયમમાં સદા વૃદ્ધિ થાય છે. વળી જે (જિનમત)ને વિષે (ત્રણ કાળનું) જ્ઞાન તથા મનુષ્ય અને અસુર (અને દેવ)રૂપ ત્રણ લોકવાળું આ જગત્ પ્રતિષ્ઠિત છે એ (જિનમતરૂપ) શાશ્વત ધર્મ વિજય દ્વારા વૃદ્ધિ પામો. (તેમ જ) એ દ્વારા (ચારિત્રરૂપ) ઉત્તમ ધર્મ વૃદ્ધિ પામો.–૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# वैयावृत्त्यकरसूत्र

वैयावृत्त्यकरेषु शान्तिकरेषु सम्यग्दृष्टिसमाधिकरेषु

**वेआवच्चगराणं संतिगराणं सम्मद्दिट्ठिसमाहिगराणं**

વૈયાવૃત્ત્ય કરનાર શાંતિ કરનાર સમ્યગ્દષ્ટિને સમાધિ કરનાર

करोमि कायोत्सर्गम्

**करेमि काउस्सग्गं ॥**

કરું છું કાયોત્સર્ગ

અર્થ—(જિનશાસનનું) વૈયાવૃત્ત્ય કરનાર, શાંતિ કરનાર અને સમ્યગ્-દૃષ્ટિને સમાધિ કરનાર (દેવોની આરાધના માટે) હું કાયોત્સર્ગ કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# भरहेसरनी सज्झाय

भरतेश्वरः बाहुबलिः अभयकुमारः च ढण्ढणकुमारः
**भरहेसर बाहुबली, अभयकुमारो अ ढंढणकुमारो ।**
ભરતેશ્વર બાહુબલિ અભયકુમાર અને ઢંઢણકુમાર

श्रीयकः अर्णिकापुत्रः अतिमुक्तः नागदत्तः च
**सिरिओ अणिआउत्तो, अइमुत्तो नागदत्तो अ ॥ १ ॥**
શ્રીયક અર્ણિકાપુત્ર અતિમુક્ત નાગદત્ત અને

मेतार्यः स्थूलभद्रः वज्रर्षिः नन्दिषेणः सिंहगिरिः
**मेअज्ज थूलिभद्दो, वयररिसी नंदिसेण सिंहगिरी ।**
મેતાર્ય સ્થૂલભદ્ર વજ્ર ઋષિ નંદિષેણ સિંહગિરિ

कृतपुण्यः च सुकोशलः पुण्डरीकः केशी करकण्डुः
**कयवन्नो अ सुकोसल, पुंडरिओ केसि करकंडू ॥ २ ॥**
કૃતપુણ્ય અને સુકોશલ પુંડરીક કેશી કરકંડુ

हलः विहलः सुदर्शनः शालः महाशालः शालिभद्रः च
**हल्ल विहल्ल सुदंसण, साल महासाल सालिभद्दो अ ।**
હલ્લ વિહલ્લ સુદર્શન શાલ મહાશાલ શાલિભદ્ર અને

भद्रः दशार्णभद्रः प्रसन्नचन्द्रः च यशोभद्रः
**भद्दो दसण्णभद्दो, पसण्णचंदो अ जसभद्दो ॥ ३ ॥**
ભદ્ર(બાહુ) દશાર્ણભદ્ર પ્રસન્નચન્દ્ર અને યશોભદ્ર

जम्बूप्रभुः वङ्कचूलो गजसुकुमालः अवन्तिसुकुमालः
**जंबुपहु वंकचूलो, गयसुकुमालो अवंतिसुकुमालो ।**
જંબૂસ્વામી વંકચૂલ ગજસુકુમાલ અવંતિસુકુમાલ

धन्यः इलाचीपुत्रः चिलातीपुत्रः च बाहुमुनिः
**धन्नो इलाइपुत्तो, चिलाइपुत्तो अ बाहुमुणी ॥ ४ ॥**
ધન્ય ઇલાચીપુત્ર ચિલાતીપુત્ર અને બાહુ મુનિ

आर्यगिरिः आर्यरक्षितः आर्यसुहस्ती उदायकः मनकः
**अज्जगिरि अज्जरक्खिय, अज्जसुहत्थी उदायगो मणगो ।**
આર્યગિરિ આર્યરક્ષિત આર્યસુહસ્તી ઉદાયન મનક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कालकसूरिः शाम्बः प्रद्युम्नः मूलदेवः च

**कालयसूरी संबो, पज्जुणो मूलदेवो अ ॥ ५ ॥**

કાલકસૂરિ શાંબ પ્રદ્યુમ્ન મૂલદેવ અને

प्रभवः विष्णुकुमारः आर्द्रकुमारः दृढप्रहारी च

**पभवो विण्हुकुमारो, अद्दकुमारो दढप्पहारी अ ।**

પ્રભવ વિષ્ણુકુમાર આર્દ્રકુમાર દૃઢપ્રહારી અને

श्रेयांसः कूरगडुः च शय्यम्भवः मेघकुमारः च

**सिज्जंस कूरगडू अ, सिज्जंभव मेहकुमारो अ ॥ ६ ॥**

શ્રેયાંસ કૂરગડુ અને શય્યંભવ મેઘકુમાર અને

एवम् आदयः महासत्त्वाः ददतु सुखं गुणगणैः संयुक्ताः

**एमाइ महासत्ता, दिंतु सुहं गुणगणेहिं संजुत्ता ।**

એ વગેરે મહાપરાક્રમી આપો સુખને ગુણના સમૂહથી યુક્ત

येषां नामग्रहणेन पापप्रबन्धाः विलयं यान्ति

**जेसिं नामग्गहणे, पावपबंधा विलयं जंति ॥ ७ ॥**

જેમનાં નામના ગ્રહણથી પાપના બંધ નાશ પામે છે

**અર્થ**—(ચક્રવર્તી) ભરતેશ્વર, (એના લઘુ બંધુ) બાહુબલિ, અભયકુમાર તથા (કૃષ્ણ વાસુદેવના પુત્ર) ઢંઢણકુમાર, (સ્થૂલભદ્રના નાના ભાઇ) શ્રીયક, અર્ણિકાપુત્ર (આચાર્ય), અતિમુક્ત(કુમાર) તથા નાગદત્ત, મેતાર્ય (મુનિ), સ્થૂલભદ્ર, (છેલ્લા દસપુવ્વધર) વજ્ર ઋષિ, નંદિષેણ, (વજ્ર ઋષિના ગુરુ) સિંહગિરિ, કૃતપુણ્ય(કુમાર), સુકોશલ (મુનિ), પુંડરીક(સ્વામી), કેશી, (પ્રત્યેકબુદ્ધ) કરકંડુ, (શ્રેણિકના પુત્ર) હલ્લ અને વિહલ્લ, સુદર્શન, શાલ, મહાશાલ, શાલિભદ્ર, (સ્થૂલભદ્રના વિદ્યાગુરુ) ભદ્ર(બાહુ), દશાર્ણભદ્ર, પ્રસન્નચન્દ્ર (રાજર્ષિ) તથા (ભદ્રબાહુના ગુરુ) યશોભદ્ર(સૂરિ), (અંતિમ કેવલી) જંબૂસ્વામી, (રાજકુમાર) વંકચૂલ, (કૃષ્ણના નાના ભાઇ) ગજસુકુમાલ, અવન્તિસુકુમાલ, (શાલિભદ્રના બનેવી) ધન્ય, ઇલાચીપુત્ર, ચિલાતીપુત્ર અને (યુગ)બાહુ મુનિ, આર્ય(મહા)ગિરિ, આર્યરક્ષિત, આર્યસુહસ્તી, ઉદાયન (રાજા), (શય્યંભવસૂરિના પુત્ર) મનક, કાલકસૂરિ, (કૃષ્ણના પુત્ર) શાંબ અને પ્રદ્યુમ્ન, મૂલદેવ, (શય્યંભવસૂરિના ગુરુ) પ્રભવ(સ્વામી), વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા દઢપ્રહારી (ચોર), (બાહુબલિના પૌત્ર). શ્રેયાંસ(કુમાર), કૂરગડુ (સાધુ), (પ્રભવસ્વામીના શિષ્ય) શય્યંભવ અને મેઘકુમાર વગેરે મહાપરાક્રમી (પુરુષો) કે જેઓ (જ્ઞાનાદિ) ગુણોના સમૂહોથી યુક્ત છે અને જેમનું નામ લેવાથી પાપના બંધ વિનાશ પામે છે તેઓ (અમને) સુખ આપો.–૧–૭

सुलसा चन्दनबाला मनोरमा मदनरेखा दमयन्ती

**सुलसा चंदनबाला, मणोरमा मयणरेहा दमयंती ।**

સુલસા ચંદનબાલા મનોરમા મદનરેખા દમયંતી

नर्मदासुन्दरी सीता नन्दा भद्रा सुभद्रा च

**नमयासुंदरि सीया, नंदा भद्दा सुभद्दा य ॥ ८ ॥**

નર્મદાસુંદરી સીતા નંદા ભદ્રા સુભદ્રા અને

राजीमती ऋषिदत्ता पद्मावती अञ्जना श्रीदेवी

**रायमई रिसिदत्ता, पउमावइ अंजणा सिरीदेवी ।**

રાજીમતી ઋષિદત્તા પદ્માવતી અંજના શ્રીદેવી

ज्येष्ठा सुज्येष्ठा मृगावती प्रभावती चिल्लणादेवी

**जिट्ठ सुजिट्ठ मिगावइ, पभावई चिल्लणादेवी ॥ ९ ॥**

જયેષ્ઠા સુજ્યેષ્ઠા મૃગાવતી પ્રભાવતી ચિલ્લણા દેવી

ब्राह्मी सुन्दरी रुक्मिणी रेवती कुन्ती शिवा जयन्ती च

**बंभि सुंदरि रुप्पिणी, रेवइ कुंती सिवा जयंती य ।**

બ્રાહ્મી સુંદરી રુક્મિણી રેવતી કુંતી શિવા જયંતી અને

देवकी द्रौपदी धारणी कलावती पुष्पचूला च

**देवइ दोवइ धारणी, कलावइ पुप्फचूला य ॥ १० ॥**

દેવકી દ્રૌપદી ધારણી કલાવતી પુષ્પચૂલા અને

पद्मावती च गौरी गान्धारी लक्ष्मणा सुसीमा च

**पउमावई य गोरी, गंधारी लक्खमणा सुसीमा य ।**

પદ્માવતી અને ગૌરી ગાંધારી લક્ષ્મણા સુસીમા અને

जाम्बूवती सत्यभामा रुक्मिणी कृष्णस्य अष्ट महिष्यः

**जंबूवइ सच्चभामा, रुप्पिणि कण्हट्ठ महिसीओ ॥ ११ ॥**

જાંબૂવતી સત્યભામા રુક્મિણી કૃષ્ણની આઠ પટરાણીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यक्षा च यक्षदत्ता भूता तथा चैव भूतदत्ता च
**जक्का य जक्कदिन्ना, भूआ तह चेव भूअदिन्ना य।**
યક્ષા અને યક્ષદત્તા ભૂતા તથા વળી નક્કી ભૂતદત્તા અને

सेणा वेणा रेणा भगिन्यः स्थूलभद्रस्य
**सेणा वेणा रेणा, भयणीउ थूलिभद्दस्स ॥ १२ ॥**
સેણા વેણા રેણા બેનો સ્થૂલભદ્રની

इत्यादयः महासत्यः जयन्ति अकलङ्कशीलकलिताः
**इच्चाइ महासइउ, जयंति अकलंकसीलकलिआउ।**
ઇત્યાદિ મહાસતીઓ જયવંતી વર્તે છે નિષ્કલંક શીલથી યુક્ત

अद्यापि वाद्यते यासां यशःपटहः त्रिभुवने सकले
**अज्ज वि वज्जइ जासिं, जसपडहो तिहुअणे सयले ॥ १३ ॥**
આજે પણ વાગે છે જેઓનો કીર્તિનો પડો ત્રિભુવનમાં સકળ

**અર્થ**—સુલસા, ચંદનબાલા, (સુદર્શન શેઠની પત્ની) મનોરમા, (યુગબાહુની પત્ની) મદનરેખા, દમયંતી, નર્મદાસુંદરી, સીતા, (અભયકુમારની માતા) નંદા, (શાલિભદ્રની માતા) ભદ્રા, સુભદ્રા, રાજીમતી, ઋષિદત્તા, (કરકંડુની માતા) પદ્માવતી, (હનુમાનની માતા) અંજના(સુંદરી), શ્રીદેવી, (ચેડા રાજાની પુત્રી) જ્યેષ્ઠા, સુજ્યેષ્ઠા, (ચંદનબાલાની શિષ્યા) મૃગાવતી, પ્રભાવતી, (શ્રેણિક રાજાની પત્ની) ચિલ્લણા દેવી, (ભરત ચક્રવર્તીની બેનો) બ્રાહ્મી અને સુંદરી, રુક્મિણી, રેવતી, (પાંડવોની માતા) કુંતી, શિવા અને જયંતી, (કૃષ્ણની માતા) દેવકી, દ્રૌપદી, (ચંદનબાલાની માતા) ધારણી, કલાવતી તથા (અર્ણિકાપુત્રની શિષ્યા) પુષ્પચૂલા, પદ્માવતી તથા ગૌરી, ગાંધારી, લક્ષ્મણા તથા સુસીમા, જંબૂવતી, સત્યભામા (અને) રુક્મિણી એ કૃષ્ણની આઠ પટરાણીઓ, યક્ષા, યક્ષદત્તા, ભૂતા તથા વળી નિશ્ચયથી ભૂતદત્તા, સેણા, વેણા (અને) રેણો એ સ્થૂલભદ્રની (સાત) બેનો ઇત્યાદિ મહાસતીઓ જેઓ નિર્મળ શીલથી યુક્ત છે અને જેમનો આજે પણ સકળ ત્રિભુવનમાં કીર્તિનો પડો વાગે છે તેઓ જયવંતી વર્તે છે.–૮–૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 'मन्नह जिणाणं' सज्झाय

मन्यध्वं जिनानां आज्ञां मिथ्यात्वं परिहरत धारयत सम्यक्त्वम्
**मन्नह जिणाणं आणं, मिच्छं परिहरह धरह सम्मत्तं ।**
માનો જિનેશ્વરોની આજ્ઞાને મિથ્યાત્વને પરિહરો ધારણ કરો સમ્યક્ત્વને

षड्विधावश्यके उद्युक्तः भवति प्रतिदिवसम्
**छव्विहआवस्सयंमि, उज्जुत्तो होइ पइदिवसं ॥ १ ॥**
છ પ્રકારના આવશ્યકને વિષે ઉદ્યમવંત હોય છે દરરોજ

**અર્થ**—(હે ભવ્ય જીવ!) તમે જિનેશ્વરની આજ્ઞા માનો, મિથ્યાત્વનો ત્યાગ કરો, સમ્યક્ત્વને ધારણ કરો, (કેમકે) (સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ) છ પ્રકારના આવશ્યકને વિષે (ભવ્ય જીવ) સદા ઉદ્યમવંત હોય છે.–૧

पर्वसु पौषधव्रतं दानं शीलं तपः च भावः च
**पव्वेसु पोसहवयं, दाणं सीलं तवो अ भावो अ ।**
પર્વોમાં પૌષધવ્રત દાન શીલ તપ અને ભાવના અને

स्वाध्यायः नमस्कारः परोपकारः च यतना च
**सज्झाय नमुक्कारो, परोवयारो अ जयणा अ ॥ २ ॥**
સ્વાધ્યાય નમસ્કાર પરોપકાર અને જયણા અને

जिनपूजा जिनस्तवनं गुरुस्तुतं साधर्मिकाणां वात्सल्यम्
**जिणपूआ जिणथुणणं, गुरुथुअ साहम्मिआण वच्छल्लं ।**
જિનોની પૂજા જિનોનું સ્તવન ગુરુની સ્તુતિ સાધર્મિકોનું વાત્સલ્ય

व्यवहारस्य च शुद्धिः रथयात्रा तीर्थयात्रा च
**ववहारस्स य सुद्धी, रहजत्ता तित्थजत्ता य ॥ ३ ॥**
વ્યવહારની વળી શુદ્ધિ રથયાત્રા તીર્થયાત્રા અને

उपशमो विवेकः संवरः भाषासमितिः षड्जीवकरुणा च
**उवसम विवेग संवर, भासासमिई छज्जीवकरुणा य ।**
ઉપશમ વિવેક સંવર ભાષાસમિતિ છ(કાય) જીવોની દયા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धार्मिकजनसंसर्गः करणदमः चरणपरिणामः

**धम्मिअजणसंसग्गो, करणदमो चरणपरिणामो ॥ ४ ॥**

ધાર્મિક જનોનો સમાગમ ઇન્દ્રિયોનું દમન ચારિત્રનો પરિણામ

सङ्घोपरि बहुमानः पुस्तकलिखनं प्रभावना तीर्थे

**संघोवरि बहुमाणो, पुत्थयलिहणं[1] पभावणा तित्थे ।**

સંઘ ઉપર બહુમાન પુસ્તકનું લખવું પ્રભાવના તીર્થને વિષે

श्राद्धानां कृत्यमेतद् नित्यं सुगुरूपदेशेन

**सड्ढाण किच्चमेअं, निच्चं सुगुरूवएसेणं ॥ ५ ॥**

શ્રાવકોનું કાર્ય આ નિરંતર સદ્ગુરુના ઉપદેશ વડે

**અર્થ**—પર્વોમાં પૌષધ વ્રત, દાન, શીલ, તપ અને ભાવના, સ્વાધ્યાય, નમસ્કાર, પરોપકાર તથા જયણા, જિનોની પૂજા, જિનોનું સ્તવન, ગુરુની સ્તુતિ અને સાધર્મિકોનું વાત્સલ્ય, વ્યવહારની શુદ્ધિ, રથયાત્રા અને તીર્થયાત્રા, ઉપશમ, વિવેક, સંવર, ભાષાસમિતિ અને છ(કાય) જીવોની દયા, ધાર્મિક જનોનો સમાગમ, ઇન્દ્રિયોનું દમન, ચારિત્રનો પરિણામ, સંઘ ઉપર બહુમાન, પુસ્તક લખવાં (કે લખાવવાં કે બંને કામ કરવાં) અને તીર્થની પ્રભાવના આ કાર્ય શ્રાવકોએ સુગુરુના ઉપદેશથી રોજ કરવાં જોઇએ.—૨—૫

---

૧ લિહણનો અર્થ 'લખાવવું' પણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# नमोऽस्तु वर्द्धमानाय

**नमोऽस्तु वर्द्धमानाय स्पर्द्धमानाय कम्मणा ।**
નમસ્કાર થાઓ વર્દ્ધમાનને સ્પર્ધા કરનાર કર્મની સાથે
**तज्जयावाप्तमोक्षाय परोक्षाय कुतीर्थिनाम् ॥ १ ॥**
તેનો જય કરી પ્રાપ્ત કર્યો છે મોક્ષ જેમણે એવા પરોક્ષ કુતીર્થીઓને

**અર્થ**—કર્મની સાથે સ્પર્દ્ધા કરનાર, તેનો (એટલે કે કર્મનો) જય કરીને મોક્ષને પામેલા અને કુતીર્થીઓથી પરોક્ષ એવા વર્દ્ધમાન(સ્વામી)ને નમસ્કાર થાઓ.—૧

**येषां विकचारविन्दराजथा**
જેમની વિકસ્વર કમળોની શ્રેણિ
**ज्यायःक्रमकमलावलिं दधत्या ।**
વિશેષ પ્રશંસનીય ચરણકમળની શ્રેણિને ધારણ કરતી
**सदृशैरिति सङ्गतं प्रशस्यं**
સરખા સાથે એમ મેળાપ પ્રશંસાપાત્ર
**कथितं सन्तु शिवाय ते जिनेन्द्राः ॥ २ ॥**
કહેલું થાઓ મોક્ષને માટે તે જિનેશ્વરો

**અર્થ**—જે જિનેન્દ્રોની વિશેષ પ્રશંસનીય ચરણકમળની શ્રેણિને (પોતાની ઉપર) ધારણ કરતી એવી વિકસ્વર કમળોની શ્રેણિ ઉપરથી, સરખાની સાથેનો મેળાપ પ્રશંસાપાત્ર કહેવાયો છે, તે જિનેન્દ્રો મોક્ષને માટે થાઓ.—૨

**कषायतापार्दितजन्तुनिर्वृतिं**
કષાયરૂપ તાપ વડે પીડાયેલાં પ્રાણીઓની શાંતિને
**करोति यो जैनमुखाम्बुदोद्गतः ।**
કરે છે જે જૈનના મુખરૂપ મેઘમાંથી ઉત્પન્ન થયેલા
**स शुक्रमासोद्भववृष्टिसन्निभो**
તે જ્યેષ્ઠ માસમાં થયેલી વૃષ્ટિની સમાન
**दधातु तुष्टिं मयि विस्तरो गिराम् ॥ ३ ॥**
કરો સંતોષ મારે વિષે વિસ્તાર વાણીનો

**અર્થ**—જે વાણીનો વિસ્તાર, જૈન (જિનેશ્વર)ના મુખરૂપી મેઘમાંથી ઉત્પન્ન થયેલો છે અને જે કષાયરૂપ તાપથી પીડાયેલાં પ્રાણીઓને શાંતિ કરે છે, તે કે જે જ્યેષ્ઠ માસમાં ઉત્પન્ન થયેલી વૃષ્ટિની સમાન છે તે (સિદ્ધાંતરૂપ) વાણીનો વિસ્તાર મારે વિષે તુષ્ટિ કરો.—૩

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# विशाललोचन याने प्राभातिक वीरस्तुति

विशाललोचनदलं प्रोद्यद्दन्तांशुकेसरम् ।
વિશાળ નેત્રરૂપ પત્રવાળું ઝળહળતા દાંતના કિરણરૂપ કેસરવાળું
प्रातर्वीरजिनेन्द्रस्य मुखपद्मं पुनातु वः ॥ १ ॥
પ્રભાતે વીર જિનેશ્વરનું મુખકમળ પવિત્ર કરો તમને

**અર્થ**—વિશાળ નેત્રરૂપ પત્રવાળું તથા અત્યંત ઝળહળતા એવા દાંતના કિરણરૂપ કેસરવાળું એવું વીર જિનેન્દ્રનું મુખકમળ પ્રભાતે તમને પવિત્ર કરો.–૧

येषामभिषेककर्म कृत्वा
જેમનું અભિષેકકાર્ય કરીને
मत्ता हर्षभरात् सुखं सुरेन्द्राः ।
મત્ત હર્ષના સમૂહથી સુખરૂપ દેવેન્દ્રો
तृणमपि गणयन्ति नैव नाकं
તૃણ પણ ગણતા નથી જ દેવલોકને
प्रातः सन्तु शिवाय ते जिनेन्द्राः ॥ २ ॥
પ્રભાતે થાઓ મોક્ષને અર્થે તે જિનેશ્વરો

**અર્થ**—જે જિનેન્દ્રોના અભિષેકકાર્યને કરીને હર્ષના સમૂહથી મત્ત થયેલા એવા દેવેન્દ્રો, દેવલોકરૂપ સુખને તૃણ (સરખું) પણ ગણતા નથી જ, તે પ્રભાતે જિનેન્દ્રો મોક્ષને અર્થે થાઓ.–૨

कलङ्कनिर्मुक्तममुक्तपूर्णतं
કલંકથી રહિત નથી મૂકાઇ પૂર્ણતા જેની એવું
कुतर्कराहुग्रसनं सदोदयम् ।
કુતર્કરૂપ રાહુનો ગ્રાસ કરનાર સદા ઉદય પામેલ
अपूर्वचन्द्रं जिनचन्द्रभाषितं
અપૂર્વ ચંદ્ર જિનેશ્વરના કથનને
दिनागमे नौमि बुधैर्नमस्कृतम् ॥ ३ ॥
પ્રભાતે સ્તુતિ કરું છું પંડિતો વડે નમસ્કાર કરાયેલ

**અર્થ**—જે જિનચન્દ્રનું કથન કલંકથી રહિત છે, વળી જેની પૂર્ણતા મૂકાઇ નથી તેમ જ જે કુતર્ક (કરનારા પરદર્શની)રૂપ રાહુનો ગ્રાસ કરનાર છે, વળી જે નિરંતર ઉદય પામેલા અપૂર્વ ચન્દ્રના સમાન છે અને જેને પંડિતોએ નમસ્કાર કરેલો છે તેની હું પ્રભાતે સ્તુતિ કરું છું.–૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જીવવિચારના ગાથાઓ

दशधा भवनपतयः अष्टविधाः व्यन्तराः भवन्ति

**दसहा भवणाहिवई, अट्ठविहा वाणमंतरा हुंति ।**

દસ પ્રકારે ભવનપતિઓ આઠ પ્રકારના વાનવ્યંતરો હોય છે

ज्योतिष्काः पञ्चविधाः द्विविधाः वैमानिकाः देवाः

**जोइसिया पंचविहा, दुविहा वेमाणिया देवा ॥ १ ॥**

જ્યોતિષ્ક પાંચ પ્રકારના બે પ્રકારના વૈમાનિક દેવો

**અર્થ—**ભવનપતિ (દેવો) દસ પ્રકારના અને વાનવ્યંતરો આઠ પ્રકારના હોય છે. જ્યોતિષ્ક દેવો પાંચ પ્રકારના અને વૈમાનિક દેવો બે પ્રકારના હોય છે

दशधा जीवानां प्राणाः इन्द्रियोच्छ्वासायुर्बलरूपाः

**दसहा जियाण पाणा, इंदियऊसासआउबलरूवा ।**

દસ પ્રકારે જીવોના પ્રાણો ઇન્દ્રિયો, ઉચ્છ્વાસ, આયુષ્ય અને બળરૂપ

एकेन्द्रियेषु चत्वारः विकलेषु सप्त अष्ट एव

**एगिंदिएसु चउरो, विगलेसु सत्त अट्ठेव ॥ २ ॥**

એકેન્દ્રિયોમાં ચાર વિકલમાં સાત આઠ જ

**અર્થ—**(પાંચ) ઇન્દ્રિયો, ઉચ્છ્વાસ, આયુષ્ય અને (ત્રણ પ્રકારે) બળ એમ દસ જાતના પ્રાણો જીવોને હોય છે. એકેન્દ્રિયોને ચાર તથા વિકલેન્દ્રિયોને સાત અને આઠ જ (પ્રાણ) હોય છે.

असञ्ज्ञिसञ्ज्ञिपञ्चेन्द्रियेषु नव दश क्रमेण बोद्धव्याः

**असन्निसन्निपंचिं-दिएसु नव दस कमेण बोद्धव्वा ।**

અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયોને વિષે નવ દસ ક્રમથી જાણવા

तैः सह विप्रयोगो जीवानां भण्यते मरणं

**तेहिं सह विप्पओगो, जीवाणं भण्णए मरणं ॥ ३ ॥**

તેમની સાથે વિયોગ જીવોનો કહેવાય છે મરણ

**અર્થ—**અસંજ્ઞી પંચેન્દ્રિયોને અને સંજ્ઞી પંચેન્દ્રિયોને અનુક્રમે નવ અને દસ પ્રાણ જાણવા. એ (પ્રાણો)ની સાથેનો જીવોનો વિયોગ 'મરણ' કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org